
ધંધાદારીઓને હમેશાંને માટે જીંદગી સુધી અતિ ઉપયોગી.

તેજીમંદી ગાઇડ.

અનેક ચીજોની તેજી-મંદી યા વધઘટની સરળ સમજ આપનારૂં પુસ્તક.



સંશોધક અને પ્રકાશક

હિંમતલાલ જી. માસ્તર.

તેજીમંદી ગાઈડ.

રૂ-કપાસ, સુતર, કાપડ, શેરો, સોના ચાંદી વિગેરે ધાતુ, અલસી, એરંડા વિગેરે બીયાં, કરીયાણાં, ઝવેરાત, ઘી, તેલ, ગોળ, ખાંડ વિગેરે રસકસ, ઘઉં, ચોખા વિગેરે અનાજ તથા કેટલીક ગુપ્ત બાબતો દર્શાવનારૂં પુસ્તક.

સંશોધક અને પ્રકાશક,

હિંમતલાલ જી. માસ્તર.

ગીરગામ બેકરોડ-મુંબઈ.

અમદાવાદ-ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

પ્રથમાવૃત્તિ. નકલ ૧૦૦૦.

વિ. સં. ૧૯૭૯. ઇ. સ. ૧૯૨૩.

કિંમત રૂ. ૧૫.

ધંધાદારીઓ પ્રત્યે ખાસ.

જ્યોતિષ શાસ્ત્રને લગતાં જુદાં જુદાં પુસ્તકો જુદા જુદા વિષયોપર અત્યાર સુધીમાં પ્રગટ થઇ ચુક્યાં છે, જેમાંનાં કેટલાંક ગણિતના વિષયોપર, કેટલાંક ફળાદેશના સંબંધમાં અને કેટલાંક ગણિત તથા ફળાદેશ એમ બંને બાબતમાં પ્રસિદ્ધ થયેલાં જણાય છે. પરંતુ તેમ છતાં તેજી મંદીના વિષયોપર અજવાળું નાખનારાં પુસ્તકો ક્વચિતજ જોવામાં આવે છે, એટલે એ દિશામાં વધુ પ્રયત્ન થયેલો જણાતો નથી, જેનું કારણ કદાચ એમ પણ કલ્પી શકાય કે તેજીમંદીની બાબતને લગતાં પુસ્તકો પ્રસિદ્ધ કરવાથી જ્યોતિષીઓના ધંધાને મોટે ભાગે હાનિ પહોંચે; અગર તેમ નહિ તો એવું પણ હોય કે તેજીમંદીની બાબતો કુદરતની સત્તામાં હોવાથી તેમાં હેરફેર થાય તો ગ્રંથકર્તા પોતે આક્ષેપને પાત્ર થાય. ટુંકમાં ગમે તે કારણોને લીધે તેજીમંદીના વિષયોને લગતાં પુસ્તકો તદ્દન જુજ સંખ્યામાંજ નજરે પડે છે.

આ પુસ્તક પ્રસિદ્ધ કરવાનો લાંબા સમયથી મ્હારો વિચાર હતો પરંતુ કેટલાંક ખાસ કારણોને લીધે મ્હારૂં મન પાછું હઠતું હતું, અને હજી પણ લાંબો સમય નીકળી જતે; પરંતુ વખતના વહેવા સાથે મ્હારા વિચારો પણ ફેરવાયા. "સમયનો ભરૂંસો નથી, જીંદગીની સલામતીની ખાત્રી શું?" વિગેરે વિગેરે વિચારોથી આ પુસ્તક પ્રસિદ્ધ

કરવાનો મ્હારો સંકલ્પ દૃઢ થયો. તે બાદ ઘણી ટુંક મુદતમાંજ આ પુસ્તક તમો સન્મુખ રજુ થાય છે.

તેજીમંદીના વિષયો અગર તેને લગતી હકીકત જ્યોતિષશાસ્ત્રના આધારે લખવામાં આવેલ છે, પરંતુ તેમ છતાં કોઈ કોઈ બાબતમાં, સમયને અનુસરીને ઘટતો ફેરફાર કરવામાં આવ્યો છે. વેપારી બજારોને લગતી સલાહ યા તેજીમંદીની રૂખો આપવા સંબંધી છેલ્લાં દશ વર્ષ થયાં મ્હારી પ્રેક્ટીસ ચાલુજ છે, અને તેમાં મળેલા અંગત અનુભવને આધારે ઘટતો સુધારો યા ઘટતો ફેરફાર કરવાની ખાસ જરૂર જણાઇ છે. દાખલા તરીકેઃ–સને ૧૯૧૪ ની લડાઇ પહેલાં જે ગ્રહ ભરૂચ કોટનમાં ૧૫–૨૦ ટકાની ફેરફારી કરતો હતો, તેજ ગ્રહ લડાઇ દરમ્યાન અને હાલમાં પણ ૩૦ થી ૫૦ ટકાની ફેરફારી કરે છે, જે બિના રૂના હમેશના ધંધાદારીઓથી અજાણી નથી. એજ મુજબ બીજાં બજારોમાં પણ વધઘટ થાય છે. ટુંકમાં હમોએ જે સહેજ સુધારો વધારો યા ફેરફાર કર્યો છે તે ઘટતોજ લેખાશે.

હવે આ પુસ્તકની કિંમત તરફ જોતાં સ્વભાવિક રીતે એવો પ્રશ્ન ઉત્પન્ન થશે કે કિંમત ઘણી ભારે છે. તેના સંબંધમાં એટલોજ ખુલાસો પુરતો થશે કે વિદ્વાનો અને વિચારશીલ મનુષ્યો પુસ્તકનાં પાનીયાંની કિંમત લેખતા નથી, પણ તેમાં સમાયલાં તત્ત્વોનીજ કિંમત આંકે છે. આ સ્થળે આ બાબતના ટેકામાં જણાવવાની જરૂર પડે છે કે આવાજ વિષયો ઉપર ઇંગ્રેજી ભાષામાં કોઇ કોઇ પુસ્તક

પ્રસિદ્ધ થયેલ છે જેની કિંમત ૪૦ થી ૬૦ પાઉન્ડ એટલે રૂા. ૬૦૦ થી ૯૦૦ સુધીની રાખવામાં આવી છે, જ્યારે પાનીઆં તો ખાસાં ૨૦૦ થી ૪૦૦ લગભગજ જોઇ લેવાં. આ હિંદ દેશમાં તો આવી કિંમતો મ્હારા માનવા પ્રમાણે ઘણી ચોંકાવનારીજ લેખાશે. વળી બીજા દાખલામાં જોઇએ તો મોતી-ઝવેરાતના હિસાબના એક પુસ્તકની કિંમત રૂ. ૭-૮-૦ જેટલી છે જે પણ પુસ્તકના કદના પ્રમાણમાં તો ઘણી ભારે ગણાય. ટુંકમાં કોઇપણ પુસ્તકની કિંમત તેમાં સમાયલાં તત્ત્વો અને ગ્રંથકર્તાને પડેલી મહેનત ઉપરજ આધાર રાખે છે. વળી તે સાથે મ્હારે એટલું પણ જણાવ્યા સિવાય ચાલતું નથી કે, મ્હારા ધંધાને અંગે જો કોઇ પણ વેપારી બજારની સલાહ યા તેજીમંદીની રૂખ પુછવામાં આવે તો ફક્ત એકજવારની સલાહના રૂ. ૧૫ લેવામાં આવે છે, તો તેવી અનેક ભેદી બાબતો આ પુસ્તકમાં સમાવેશ કરેલી છે, જે સાથે સરખાવતાં આ પુસ્તકની કિંમત શું અંકાવી જોઇએ તે વાંચકોની મુન્સફી ઉપર છોડું છું.

છેવટે ધંધાદારીઓ પ્રત્યે મ્હારી ખાસ વિજ્ઞપ્તિ એ છે કે, મ્હારાથી બની શકે ત્યાં સુધી, તેમજ મ્હારી અલ્પબુદ્ધિ પહોંચી શકે ત્યાં સુધી તેજીમંદીના વિષયોની સત્યતાની ખાત્રી કરવામાં આવી છે, તેમ છતાં પણ તેમાં જો કાંઇ ભિન્નતા જોવામાં આવે તો તે કુદરતની સત્તાને આધીન સમજી લેવું, કારણકે જ્યોતિષનો વિષય-અને તેમાં ખાસ

ફરીને તેજીમંદીનો વિષય ઘણો ગહન છે. જ્યોતિષવિદ્યાથી અમુક ચીજનું ભાવિ અગર મનુષ્યનું ભવિષ્ય ભાખી શકાય છે, પણ તે પ્રમાણે બનવું યા નહિ બનવું તે કુદરતની ઇચ્છાને આધિન છે; જેથી સુજ્ઞ ધંધાદારીઓ મને પોતાને દોષિત નહિ ગણતાં પોતાના ભાવિનેજ પ્રબળ માની લેશે, એવી મ્હારી અંતઃકરણની પ્રાર્થના છે. અસ્તુઃ

હિંમતલાલ જી. માસ્તર.
રાજા બીરભંગીર મેન્શન્સ નં. ૨,
ગીરગામ બેકરોડ, મુંબઇ નં. ૪.

અનુક્રમણિકા.

ॐ

श्री सरस्वतीभ्यो नमः

તેજીમંદી ગાઈડ.

કોઇ પણ વસ્તુની તેજીમંદીનું સ્વરૂપ જાણવા પહેલાં દરેક ધંધાદારીએ ગ્રહ, રાશી અને નક્ષત્ર વિગેરેનાં નામો જાણવાની ખાસ જરૂર છે, કારણ કે તે જાણ્યા સિવાય તેજીમંદીનું સ્વરૂપ સમજી શકાશે નહિ, માટે તે વિષેની સમજ અત્રે શરૂઆતમાંજ આપવી ઠીક થઇ પડશે.

ગ્રહો સંબંધી સમજ.

ગ્રહો નવ છે, જેમનાં નામ નીચે પ્રમાણે;–

૧ સુર્ય અથવા રવિ, ૨ ચંદ્ર, ૩ મંગળ અથવા ભોમ, ૪ બુધ, ૫ ગુરૂ અથવા બૃહસ્પતિ, ૬ શુક્ર અથવા ભૃગુ, ૭ શનિ, ૮ રાહુ, ૯ કેતુ.

આ નવ ગ્રહો પૈકી ચંદ્ર, બુધ, ગુરૂ, શુક્ર, એ ચાર ગ્રહો શુભ ગ્રહ કહેવાય છે. સુર્ય, મંગળ, શનિ, રાહુ અને કેતુ એ પાંચ પાપ ગ્રહો કહેવાય છે. વિશેષમાં બુધ, શુભ અને પાપગ્રહ એમ બંને ગણાય છે, એટલે કે બુધ જો ઉપર જણાવેલા શુભગ્રહની સાથે હોય તો શુભ, અને પાપગ્રહની સાથે હોય તો પાપગ્રહ ગણાય છે, પરંતુ જો બુધ એકલોજ હોય તો તો શુભ ગ્રહજ ગણાય છે.

શુભગ્રહો શુભફળ એટલે સારા ફળને આપનારા છે, જ્યારે પાપગ્રહો અશુભ એટલે નબળા ફળને આપનારા છે. હાલ તો ગ્રહો સંબંધી આટલો ખુલાસો અત્રે પુરતો છે, પણ આગળ ઉપર પ્રસંગોપાત વધુ ખુલાસો આપવામાં આવશે.

રાશીઓનાં નામ.

રાશીઓ બાર છે, જેનાં નામો નીચે મુજબ;—

૧ મેષ, ૨ વૃષભ અથવા વરખ, ૩ મિથુન, ૪ કર્ક, ૫ સિંહ, ૬ કન્યા, ૭ તુલા, ૮ વૃશ્ચિક, ૯ ધન, ૧૦ મકર, ૧૧ કુંભ અને ૧૨ મીન.

નક્ષત્રોનાં નામ.

નક્ષત્રો ૨૭ છે, તે નીચે પ્રમાણે:—

૧ અશ્વિની, ૨ ભરણી, ૩ કૃતિકા, ૪ રોહીણી, ૫ મૃગશીર્ષ, ૬ આર્દ્રા, ૭ પુનર્વસુ, ૮ પુષ્ય, ૯ આશ્લેષા, ૧૦ મઘા, ૧૧ પૂર્વાફાલ્ગુની, ૧૨ ઉત્તરાફાલ્ગુની, ૧૩ હસ્ત, ૧૪ ચિત્રા, ૧૫ સ્વાતિ, ૧૬ વિશાખા, ૧૭ અનુ-રાધા, ૧૮ જયેષ્ટા, ૧૯ મૂળ, ૨૦ પૂર્વાષાઢા, ૨૧ ઉત્તરા-ષાઢા, ૨૨ શ્રવણ, ૨૩ ધનિષ્ટા, ૨૪ શતતારા અગર શત-ભીષા, ૨૫ પૂર્વાભાદ્રપદ, ૨૬ ઉત્તરાભાદ્રપદ, ૨૭ રેવતિ.

વિશેષમાં ઉત્તરાષાઢાના ચોથા ભાગથી આરંભીને શ્રવણની પહેલી ચાર ઘડી પર્યંત અભિજીત નક્ષત્ર ગણાય છે; એટલે ઉત્તરાષાઢાની છેલ્લી ૧૫ ઘડી અને શ્રવણની પહેલી ૪ ઘડી મળી ૧૯ ઘડીનું અભિજીત નક્ષત્ર ગણાય છે.

ઉપરનાં ૨૭ નક્ષત્ર ઉપરાંત અભિજીત નક્ષત્ર ગણતાં એકંદરે ૨૮ નક્ષત્ર ગણાય છે, પરંતુ તેજીમંદીના ધોરણમાં અભિજીત નક્ષત્ર ખાસ જરૂરી નથી, એટલે ઉપર જણાવેલ ૨૭ નક્ષત્રોજ ધ્યાનમાં રાખવાની જરૂર છે.

યોગનાં નામ.

સૂર્ય અને ચંદ્રમાના યોગથી ઉત્પન્ન થયેલા ફક્ત ૨૭ યોગજ છે, જે યોગો પંચાંગના પાંચ અંગોની ગણનામાં મુખ્ય યોગ ગણાય છે, તે ૨૭ યોગનાં નામો નીચે મુજબ છે;–

૧ વિષકુંભ.	૧૦ ગંડ,	૧૯ પરિઘ.
૨ પ્રીતિ.	૧૧ વૃદ્ધિ.	૨૦ શિવ.
૩ આયુષ્યમાન.	૧૨ ધ્રુવ.	૨૧ સિદ્ધ.
૪ સૌભાગ્ય.	૧૩ વ્યાઘાત.	૨૨ સાધ્ય.
૫ શોભન.	૧૪ હર્ષણ.	૨૩ શુભ.
૬ અતિગંડ.	૧૫ વજ્ર.	૨૪ શુક્લ.
૭ સુકર્મા.	૧૬ સિદ્ધિ.	૨૫ બ્રહ્મા.
૮ ધૃતિ.	૧૭ વ્યતિપાત.	૨૬ ઐંદ્ર.
૯ શૂળ.	૧૮ વરીયાન.	૨૭ વૈધૃતિ.

હિંદુ મહિનાઓનાં નામ.

હિંદુ મહિનાઓનાં નામ, હિંદુ કોમ તો જાણતી હશે, પરંતુ પારસી વિગેરે બીજી કોમની જાણ ખાતરે તે અત્રે આપેલ છે. હિંદુ મહિનાઓ બાર છે, જેનાં નામ નીચે પ્રમાણે:—

૧ કાર્તિક યા કારતક, ૨ માર્ગશીર્ષ યા માગશર, ૩ પોષ, ૪ માઘ અગર માહા, ૫ ફાલ્ગુન અગર ફાગણ, ૬ ચૈત્ર, ૭ વૈશાખ, ૮ જ્યેષ્ટ યા જેઠ, ૯ અષાડ, ૧૦ શ્રાવણ, ૧૧ ભાદ્રપદ અગર ભાદરવો, ૧૨ આશ્વિન યા આસો.

શુકલપક્ષ અને કૃષ્ણપક્ષ બાબત.

દરેક માસનાં બે પક્ષ એટલે બે પખવાડીયાં હોય છે. દરેક પક્ષના ૧૫ દીવસ ગણાય છે, એટલે બે પક્ષ મળી એકંદર ૩૦ ત્રીસ દીવસ ગણાય છે.

પ્રથમના પંદર દીવસો શુકલપક્ષ એટલે શુદી પક્ષના ગણાય છે, જ્યારે બાકીના પંદર દીવસો કૃષ્ણપક્ષ એટલે વદી પક્ષના ગણાય છે.

શુકલ પક્ષ–શુદી પક્ષ એટલે અજવાળીયું પખવાડીયું અને કૃષ્ણપક્ષ–વદી પક્ષ એટલે અંધારીયું પખવાડીયું કહેવાય છે.

હિંદુ તીથિઓનાં નામ વિષેની સમજ.

૧ પડવો	૬ છઠ્ઠ	૧૧ અગીયારશ
૨ બીજ	૭ સાતમ	૧૨ બારશ
૩ ત્રીજ	૮ આઠમ	૧૩ તેરશ
૪ ચોથ	૯ નોમ	૧૪ ચૌદશ
૫ પાંચમ	૧૦ દશમ	૧૫ પુનમ

પ્રથમ તીથિને પડવો અગર એકમ પણ કહે છે, જ્યારે છેલ્લી તિથી પુનેમને પૂર્ણિમા પણ કહે છે. શુદી પક્ષ અને વદી પક્ષમાં તિથીઓનાં નામ તો ઉપર જણાવ્યા મુજબ એક સરખાંજ બોલાય છે, પણ વદી પક્ષમાં છેલ્લી તીથિને અમાસ કહેવાય છે, એટલે પુનમને બદલે અમાસ બોલાય છે.

સાત વારનાં નામ વિગેરે.

૧ રવિવાર, ૨ સોમવાર, ૩ મંગળવાર, ૪ બુધવાર, ૫ ગુરૂવાર, ૬ શુક્રવાર, ૭ શનિવાર.

આ પ્રમાણે સાત વારનાં નામ બોલાય છે, પરંતુ જ્યોતિષીઓ, પત્રિકાઓ લખવામાં અથવા પંચાંગમાં કેટલાક વારનાં નામો નીચે પ્રમાણે પણ લખે છે:—

સોમવારને બદલે ચંદ્રવાર, મંગળને બદલે ભોમવાર, બુધને બદલે સૌમ્યવાર, શુક્રને બદલે ભૃગુવાર અને શનિને બદલે મંદવાર લખે છે. પંચાંગોમાં પણ કોઇ કોઇ સ્થળે એ પ્રમાણે લખેલ હોય છે, તે ધ્યાનમાં રાખવું. દાખલા તરીકે ભૃગુ અસ્ત એમ પંચાંગમાં લખેલું હોય તો, ભૃગુ એટલે શુક્રનોઅસ્ત થયો એમ જાણવું.

તેજીમંદી જોવા વિષેની સમજ.

કોઇપણ વસ્તુની તેજી યા મંદી કેટલા દીવસો સુધી ચાલશે, અગર ક્યારે કેટલી વધઘટ થશે, તેનો નિર્ણય

કરવામાં દરેક જુદી જુદી બાબતો—જે આ પુસ્તકમાં બની શકે તેટલી સરળતાથી સમજાવવામાં આવી છે; તે ઉપર ખાસ ધ્યાન આપવાની જરૂર છે. એ સઘળી બાબતોમાં નીચેની બાબતો મુખ્ય છેઃ—

૧ શુદી બીજ (ચાંદબીજ) અને પુનેમનો ચંદ્રમા.

૨ કોઇપણ ગ્રહ એક રાશીમાંથી બીજી રાશીમાં પસાર થતો હોય તે.

૩ કોઇ પણ ગ્રહ એક નક્ષત્ર છોડી બીજા નક્ષત્ર ઉપર આવતો હોય તે.

૪ કોઇપણ ગ્રહનો ઉદય અથવા અસ્ત થયો હોય તે.

૫ કોઇપણ ગ્રહ વક્રી અથવા માર્ગી થતો હોય તે.

૬ સૂર્યની દરેક સંક્રાંતિ બદલાતી હોય તે.

૭ કોઇપણ તીથિનો ક્ષય અગર વૃદ્ધિ થતી હોય તે.

આ સઘળી બાબતો પંચાંગમાં આપેલી હોય છે, એટલે કે અમુક ગ્રહ અમુક રાશીમાં યા નક્ષત્રમાં ક્યારે બદલાય છે, અમુક ગ્રહ અસ્ત–ઉદય યા વક્રી–માર્ગી ક્યારે થાય છે. સંક્રાંતિ ક્યારે બદલાય છે, તે સઘળી બાબતો પંચાંગોમાં આપેલી હોય છે, પરંતુ તે બાબતોનું શું શું ફળ છે, તે બધું આ પુસ્તકમાં જણાવેલું છે, જે વાંચવાથી સમજાશે.

હવે ઉપર જણાવેલી સાત બાબતો ઉપરાંત બીજી ખાસ બે બાબતો પણ ધ્યાનમાં રાખવાની છે, જે ઉપરની

બાબતો કરતાં પણ વધારે જરૂરી છે. તીથિ વાર અને નક્ષત્રના યોગ્યથી પણ મોટી વધઘટો થાય છે. તેમજ જે માસમાં સૂર્યગ્રહણ અથવા ચંદ્રગ્રહણ આવે છે, તે મહિનામાં પણ મોટી વધઘટ થાય છે. એ બે બાબતો પણ સમજાવેલ છે. ટુંકમાં આ પુસ્તકમાં દરેક જરૂરી બાબતોનું વિવેચન કરેલું છે તે લક્ષપૂર્વક વાંચવાથી તેજીમંદીની તમામ વિગતો સહેલાઇથી સમજી શકાશે.

આ પુસ્તકમાં જે જે બાબતો આપવામાં આવી છે, તેની અનુક્રમણિકા ઉપર નજર ફેંકવાથી દરેક ખુલાસો થશે.

ચંદ્રોદય–ચંદ્રદર્શનનું ફળ.

કોઇપણ માસની શુદી ૨ બીજનો ચંદ્રમા ઉગતી વખતે તેનું પાંખડું ઉત્તર તરફનું ઉંચુ એટલે ચઢીયાતું હોય તો તે પક્ષમાં રૂ તથા બીજી જણસોના ભાવ વધશે; અને જો દક્ષિણ તરફનું પાંખડું ઉંચુ હોય તો દરેક વસ્તુના ભાવ ઘટશે, પરંતુ જો બંને તરફનું પાંખડું સરખું હોય-સમાન હોય તો રૂ તથા દરેક ચીજના ભાવ સાધારણ રહેશે.

જો શુદી બીજનો ચંદ્રમા રતાશ યા લાલાશ ઉપર જણાય તો તે પક્ષમાં રૂનો ભાવ તેજ થશે એમ જાણવું.

કોઇપણ મહિનાની શુદી ૧૫ પુનમને દીવસે ચંદ્રમા ઉગતી વખતે એકમનો ભાગ હોય અને સૂર્ય તથા ચંદ્ર સામસામા જણાય તો રૂનો ભાવ ઘણોજ તેજ થશે.

જો પુનેમ પુરી હોય તો, તથા ચંદ્રમા રતાશ પડતો ઉગે તોપણ રૂની પીઠ વધશે. જો વાદળાં હોય અગર ચંદ્રમા ઝંખાશ પડતો ઉગે તો રૂની પીઠ ઘટશે એમ ધારવું.

જો પુનેમને રોજ ચંદ્રમાનું બિંબ ન્હાનું જણાય તો, રૂ તથા બીજી જણસોના ભાવ તેજ થશે, અને જો બિંબ મોટું જણાય તો મંદી થશે એમ સમજવું.

જુદા જુદા વારનું ચંદ્ર–દર્શનનું ફળ.

રવિવારે ચંદ્ર–દર્શન થાય તો શુદી ૧૫ સુધીમાં દરેક જણસના ભાવ મંદા થાય તેમજ રૂની પીઠમાં વધઘટ થાય.

સોમવારે ચંદ્ર–દર્શન થાય તો રૂનો બજાર વધે. ચાંદીમાં ૧॥–૨ ટકા તેજ થાય તેમજ ધાન્યભાવ પણ તેજ હોય.

મંગળવારે ચંદ્ર–દર્શન થાય તો રૂ ચાંદીમાં વધાઘટી થાય.

બુધવારે ચંદ્ર–દર્શન થાય તો ચાંદીમાં વધઘટ થઇ તેજ થાય અને રૂ તથા ખાંડ, સાકર, ગોળ વિગેરે રસ મંદા હોય.

ગુરૂવારે ચંદ્ર–દર્શન થાય તો રૂનો ભાવ વધે, ચાંદીમાં ઘટવધ થાય તથા ઘી કંઇક મોંઘું થાય.

શુક્રવારે ચંદ્ર–દર્શન થાય તો રૂ ચાંદીમાં વધાઘટી થાય, સોનું તેજ થાય. ઉનમાં ૧૫–૨૦ ટકા મંદી અને

કઠોળના ભાવ તેજ થાય. ચાંદીમાં ૧ાા-૨ ટકા વધાઘટી અને સોનામાં ચાર છ આના તેજ થાય.

શનિવારે ચંદ્ર-દર્શન થાય તો રૂ, ચાંદી અને ધાન્યમાં થોડી તેજી થાય.

ચોકસ રાશીમાં ચંદ્રોદયનું ફળ.

મેષ રાશીમાં ચંદ્રોદય થાય તો રૂ, અલસી, ઘઉં, જવ, ચણાના ભાવ તેજ થાય.

મિથુન રાશીમાં ચંદ્રોદય થાય તો રૂ, કપાસ અને સુતરના ભાવ વધે.

તુલા રાશીમાં ચંદ્રોદય થાય તો વેપારની ઘણીખરી વસ્તુઓના ભાવ તેજ થાય.

તીથિ અને વાર ફળનો વિચાર.

કોઇપણ મહિનામાં નીચે જણાવ્યા પ્રમાણે તિથિ અને વાર હોય તો તેનું ફળ નીચે મુજબઃ—

શુદ ૧ બુધવારી હોય તો ચાંદીમાં લગભગ ૧ાા ટકા મંદી થાય અને ઘીના ભાવ વધે.

શુદ ૧ ગુરૂવારી હોય તો બે ત્રણ દીવસમાં ચાંદીમાં કંઇક મંદી થાય.

શુદ ૧ શુક્રવારી હોય તો રૂનો બજાર બે ત્રણ દીવસમાં ૮-૧૦ ટકા વધે.

શુદ ૧ શનીવારી અને શુદ ૧૦ **રવિવારી** હોય તો રૂ તથા ધાન્યના ભાવ તેજ થાય.

શુદ ૧-૮-૧૫ બુધવારી હોય તો રૂમાં કમીમાં ૩૦ થી ૫૦ ટકાની વધઘટ થાય અને વધુમાં વધુ ૭૫ થી ૧૦૦ ટકાની વધઘટ થાય. રૂના ભાવ બહુજ ઉંચા હોય તો ૭૫ થી ૧૦૦ ટકા અને મધ્યમ હોય તો ૩૦ થી ૫૦ ટકા અને ઘણા નીચા હોયતો ૨૫ થી ૩૫ ટકાની વધઘટ થાય. કાંતો વધ, કાંતો ઘટ એમાંથી એક થાય, અગર તો બંને તરફનો ફેરફાર પણ બતાવે. બજારના સંજોગો ઉપર ખાસ ધ્યાન આપવું.

શુદ ૨ બુધવારી, શુદ ૬ રવિવારી અને **શુદ ૧૦ ગુરૂવારી** હોય તો ઘીનો ભાવ મોંઘો થાય.

ગુરૂવારી તીથિનો ક્ષય હોય તથા શુદ ૨ અને સુદ ૧૦ શુક્રવારી હોય તો રૂમાં ૨૦ થી ૨૫ ટકા વધે.

શુદ ૫ ને મંગળવાર હોય તો ચાંદીમાં એક અઠવાડીયામાં થોડી તેજી થાય.

શુદ ૬ ને રવિવાર હોય તો રૂ, ઘી તેજી થાય તેમજ કપાસ, સુતર અને ચોખાના ભાવ દિવસ ૧૫ માં વધી જાય.

શુદ ૬ સોમ, મંગળ કે શનિવારી હોય તો ગોળ, ઘી, ઘઉં અને અલસીના ભાવ મોંઘા થાય.

શુદ ૬ ગુરૂવારી અને શુદી ૧૦ રવિવારી આખી તીથિ હોય તો તે માસમાં રૂના ભાવ એકદમ તેજી થાય.

શુદ ૭ સોમવારી અને શુદ ૧૩ શનિવારી હોય તો તે મહિનો કઠણ, આકરો યા નબળો ગણાય.

શુદ ૧૦ રવિવારી હોય તો શુદી પક્ષમાં રૂ અને ઘીના ભાવ તેજ થાય.

શુદ ૧૫ રવિવારી હોય તો ૧૦ દીનમાં રૂમાં વધાઘટી, અલસીમાં મંદી અને સરસવમાં તેજી થાય.

શુદ ૧૫ શુક્રવારી હોય તો મીલશેરોના ભાવ વધે અને રૂના ભાવ ઘટે.

શુદ ૧૫ શનિવારી હોય તો રૂમાં લગભગ એક મહિનો મંદી રહે.

વદ ૧ ને બુધવાર હોય તો ચાંદીમાં વધઘટ થાય.

વદ ૨ ને રવિવાર હોય તો રૂમાં ૫–૭ ટકા તેજી થાય.

વદ ૬ રવિવારી હોય તો રૂ તથા ઘીના ભાવ વધે.

વદ ૬ રવિવારી અને વદ ૧૦ ગુરૂવારી હોય તો ઘીનો ભાવ વધે.

વદ ૧૦ રવિવારી હોય તો ઘઉં ઘીના ભાવ કંઇક મોંઘા થાય.

વદ ૧૦ મંગળવારી હોય તો ગોળમાં ૦ા ટકો લગભગ તેજ થામ.

વદ ૦)) શનિ, રવિ કે મંગળવારી હોય તો અનાજનો સંગ્રહ કરવાથી લાભ મળે. (વદ ૦)) એટલે વદ અમાસ સમજવી.)

વદ ૦)) રવિવારી હોય તો રૂમાં મંદી થાય.

વદ ૦)) સોમવારી હોય તો પંદર દીવસ આગળના અને પંદર દીવસ પાછળના એ પ્રમાણે એક મહિનામાં ગમે ત્યારે ૧૫–૨૦ ટકા અને ચાંદીમાં ૨ ટકા લગભગ મંદો થાય. ઘણું કરીને આ ફેરફાર 'અમાસની આજુબાજુના ૩–૪ દીવસમાં પણ થઈ જાય છે.

વદ ૦)) ને ગુરૂવાર હોય તો રૂમાં ૮–૧૦ ટકા મંદી થાય.

વદ ૦)) ને શનીવાર હોય તો રૂમાં ૮–૧૦ ટકા તેજી થાય.

વદ ૦)) ને મંગળવાર હોય તો દરેક ચીજના ભાવ તેજ થાય.

રવિવારી તીથિનો ક્ષય હોય અને સોમવારી અમાસ હોય તો રૂમાં ૨૫ થી ૩૫ ટકા ઘટે.

વાર અને નક્ષત્ર ફળનો વિચાર.

કોઇ પણ દીવસે વિશાખા, મૂળ, ધનિષ્ટા અને રેવતિ એ પૈકી ગમે તે નક્ષત્ર હોય તો તે દીવસે રૂનો બજાર લગભગ દશ ટકા વધે અગર છેવટે મજબુત રહે, પરંતુ આ નક્ષત્રો દીનચાં–દીવસનાં નક્ષત્ર હોવાં જોઇએ,

મતલબ કે સૂર્યાસ્ત પછી એ નક્ષત્ર બેસતાં હોય તો તેનું ફળ ગણવું નહિ.

રવિવાર ને **મૂળ** નક્ષત્ર હોય તો રૂમાં કંઇક વિશેષ તેજી બતાવે છે.

કોઇ પણ દીવસે દીનચું નક્ષત્ર **ભરણી** અગર કૃતિકા હોય તો રૂનો બજાર ઘટે છે, પરંતુ જો **રવિવારને** રોજ કૃતિકા નક્ષત્ર હોય તો રૂનો બજાર વધે છે.

સોમવાર ને **શ્રવણ નક્ષત્ર હોય તો** તે દીને રૂમાં મંદી થાય.

વાર અને યોગ ફળ વિચાર.

કોઇ પણ દીવસે **વ્યતિપાત** અને **વૈધૃતિ યોગ** હોય તો તે દીને રૂનો બજાર વધે છે, પણ **રવિવારને** દીને **વ્યતિપાત** યોગ હોય તો આઠ દશ ટકા ઘટે છે.

જે દીવસે, ઉપર જણાવેલાં તેજીનાં નક્ષત્રો પૈકી કોઇ પણ એક નક્ષત્ર હોય તેમજ **વ્યતિપાત** અગર વૈધૃતિ વિગેરે યોગ પણ તેજીનો હોય તો તે દીવસે રૂમાં સારી તેજી થાય.

નક્ષત્ર મંદી બતાવતું હોય અને યોગ તેજી બતાવતો હોય તો તે દીવસે રૂમાં બંને તરફની વધઘટ થાય.

નક્ષત્ર તેજી બતાવતું હોય અને યોગ મંદીનો હોય તો પણ રૂમાં બંને તરફની વધઘટ થાય.

નક્ષત્ર અને યોગ બંને મંદી બતાવતાં હોય તો રૂમાં મંદી સારી થાય.

પુનેમ અને અમાસનો ખાસ વિચાર.

શુદ ૧૫ની ઘડી પાંચ સુધીની હોય તો રૂનો બજાર વધે.

શુદ ૧૫ ની ઘડી ત્રીશ ઉપર હોય તો બજાર ઘટે.

શુદ ૧૫ ની ઘડી વદ અમાસની ઘડી કરતાં વધારે હોય તો ઘી, તથા ખાંડ, સાકર ગોળ વિગેરે રસ મોંઘા થાય ને તે દીવસથી નક્ષત્રની ઘડી વધારે હોય તો રસ– કસ મોંઘાં થાય.

શુદ ૧૫ ની ઘડી કરતાં તે દિવસના નક્ષત્રના ઘડી વધારે હોય તો અનાજના ભાવ ઘટે, પુનેમ અને નક્ષ- ત્રની ઘડી સરખી હોયતો ભાવ સમાન રહે, અને જો નક્ષત્ર કરતાં પુનેમની ઘડી વધારે હોય તો અનાજના ભાવ વધે.

શુદ ૧૫ ને રોજ સ્વાતિ, પુનર્વસુ, શ્રવણ અને ધનિષ્ટા એ નક્ષત્રો પૈકી ગમે તે નક્ષત્ર હોય તો રસકસ મોંઘાં થાય.

શુદ ૧૫ ને દીવસે જો વરસાદ થાય તો ઘી, ઘઉં, અનાજ મોંઘાં થાય.

વદ ૦)) ઘડી ૧૪ કરતાં ઓછી હોયતો રૂ, કપા- સના ભાવ તેજ થાય અને ઘડી ૧૪ કરતાં વધુ હોયતો રૂ, કપાસ અને તેલમાં મંદી થાય.

પખવાડીયાના દિવસોની વધઘટનો વિચાર.

કોઈપણ મહિનામાં શુદ પક્ષમાં ૧૬ દીવસનું પખવાડીયું આવે તો ચાંદીમાં મંદી થાય.

શુદ કે વદમાં ૧૩ દીવસનું પખવાડીયું આવે તો વિવિધ રોગ ચાલે અને અતિ ઉત્પાત થાય.

વદ પક્ષમાં ૧૪ દીવસનું પખવાડીયું આવે તો ચાંદીમાં તેજી થાય.

તીથિ ક્ષય અને વૃદ્ધિ વિચાર.

કોઇપણ માસમાં કોઇપણ તીથિનો ક્ષય હોય અગર તીથિની વૃદ્ધિ હોય, એટલે કે તીથિ ઘટે અગર વધે તો તેનું ફળ નીચે પ્રમાણે જાણવું:—

સુદમાં તીથિ ઘટે તો રૂ, ઘીના ભાવ કંઇક તેજ થાય.

સુદમાં તીથિ વધે તો રૂ, ચાંદીમાં કંઇક મંદી થાય.

વદમાં તીથિ વધે તો રૂમાં ૮–૧૦ ટકા તેજી થાય, અને ચાંદીમાં થોડી મંદી થાય.

વદમાં તીથિ ઘટે તો રૂમાં ૮–૧૦ ટકા મંદી અને ચાંદીમાં થોડી તેજી થાય.

જો બે તીથિ વધે તો ઘી તેલ સોંઘું થાય, અને બે તીથિ ઘટે તો ઘી તેલ મોંઘુ થાય.

કોઇપણ મહિનામાં અમુક–ચોક્કસ તીથિ ઘટે અગર વધે તો તેનું ફળ નીચે દર્શાવ્યા મુજબ:—

જો ૧-૪-૧૪ પૈકી કોઇપણ તીથિ ઘટે તો દુર્ભિક્ષ કરે અને વધે તો સુભિક્ષ કરે.

સુદ ૩ અગર ૪ ની વૃદ્ધિ હોય તો ઘી, મગ મોંઘા થાય.

સુદ ૧૦ નો ક્ષય હોય તો તે માસમાં ઘીનો ભાવ વધે.

સુદ ૧૦ થી સુદી ૧૫ સુધીમાં કોઇપણ તીથિ વધે તો તે મહિનામાં રૂનો ભાવ વધે અને તીથિ ઘટે તો ભાવ ઘટે.

સુદ ૧૧ વધે તો ઘીનો ભાવ ઘટે અને રૂની પીઠ વધે.

સુદ ૧૧-૧૨-૧૩ એ તીથિમાંથી કોઇપણ તીથિ ઘટે તો ઘી મોંઘુ થાય.

સુદ ૧૪ અથવા ૧૫ વધે તો ઘી સસ્તું થાય ને તીથિ ઘટે તો ઘી મોંઘુ થાય.

સુદ ૧૫ વધે તો એક માસમાં ઘી, ઘઉં અને ચોખાના ભાવ ઘટે.

સુદ ૧૫ ની વૃદ્ધિ હોયતો ચાંદીમાં મંદી થાય.

વદ ૬ ની વૃદ્ધિ હોય એટલે વદ ૬ બે હોય તો તે દીનથી રૂનો બજાર વધે.

વદ ૬ નો ક્ષય હોય તો રૂનો બજાર લગભગ

૩૦–૪૦ ટકા વધે, પરંતુ જો વદ ૬ બે ઘડીની અંદર હોયતો રૂમાં ૨૦ થી ૨૫ ટકા લગભગ ઘટી જાય.

વદ ૧૧-૧૨-૧૩ નો ક્ષય હોય તો ઘી મોંઘું થાય.

વદ ૧૦ થી વદ ૦)) સુધીની તીથિ વધે તો રૂનો બજાર તે માસમાં ઘટે અને તીથિ ઘટે તો રૂની પીઠ વધે.

વદ ૦)) ની વૃદ્ધિ હોય તો તેજ મહિનામાં રૂ ઘટે પણ બીજા મહિનામાં ભાવ વધે.

જુદા જુદા માસની તીથિ ક્ષય અને વૃદ્ધિ વિચાર.

કોઇ પણ મહિનાની તીથિ ક્ષય અને વૃદ્ધિ ફળ પાછળ જણાવવામાં આવ્યું છે, પણ હવે દરેક ચોકસ મહિનાઓમાં ચોકસ તીથિનો ક્ષય અગર વૃદ્ધિ હોય તો તેનું ખાસ ફળ નીચે પ્રમાણેઃ—

કાર્તિક સુદ ૧૪ અથવા **૧૫** નો ક્ષય હોય તો ઘઉં, ચોખા, ઘી વિગેરેના ભાવ એક માસમાં તેજ થાય.

માગશર સુદ ૧–૬–૧૧ પૈકી કોઇપણ તિથિ ઘટે તો અનાજ મોંઘુ થાય.

માગશર સુદ ૨–૭–૧૨ પૈકી કોઇપણ તીથિ ઘટે તો **મોટો સંગ્રામ** યા લડાઇ જાગવાનો ભય ઉત્પન્ન થાય.

માગશર સુદ ૩–૮–૧૩ પૈકી કોઇપણ તીથિ ઘટે તો રોગ પેદા થાય.

માગશર સુદ ૪-૯-૧૪ પૈકી કોઇપણ તીથિ ઘટે તો છત્રપતિનો નાશ થાય.

માગશર સુદ ૫-૧૦-૧૫ પૈકી કોઇ પણ તીથિ ઘટે તો સરવે અનાજ મોંઘું થાય.

માગશર વદમાં તીથિ વધે તો તે વરસમાં રાજા-ઓમાં લડાઇ થાય.

પોષ સુદ ૩ અગર સુદ ૪ ની વૃદ્ધિ હોય તો ધાન્ય તેજ થાય.

ફાગણ સુદ ૩-૪-૮ પૈકી કોઇ પણ તીથિ બે હોય તો તે દુઃખદાયક જાણવી.

ચૈત્ર સુદમાં તીથિ ઘટે અને વદમાં તીથિ વધે તો તે વરસમાં અનાજનો દુકાળ જાણવો.

ચૈત્ર સુદમાં તીથિ ઘટે અને વદમાં તીથિ ઘટે તો અનાજ ઘણું નીપજે, ને અતિ સસ્તું થાય.

વૈશાખમાં બે તીથિ ઘટે તો ઘી તેલ મોંઘું કરે અને જો બે તીથિ વધે તો ઘી તેલ સસ્તું થાય.

વૈશાખ મહિનામાં ૧૧-૧૨-૧૩ એ તીથિ ઘટે તો ઘી મોંઘુ થાય.

અષાડ સુદ ૧૫ વધે તો ત્રણ મહિના સુધી અ-નાજ સસ્તું થાય પછી મોંઘુ થાય.

શ્રાવણ સુદમાં કોઇ તીથિનો ક્ષય હોયતો કાર્તિકમાં છત્રભંગ થાય.

ભાદરવા સુદ ૧-૨-૩-૪ પૈકી કોઇપણ તીથિ ઘટે તો છત્રપતિ રાજાનો નાશ થાય.

ભાદરવા શુદ ૧૪ અગર સુદ ૧૫ ની વૃદ્ધિ હોય તો ઘી સસ્તુ થાય અને ક્ષય હોય તો ઘી મોંઘું થાય.

માગશાર, પોષ કે ફાગણ માસમાં શુદ પક્ષમાં તીથિ ઘટે અને નક્ષત્ર વધે તો ઘઉ, જવ વિગેરેમાં બીજે માસે ઘણો લાભ થાય.

પાંચવાર વાળા મહિનાનું ફળ.

કોઇપણ મહિનામાં અગર જે મહિનામાં રવિ, સોમ વિગેરે પાંચવાર આવે તો તેનું ફળ નીચે પ્રમાણે:—

રાગ-ચોપાઇ.

ભય, મોંઘુ અન્ન, રવિ તે પાંચ, ધન ધાન્ય સુખ સોમજ ધાર;
મંગળ ક્લેશ ને બુધ સુખ થાય, ગુરૂથી પશ્ચિમ પીડા સાર,
શુક્રથી સસ્તુ ને સુખ થાય, શનિ ભય, અન્ન મોંઘુ થાય;
પાંચવાર એક માસની માંય, ફળ જાણો અંતરની માંય.

પાંચ રવિવારો મહિનો હોય તો અનાજ મોંઘુ અને ભયકારી થાય.

પાંચ સોમવારો મહિનો હોય તો રૂમાં તેજી, ચાંદીમાં વધઘટ અને ધનધાન્ય સુખસંપત્તિ હોય.

પાંચ મંગળવારો મહિનો હોય તો માસ ક્લેશકારી યા દુઃખકારી જાણવો. સોના ચાંદીમાં સારો ફેરફાર યા વધઘટ થાય.

પાંચ બુધવારો મહિનો હોય તો, ઘી તેલ, ખાંડ, સાકર, ગોળ વિગેરે રસ કસ મોંઘા થાય પણ માસ સુખકારી જાણવો.

પાંચ ગુરૂવારો મહિનો હોય તો કાપડ, સુતર અને મીલશેરોના ભાવ વધે. પશ્ચિમ દેશના લોકોને પીડા થાય.

પાંચ શુક્રવારો મહિનો હોય તો રૂ ચાંદીમાં વધઘટ થઇ મંદી થાય, ઘી વધે તો વેચવું સારૂ છે. સઘળી ચીજો સસ્તી થાય, માસ સુખાકારી જાણવો.

પાંચ શનિવારો મહિનો હોય તો અનાજ મોંઘુ થાય. કોઇ તરેહનો ભય ઉત્પન્ન થાય, યા માસ ઉચ્ચાટકર્તા જણાય.

પાંચ રવિ અને સોમવારો મહિનો હોયતો વેપારની ઘણીખરી વસ્તુઓના ભાવમાં ફેરફાર થાય.

પાંચ સોમ અને મંગળવારો મહિનો હોય તો મીલશેરોમાં સારી વધઘટ થાય—તેજી થઇ મંદી, અગર મંદી થઇ તેજી થાય.

પાંચ મંગળ અને બુધવારો મહિનો હોય તો ગોળ મોંઘો વેચાય. અલસી અને ચાંદીમાં વધઘટ ઘણી થાય.

પાંચ બુધ અને ગુરૂવારો મહિનો હોય તો રૂમાં

મંદી થાય, મીલ શેરોના ભાવ વધે. ચાંદીમાં કાંતો ૨-૩ ટકાની તેજી, કાંતો ૨-૩ ટકાની મંદી થાય. વિશેષ કરીને તેજી થાય, છતાં બજારના સંજોગો ધ્યાનમાં રાખી કામ કરવું.

પાંચ ગુરૂ અને શુક્રવારો મહિનો હોય તો રૂ, ચાંદીમાં બંને તરફનો ફેરફાર થાય.

પાંચ શુક્ર અને શનિવારો મહિનો હોય તો રૂ, ચાંદી, અળસી અને શેરોના ભાવમાં બંને તરફની ફેરફારી સારી થાય.

પાંચ શનિ અને રવિવારો મહિનો હોય તો રૂ, કપાસને નુકસાન થાય.

નવીન બેસતા વરસના વારનું ફળ.

સોમવારને દિવસે નવીન વરસ બેસે તો અનાજનો સંગ્રહ કરવો અને ભાદરવા શુદ ૨ થી તે આસો શુદ ૧૫ સુધીમાં વેચી નાખવું.

મંગળવારને દિવસે નવીન વરસ બેસે તો ખારેક, ગોળ, કપાસીઆ અને પીત્તળ, ભાદરવા મહિનામાં વેચવાથી લાભ થાય, અને અનાજનો સંગ્રહ કરી આસો માસમાં વેચવું.

બુધવારને દિવસે નવીન વરસ બેસે તો ઘી, તેલ, દીવેલ, માખણ, ગોળ, ખાંડ, મજીઠ, સોપારી, મઠ, કપા-

સીઆ, કસુંબો, મરી, સુવાદાણા, વિગેરે ચીજો ફાગણ માસમાં વેચે તો દોઢો લાભ થાય; ત્યારબાદ ભાવ સસ્તા થાય.

ગુરૂવારને દિવસે નવીન વરસ બેસે તો અનાજનો સંગ્રહ કરી શ્રાવણ ભાદરવા સુધીમાં વેચી નાખવાથી લાભ થાય.

શુક્રવારને દિવસે નવીન વરસ બેસે તો આસો કાર્તિકમાં વેચે તો ઘણો લાભ થાય.

શનિવારને દીવસે નવીન વરસ બેસે તો અષાડ શુદ ૧૫ થી અનાજ મોંઘુ થાય, સંગ્રહી રાખવું હોય તો માગશરમાં વેચવું.

રવિવારને દીવસે નવીન વરસ બેસે તો અષાડ માસ પુરો થતાં સુધી ઘઉ, બાજરી અને તલ વેચી નાખવાં, કારણ કે તે પછી વરસાદ થવાથી સસ્તું થાય.

કાર્તિક મહિનાનો ખાસ વિચાર.

કાર્તિક માસ જો પાંચ રવિ, મંગળ કે શનિવારો હોય તો કઠણ જાણવો. રોગ ભય ઉત્પન્ન થાય, તેમજ અગ્નિ ભય પણ જણાય. પાંચ સોમ, બુધ, ગુરૂ કે શુક્રવારો હોયતો માસફળ દરેક રીતે સારૂ જાણવું.

કાર્તિક શુદ ૧ ને બુધવાર હોયતો રસની ચીજો મોંઘી થાય. રસની ચીજો એટલે ખાંડ, સાકર, ગોળ,

કપુર વિગેરે રસની ચીજોમાં ગણાય છે, જ્યારે ઘી, તેલ, દીવેલ વિગેરે ચીજો કસમાં ગણાય છે. જે જે સ્થળે રસ-કસ એવા શબ્દો વાપરવામાં આવે ત્યા ત્યાં ઉપરની બધી ચીજો સમજવી. જો રસ શબ્દ એકલોજ વાપરવામાં આવે તો રસની ચીજોજ સમજવી. કસ શબ્દ એકલોજ વાપરવામાં આવે તો તેની ચીજોજ સમજવી.

શુદ ૫ ને રવિવાર હોય તો અનાજ સંઘરવું, કેમકે અનાજ તથા ધોળી વસ્તુઓના ભાવ વધે.

શુદ ૫ મંગળવાર હોય તેમજ દીનીયું-દીવસનું નક્ષત્ર મૂળ હોય તો અનાજ ઘણું મોંઘું થાય અને શુદ ૫ ને શનિવાર હોય તો વરસ ઘણું ખરાબ પસાર થાય.

શુદ ૭ ને શનિવાર હોય તો અનાજનો નાશ થાય. સફેદ વસ્તુના ભાવ વધે, સંગ્રહ કરનારને ત્રણ માસમાં લાભ થાય.

શુદ ૭ ને રવિવાર હોય તો અનાજ ઘણું મોંઘુ થાય.

શુદ ૯ ને ગુરૂવાર હોય તો ઘઉં, ચણા, ગોળ મોંઘાં થાય.

શુદ ૧૩ ને મંગળવાર હોય તો ગોળ, ત્રાંબુ, હીરા મોંઘા થાય અને અફીણમાં તેજી થાય.

શુદ ૧૫ ને દીવસે કે રાત્રિએ વાદળાં હોય તો ઘીનો ભાવ પાંચ મહિના સુધી મોંઘો રહે યા તેજ રહે.

વદ ૯ ને ગુરૂવાર હોય તો ઘઉં, ચણા, ગોળ મોંઘાં થાય.

વદ ૧૩ ને રવિવાર હોય તો ઘઉં, જવનો ભાવ વધે.

વદ ૦)) ને શનિવાર હોય તો અનાજના ભાવ વધે.

કાર્તિક શુદ ૫ અને પોષ વદ ૦)) એ બન્ને તીથિએ રવિ, મંગળ કે શનિવાર હોય તો અનાજના ભાવ ઘણા વધે.

કાર્તિક વદ ૦)) અને પોષ વદ ૦)) એ બંને તીથિએ રવિવાર હોય તોપણ અનાજના ભાવ તેજ થાય.

કાર્તિક મહિનામાં જો મેઘ ગાજે તો વરસમાં અનાજ મોંઘું થાય, પણ શિયાળુ અનાજ સસ્તુ થાય. ઘાસ ચારો સસ્તો થાય.

માગશર મહિનાનો ખાસ વિચાર.

માગશર માસ, પાંચ રવિવારો હોય તો કાપડ, ઘી, તેલ વિગેરે મોંઘાં થાય, પાંચ સોમવારો હોય તો સુતર, કપાસના ભાવ તેજ થાય. પાંચ મંગળવારો હોય તો કાપડ, સુતર, કપાસ, ઘી, તેલ મોંઘુ થાય. પાંચ બુધવારો હોય તો અનાજ ઘી, તેલ, ખાંડ, સાકર, ગોળ વિગેરે રસ કસ અને કપાસના ભાવ તેજ થાય. પાંચ ગુરૂ કે શુક્રવારે હોય

તો પણ અનાજ, રસકસ અને કપાસ મોંઘાં થાય. પાંચ શનિવારો હોય તો સુતર, કપાસ તેજ થાય.

સુદ ૫ ને ગુરૂવાર હોય તો પાંચ માસ સુધી સુભિક્ષ હોય.

સુદ ૯ ને ચિત્રા નક્ષત્ર હોય તો ધાન્યની તેજી થાય.

સુદ ૯ ને રેવતિ નક્ષત્ર હોય તો દુર્ભિક્ષ કરે.

સુદ ૧૦ ને રવિવાર અને મૂળ નક્ષત્ર હોય તો તલ તેલનો સંગ્રહ કરવાથી જેઠ મહિનામાં લાભ મળે.

સુદ ૧૫ ના રોજે વાદળાં હોય તો અનાજ સંગ્રહ કરવાથી પાંચમે મહિને લાભ થાય.

વદ ૭ ને શુક્રવાર હોય તો રૂ, ઘી અને ધોળી વસ્તુ સોંઘી થાય.

વદ ૧૧ ને બુધવાર હોય તો રૂ, સુતર, કાપડ મોંઘુ થાય.

વદ ૧૪ અથવા ૦)) ના રોજે સૂર્ય વાદળાંથી ઢંકાયલો હોય તો તે વરસમાં અનાજ મોંઘુ વેચાશે.

પોષ મહિનાનો ખાસ વિચાર.

પોષ માસ જો પાંચ રવિવારો હોય તો અનાજ, રસકસ, મોંઘાં થાય. પાંચ સોમવારો હોય તો કોઇ સ્થળે હીમ પડે. પાંચ મંગળવારો હોય તો કઠણુ ગણાય. પાંચ

બુધવારો હોય તો ધાન્ય રસકસ સોંઘા હોય. પાંચ ગુરૂવારો હોય તો કપાસ તથા રસના ભાવ મોંઘા થાય. પાંચ શુક્રવારો હોય તો અનાજ સસ્તું થાય, પણ ઘઉં, ચણા, જવને હીમથી નુકસાન થવાનો સંભવ રહે. પાંચ શનિવારો હોય તો માસ કઠણ જાણવો. ઘી, ખાંડ, રૂ, કપાસ અને નાળીયેરના ભાવ તેજ થાય.

સુદ ૮ કે ૯ ને રોજ જો રેવતિ નક્ષત્ર હોય તો અનાજનો સંગ્રહ કરવો નહિ, કારણકે તે વર્ષમાં અનાજ સારૂ પાકશે.

સુદ ૧૧ જો સૂર્યના તાપ રહીત હોય તો ઘાસ પાકે નહિ, જેથી પશુઓ ભુખે મરે યા નાશ થાય.

સુદ ૧૩ શનિ કે મંગળવારી હોય તો ઘી, ઘઉં સંઘરવા.

વદ ૧ ને રોહીણી નક્ષત્ર હોય તો સાત માસ સુધી અનાજમાં લાભ મળે.

વદ ૫ ને મંગળવાર હોય અને તે દીવસે જો વરસાદના છાંટા થાય તો વરસમાં અનાજ ઘણું પાકશે, પણ અળસી, ઘી અને મજીઠ મોંઘાં થશે.

વદ ૦)) રવિવારી હોય તો ઘી, તેલ, કપાસના ભાવ વધે.

વદ ૦)) ને મુળ નક્ષત્ર હોય તો ઘાસ ચારો, અનાજ સસ્તું થાય.

માહા માસનો ખાસ વિચાર.

માહા માસ જો પાંચ રવિવારો હોય તો ઘી, તેલ, અનાજ મોંઘુ થાય. પાંચ સોમવારો હોય તો સારો ગણાય, અનાજ સસ્તુ થાય. પાંચ મંગળવારો હોય તો રોગ, અગ્નિનો ભય, વિગ્રહનો સંજોગ, પાંચ બુધવારો હોય તો સુખકારી જાણવો. પાંચ ગુરૂવારો હોય તો રૂની ઘરાકી જાગે, નાળીયેર મોંઘાં થાય. પાંચ શુક્રવારો હોય તો પીળી વસ્તુ મોંઘી થાય, પણ માસફળ સારૂ ગણાય. પાંચ શનિવારો હોય તો રસકસ મોંઘાં થાય, પશ્ચિમ દેશમાં મોટો વિગ્રહ થાય.

સુદ ૧ ને રોજ વાયરો તથા વાદળાં હોય તો ખાસ કરીને ઘી, તેલ, સરસવ મોંઘાં થાય.

સુદ ૪ ને રોજ વરસાદ થાય તો નાળીયેર ઘણાં પાકે.

સુદ ૪ ને શનિવાર હોય તો દુર્ભિક્ષ—અનાજનો નાશ થાય, અને અગ્નિભય જણાય.

સુદ ૫ ને રોજ વાદળાં હોય તો ફાગણમાં રૂમાં મંદી થાય.

સુદ ૬ ને રોજ વાદળાં થાય તો ચૈત્રમાં રૂનો બજાર ઘટે અને કપાસમાં પણ મંદી થાય.

સુદ ૬ ને રોજ ફક્ત ગાજવીજ થાય તો રૂનો બજાર તેજી થાય.

સુદ ૫–૬–૭ નાં વાદળાં થાય તો ફાગણ સુદ ૧૫

થી રૂની પીઠ ઘટવા માંડશે, અને ભાવ આસ્તે આસ્તે ઘણા ગગડી જશે.

સુદ ૯ ને રવિવાર હોય, અને તે દીવસે કરા પડે તો ધાતુના ભાવ વધે. વળી જો સુદ ૯ **શનિ કે મંગળવારી** હોય તો ધાતુના ભાવ ઘણા તેજી થાય.

સુદ ૧૫ ને રોજ વાદળાં થાય તો **રૂમાં દોઢ માસ મંદી,** અને ગોળના ભાવ **બાર માસ** તેજી રહે, અને વાદળાં ન થાય તો રૂ તથા કાલામાં તેજી રહે.

સુદ ૧૫ નો ચંદ્રમા ચારે પહોર નિર્મળ હોય તો ઘી, ગોળ, ચોખા, સોપારી **આઠ માસ સુધી મોંઘાં** રહે.

વદ ૭ નાં વાદળાં નહિ હોય તો ફાગણ સુદ **૧ થી** સુદ ૧૫ સુધી રૂનો બજાર તેજી થાય.

વદ ૯ નાં વાદળાં નહિ હોય તો ફાગણ વદ ૧ થી વદ ૦)) સુધી રૂની પીઠ વધે.

વદ ૧૦ ને રોજ વાદળાં ન જણાય તો ચૈત્ર સુદ ૧ થી સુદ ૧૫ સુધી રૂની પીઠ તેજી થાય.

વદ ૧૧ ને રોજ વાદળાં ન હોય તો ચૈત્ર વદ ૧ થી વદ ૦)) સુધી રૂનો ભાવ તેજી થાય.

વદ ૧૨ નાં વાદળાં ન દેખાય તો વૈશાખ સુદ ૧ થી સુદ ૧૫ સુધી રૂનો બજાર ઉંચો જાય.

વદ ૧૩ નાં વાદળાં નહિ હોય તો વૈશાખ વદ ૧ થી વદ ૦)) સુધી રૂનો ભાવ ઉંચો રહે.

વદ ૧૩ ના રોજ આકાશ મેઘથી ઢંકાયલું હોય તો ડોંગર મોંઘી થાય.

વદ ૧૩ ના રોજ હીમ પડે તો પૃથ્વીપર અનાજ ઘણું પાકશે.

વદ ૧૪ નાં વાદળાં નહિ હોય તો જેઠ સુદ ૧ થી સુદ ૧૫ સુધી રૂની પીઠ આકરી રહે.

વદ ૧૪ ને રવિવાર હોય તો મહામારી થાય.

વદ ૦)) નાં વાદળાં નહિ હોય તો જેઠ વદી ૧ થી વદ ૦)) સુધી રૂનો ભાવ તેજ રહે.

વદ ૧૩-૧૪-૦)) એ ત્રણ દીવસ રૂ ઘટે તો લેવું, કારણકે ફાગણ સુદમાં રૂની પીઠ તેજી થશે.

ફાગણ મહિનાનો ખાસ વિચાર.

ફાગણ માસ જો પાંચ રવિવારો હોય તો રૂની ઘરાકી જાગે, ઘાસ પાણીનો સુકાળ હોય, પાંચ સોમવારો હોય તો ખેડુતને લાભકારી જાણવો. પાંચ મંગળવારો હોય તો તેલ સાકરના ભાવ વધે. પાંચ બુધ, ગુરૂ કે શુક્રવારો હોય તો સારો, સુખકારી જાણવો. પાંચ શનિવારો હોય તો ઉત્પાત થાય. ઘાસ પાણીનો સુકાળ હોય, પણ અનાજ મોંઘુ થાય.

સુદ ૨ ને સોમવારે ચંદ્રોદય હોય તો રસ કસ મોંઘા થાય.

સુદ ૨ ને મંગળવારે ચંદ્રોદય હોય તો સર્વે વસ્તુ મોંઘી થાય, અગ્નિ ભય અને રોગની ઉત્પત્તિ થાય.

સુદ ૨ ને મંગળવાર હોય તો રૂ, કપાસ, સુતર, કાપડના ભાવ તેજ થાય.

સુદ ૨ ને બુધવારે ચંદ્રોદય હોય તો રસકસ મોંઘા થાય, તેમજ અનાજ અને સર્વે વસ્તુ **છ માસ સુધી મોંઘી** રહે.

સુદ ૧૫ ના ચંદ્રમાની થડમાં એક ચાંદરડુ હોય તો રૂનો ભાવ તેજી થાય.

સુદ ૧૫ ને રોજ **મઘા નક્ષત્ર** હોય તો ઘી, તેલ મોંઘાં થાય.

વદ ૧૨ ને શુક્રવાર હોય તો રૂ, ઘી અને સફેદ વસ્તુ સસ્તી થાય.

ફાગણ માસનાં બંને પખવાડીયામાં કોઈપણ તીથિના રોજે **શનિ** તથા **મંગળ વક્રી** હોય તો અનાજ ઘણું મોંઘુ વેચાય, એટલે સુધી કે એક મહિનામાં લગભગ **ચારગણા ભાવ** થાય, જેથી તે વખતમાં ખરીદી રાખવું સારૂં છે.

ફાગણ સુદ પક્ષમાં વરસાદ થાય તો રૂનો ભાવ એક માસ સુધી તેજી રહે.

ચૈત્ર મહિનાનો ખાસ વિચાર.

ચૈત્ર માસ જો પાંચ રવિવારો હોય તો રૂ, કપાસ, અનાજ ઘી મોંઘાં થાય, તેમજ શીતળાદિક ઉપદ્રવ વધે.

પાંચ સોમવારો હોય તો રસકસ, કપાસીયા અને અનાજના ભાવ તેજ થાય. પાંચ મંગળવારો હોય તો રસકસ અનાજના ભાવ વધે. પાંચ બુધવારો હોય તો કપાસ મોંઘો થાય. પાંચ ગુરૂવારો હોય તો સુખી, રસકસ, અનાજ સસ્તાં થાય. પાંચ શનિવારો હોય તો લોખંડ, તેલ તલ, અડદ, અફીણ તથા કાળી વસ્તુ મોંઘી થાય. રોગચાળો થાય, કાપડના ભાવ સણુધારણ, પછી મંદી થાય.

શુદ ૧ સોમવારી હોય તો વરસ ઘણું સારૂ નીવડશે. વરસાદ ઘણો તથા અનાજ અને ઘાસની ઉપજ પણ ઘણી સારી થાય.

સુદ ૧ મંગળવારી હોય તો વરસ ભયાનક, ચોર લુટારાનો ત્રાસ, વરસાદની તાણ, અને અનાજના ભાવ એકદમ ઘણા તેજ થાય.

સુદ ૧ બુધવારી હોય તો વરસ સારૂ ગણાય પણ રૂ, કેશર, ગોળ, ઘી તેલના ભાવ તેજી થાય. સોનાની તેજી, અને ચાંદીમાં ૩–૪ ટકાની ઘટવધ થાય, ઘણું કરીને ઘટવધ થઇ મંદી થાય.

સુદ ૧ ગુરૂવારી હોય તો વરસ મધ્યમ જાણવું. સોનાની તેજી થાય.

સુદ ૧ શુક્રવારી હોય તો વરસ મધ્યમ જાણવું. સોનું, રૂ તેજી થાય.

સુદ ૧ શુક્રવારી ઘડી ૨૮ સુધી હોય તો એરંડા મંદી, ને ઘીનો ભાવ તેજ થાય.

સુદ ૧ શનિવારી હોય તો વરસ નબળું ગણાય. રૂ, કપાસ, તેજ થાય. ઢોરોની તાણ–અછત હોય, ઉંચ કોમ દુખી અને નીચ કોમ સુખી થાય. અનાજ તથા રસની હાનિ થાય.

સુદ ૧ રવિવારી હોય તો વરસ મધ્યમ પ્રમાણમાં સારૂં જણાશે. અનાજ, રસકસ તેજી થાય, રૂ અને સોનાંનો ભાવ વધે, વરસાદ થોડો થાય.

શુદ ૧ ની ઘડી વધે તો ઘાસચારો સારો થાય, નક્ષત્રની ઘડી વધે તો અનાજ ઘણું થાય, યોગની ઘડી વધે તો રોગની ઉત્પત્તિ થાય.

શુદ ૧ ને રેવતિ નક્ષત્ર હોય તો વરસાદ ઘણો થાય.

શુદ ૩ નાં વાદળાં થાય તો તલ નીપજે.

શુદ ૮ ને રોજ મંગળ કે બુધવાર હોયતો વરસાદ ન થાય.

શુદ ૧૩ નો વરસાદ થાય તો દુર્ભિક્ષ હોય.

શુદ ૧૫ ને રોજ સોમ, બુધ, કે ગુરૂવાર હોય તો ચોમાસામાં સારો વરસાદ થાય.

વદ ૫ મંગળ કે બુધવારી હોય તો ઘઉં અને ઘી સસ્તાં થાય.

વદ ૫ ને બુધવાર હોય અને એ મહિનામાં અગર એજ દીવસે મંગળ વક્રી હોય તો ઘી તેલ મોંઘાં થાય.

વદ ૫ ને બુધવાર હોય તો ચોખા, ઘઉં મોંઘા થાય.

વદ ૧૧ ને સોમવાર હોય તો મગ, મઠ, બાજરીના ભાવ વધે.

વદ ૧૩ ને મંગળવાર હોય તો એક માસમાં ખાંડ, ગોળ, સાકર, કપુર, સિંધાલુણ, ગીઠું અને પીપરના ભાવ તેજ થાય, નાગરવેલ પાન તથા ચંદનના ભાવ પણ વધે.

ચૈત્ર મહિનામાં ગુરૂ અને શુક્ર, એ બંને ગ્રહો જો એક રાશિ ઉપર આવે તો ઘી, તલ, તેલ અને સુતર સંગ્રહી રાખનારને બે મહિના પછી સારો લાભ થાય.

વૈશાખ મહિનાનો ખાસ વિચાર.

વૈશાખ માસ પાંચ રવિવારો કે સોમવારો હોય તો અનાજ અને રસકસ સોંઘા થાય. ઘી, રૂ, કપાસ, શ્રીફળ તથા ચોખા મોંઘા થાય. પાંચ મંગળવારો હોય તો બાજરી તથા રસકસ મોંઘા થાય. અગ્નિ ભય થાય તેમજ પવનનું તોફાન પણ થાય. પાંચ બુધવારો હોય તો અનાજ તથા રસકસ સસ્તા ને મગ મોંઘા થાય, પાંચ ગુરૂવારો હોય તો અનાજ, રસકસ, લોખંડ, અડદના ભાવ તેજ થાય. પાંચ શુક્રવારો હોય તો રૂ, કપાસ–કપાસીઆ, રસકસ ને બાજરી મોંઘાં થાય. પાંચ શનિવારો હોય તો ઘી, તેલ, કપાસ મોંઘાં વેચાય.

સુદ ૧ શનિ કે રવિવારી હોય તો રસકસ ઘઉંના

ભાવ સસ્તા થાય, ઘીના ભાવ તેજ થાય અને બીજી ચીજો મોંઘી થાય.

સુદ ૩ રવિ કે મંગળવારી હોય તો કેશર, લાળચંદન, મીઠું, ખાંડ અને પીંપળ મોંઘાં થાય.

સુદ ૫ ને બુધવાર હોય તો રસકસ, એરંડા, સરસવ, સોનું, ચાંદી, તાંબુ, પીત્તળ તથા અનાજના ભાવ થોડા વધે.

સુદ ૬ ને શુક્રવાર હોય તો રૂ, સોંઘુ થાય, અને જો સુદ ૬, પૂર્ણ હોય તો અગીયાર માસમાં રૂના ભાવ લગભગ અર્ધા થઇ જાય.

સુદ ૧૦ ને રવિવાર હોય તો રૂ, કપાસીયા, ઘી, સાકરના ભાવ વધે.

સુદ ૧૫ નિર્મળી હોય તો રૂ વધે તથા અનાજ સોંઘુ થાય.

સુદ ૧૫ ને રોજ સ્વાતિ, ધનિષ્ટા યા પુનર્વસુ નક્ષત્ર હોય તો ઘી વિગેરે રસકસ જરૂર મોંઘાં થાય.

વદ ૯ મંગળવારી હોય તો તલ, તેલ, ગોળ, ઘી, ઘઉંના ભાવ વધે.

વદ ૧૧ સોમવારી હોય તો ઘઉં, ચણા અને ગોળ મોંઘાં થાય.

વદ ૧૪ ને શનિવાર હોય તો રૂના ભાવ બમણા થાય.

જેઠ મહિનાનો ખાસ વિચાર.

જેઠ મહિનો પાંચ રવિવારો હોય તો દરેક ધાન્ય મોંઘુ, અને રોગ ઘણો થાય. પાંચ સોમવારો હોય તો અનાજ મોંઘુ તથા સુતર, કપાસ, લોખંડ, અડદ, તલ મોંઘાં થાય. પાંચ મંગળવારો હોય તો કપાસીયા મોંઘા થાય, તથા જાનવરોને પીડા થાય. પાંચ બુધવારો હોય તો સુતર, કપાસ, અડદ, તલ, મગ, લોખંડના ભાવ વધે. પાંચ ગુરૂવારો હોય તો સુતર, કપાસ, ઘી, ખાંડ અને ઘઉં મોંઘાં થાય, પરંતુ અનાજ સસ્તુ થાય. પાંચ શુક્રવારો હોય તો ધાન્ય અને ઘી વિગેરે રસકસ મોંઘાં થાય. પાંચ શનિવારો હોય તો વરસાદ થોડો પડે, અનાજના ભાવ મોંઘા થાય. અગ્નિભય તેમજ પવનનું તોફાન થાય.

સુદ ૧ બુધવારી હોય તો વરસાદનો નાશ થાય.

સુદ ૧ શનિ–રવિ કે મંગળવારી હોય તો અનાજના ભાવ વધે. વરસ નબળું જાણવું.

સુદ ૧ શનિવારી હોય તો વરસાદ થોડો થાય. ઢોર તથા રાજાઓ મરે.

શુદ ૫ ને શનિવાર હોય તો એક માસ સુધી રૂનો ભાવ મંદો રહે.

સુદ ૧૫ ને શનિવાર હોય તો પણ એક મહિના સુધી રૂમાં મંદી રહે.

વદ ૧૦ ને શનિવાર હોય તો પાણીની ઘણી તંગાસ હોય.

વદ ૦)) ને આદ્રા નક્ષત્ર, અષાડ સુદ ૧ ને પુનર્વસુ નક્ષત્ર અને અષાડ સુદ ૨ ને પુષ્ય નક્ષત્ર હોય તો ઘાસ, પાણી અને અનાજનો અભાવ હોય.

અષાડ મહિનાનો ખાસ વિચાર.

અષાડ માસ જો પાંચ રવિવારો હોય તો રસકસ ને મગ મોંઘા થાય. પાંચ સોમવારો હોય તો ,ખોરાકની ચીજો અને સાકર મોંઘી થાય. મેઘ-વૃષ્ટી ઘણી થાય. પાંચ મંગળવારો હોય તો મગ, લીંબું, કાપડ, ને નીલી વસ્તુ મોંઘી થાય. પાંચ બુધવારો હોય તો કાપડ અને મીઠું મોંઘું થાય. પાંચ ગુરૂવારો હોય તો તેલ, ઘી, ટોપરાં, ખાંડ, સાકર, ગોળ અને ચોખાના ભાવ તેજ થાય. પાંચ શુક્રવારો હોય તો માસ સારો જાણવો, ધાન્યના ભાવ સમાન રહે. પાંચ શનિવારો હોય તો રસકસ સસ્તા અને મગ મોંઘા થાય.

સુદ ૨ અને સુદ ૯ ના રોજ સોમ, બુધ, ગુરૂ, શુક્ર પૈકી ગમે તે વાર હોય તો વરસાદ ઘણો થાય. મંગળવાર હોય તો અનાવૃષ્ટિ થાય, અને શનિવાર હોય તો રોગનો ઉપદ્રવ થાય.

સુદ ૮ ને રોજ શનિવાર અને રેવતિ નક્ષત્ર હોય તો વરસાદ ન હોય.

સુદ ૧૧ ને રોજ શનિ, રવિ કે મંગળવાર હોય તો દુકાળ પડે.

સુદ ૧૪ ને રોજ સોમવાર હોય તો અનાજ તથા ઘાસ ન થાય.

સુદ ૧૫ ને દીવસે વરસાદ થાય તો એક માસ સુધી અનાજ મોંઘુ રહે.

સુદ ૧૫ જો સાઠ ઘડીની હોય તો બાર માસ અનાજ સોંઘુ રહે. જો ત્રીશ ઘડીની હોય તો છ માસ સોંઘુ અને જો પંદર ઘડીની હોય તો ચાર માસ સોંઘુ રહે, પછી મોંઘુ થાય, જો પંદર ઘડીથી ઓછી હોય તો ઘણું મોંઘુ અને દુઃખ હોય.

સુદ ૧૫ ને દીવસે પૂર્વાષાઢા નક્ષત્ર ૧૫ ઘડીનું હોય તો સુકાળ થાય, અને ઉત્તરાષાઢા નક્ષત્ર રાતે હોય તો દુકાળ પડે, દરેક ધાતુ સોંઘી થાય, ઘી, તેલ, મજીઠ અને કરીયાણાં મોંઘાં થાય.

સુદ ૧૫ ની રાત્રિએ ચંદ્રમા ન દેખાય તો ચાર માસ સુધી વૃષ્ટિ ન થાય.

વદ ૨ ને સોમવાર હોય અને તે દિવસે જો વીજળીના ચમકારા જણાય તો કઠોળનો નાશ થાય.

વદ ૬ ને શનિવાર હોય તો ઘઉં સંગ્રહ કરવાથી કાર્તિકમા ઘણો લાભ થાય.

વદ ૧૨ ને રોહીણી નક્ષત્ર હોય તો જબરો દુકાળ પડે.

વદ ૧૪ ને રોહીણી નક્ષત્ર હોય તો ઘરબાર છોડવાં પડે, રાજાઓમાં યુદ્ધ હોય તથા પ્રજાને કષ્ટ થાય.

આ મહિનામાં આર્દ્રા નક્ષત્રના પ્રવેશને દીને જો વરસાદ થાય તો દોઢ માસ સુધી વરસાદ થાય નહિ.

શ્રાવણ મહિનાનો ખાસ વિચાર.

શ્રાવણ માસ જો પાંચ રવિવારો હોય તો તલ, તેલ, તથા અનાજ મોંઘાં થાય. પાંચ સોમવારો હોય તો તેલ, ગોળ, મધ મોંઘાં થાય. પાંચ મંગળવારો હોય તો મગ, તેલના ભાવ વધે. પાંચ બુધવારો હોય તો કાપડ, તેલ, મગ મોંઘાં થાય, મેવાડમાં વિગ્રહ થાય, પાંચ ગુરૂ અગર શુક્રવારો હોય તો સારો સુખકારી જાણવો, પણ ધોળી અને રાતી ચીજો ઘણે ભાગે મોંઘી થાય. પાંચ શનિવારો હોય તો ગુજરાતને કષ્ટ થાય. મગ, તેલ અને ધાન્યના ભાવ મોંઘા થાય.

સુદ ૧ બુધવારી હોય તો ચાંદીમાં મંદી થાય.

સુદ ૭ શનિવારી હોય તો વરસાદ સંપુર્ણ હોય.

સુદ ૮ અગર વદ ૮ ને રોજ વરસાદ થાય તો ઘઉંની નીપજને હાનિ થાય.

સુદ ૧૫ નિર્મળી હોય તો સારી નહિ. ઘી તેલનો સંગ્રહ કરવાથી બીજે માસે લાભ થાય.

સુદ ૧૫ અગર વદ ૧ ને રવિવાર, પુષ્ય નક્ષત્ર સહીત હોય તો અનાજ, પાણી અને ઘાસ ન હોય.

સુદ ૧૫ ને રોજ સૂર્ય તથા ચંદ્રને કુંડાળું હોય તો ઘીના ભાવ વધે.

વદ ૧ ગુરૂવારી હોય તો મગ, અડદ, તેલ, તલ, મોંઘા થાય.

વદ ૧ ને રોજ ગર્જના થાય તો દુર્ભિક્ષ હોય, પણ તે દીવસે જો સૂર્ય વાદળાંમાં ઉગે તો વરસાદ સારો થાય અને વરસ પણ સારૂ હોય.

ભાદરવા મહિનાનો ખાસ વિચાર.

ભાદરવો માસ પાંચ રવિવારો હોય તો ઘી, તેલ, અનાજ રૂ, કપાસ સસ્તાં થાય, પાંચ સોમવારો કે મંગળવારો હોય તો રાતી વસ્તુ મોંઘી થાય, ને વિવિધ રોગ ઉત્પન્ન થાય. પાંચ બુધવારો હોય તો સુતર તથા રાતી ચીજ મોંઘી થાય. પાંચ ગુરૂવારો હોય તો સારો ગણાય, અનાજના ભાવ સમધારણ. પાંચ શુક્રવારો હોય તો નીપજ સારી થાય. પાંચ શનિવારો હોય તો રાતી વસ્તુ મોંઘી થાય, વરસાદ અલ્પ હોય.

શુદ ૩ ને શનિવાર હોય તથા આકાશ વાદળાં વિનાનું હોય તો શિયાળુ અનાજનો પાક ન થાય.

શુદ ૮ ને રવિવાર કે સોમવાર હોય અને તે

દિવસે મૂળ નક્ષત્ર પણ હોય તો પાંચ માસ સુધી સોનું અને સુતર મોંઘું હોય.

શુદ ૧૩ ને રોજ છાંટા અગર વરસાદ થાય તો અનાજનો ભાવ બારઆની થઇ જાય.

શુદ ૧૫ નાં વાદળાં હોય તો પછાત–પાછલાં ધાન્યની આશા રાખવી નહિ.

વદ ૭ ને રોજ રોહીણી નક્ષત્ર હોય ને તે દિવસે મંગળ, ગુરૂ શુક્ર કે રવિવાર હોય તો જવ, ઘઉં, ડાંગર, હળદર, જીરૂં, સીસું. પારો, હીંગ, ગોળ, ખાંડ, સાકર, તલ કસ્તુરી વિગેરે ચીજો મોંઘી થશે, માટે તેનો સંગ્રહ કરી ત્રણ મહિના પછી વેચવાથી લાભ ઘણો થાય.

વદ ૮ રવિવારી કે સોમવારી હોય અને તે દિવસે મૂળ નક્ષત્ર હોય તો સણ અને સુતરનો સંગ્રહ કરી પાંચ માસ પછી વેચે તો લાભ થાય.

વદ ૦)) રવિવારી હોય તો ઘાસ, ઘી અને ધાન્ય તેજ હોય. સોમ કે શનિવારી હોય તો તલ મોંઘા થાય. મંગળ કે બુધવારી હોય તો અનાજના ભાવ તેજ હોય.

આસો મહિનાનો ખાસ વિચાર.

આસો માસ જો પાંચ રવિવારો હોય તો મજીઠ તેમજ રાતા રંગની વસ્તુ મોંઘી થાય. પાંચ સોમવારો હોય તો રસકસ મોંઘા થાય. પાંચ મંગળવારો હોય તો કપાસ,

ઘી, ખાંડ, સાકર, ટોપરાં મોંઘાં થાય. અનાજ સસ્તું થાય પણ ચોખા મોંઘા થાય. પાંચ બુધવારો હોય તો સુતર, મજીઠ, ઘઉં, ચણા વિગેરે કઠોળ તથા રસકસ મોંઘા થાય. પાંચ ગુરૂવારો હોય તો સારો ગણાય. પાંચ શુક્રવારો હોય તો ઘઉં, ચણા, ગોળ મોંઘાં થાય. પાંચ શનિવારો હોય તો મજીઠ, તાંબુ, તેમજ રાતી વસ્તુ ને ગોળ મોંઘાં થાય.

શુદ ૪ રવિવારી હોય તો ઘી વેચવાથી અને અનાજ ખરીદ કરવાથી લાભ થાય.

શુદ ૮ બુધવારી હોય તો અનાજ સંગ્રહ કરી કાર્તિકમાં વેચવાથી ઘણો લાભ મળે.

શુદ ૯ ને **મંગળવાર** હોય તો અડદ, કપાસનો સંગ્રહ કરી ચૈત્રમાં વેચવાથી ઘણો લાભ મળે.

શુદ ૧૦ ને રવિવાર હોય તો રૂનો બજાર ઘટે.

શુદ ૧૦-૧૧-૧૨ એ ત્રણે દીવસોમાં જો વીજળી થાય તો ઘઉંના પાકને હાનિ થાય.

શુદ ૧૫ નો વરસાદ થાય તો રૂમાં ૨૦ દીવસમાં ૩૦-૩૫ ટકા ઘટે.

શુદ ૧૫ ના ચંદ્રમાની નજીક એક ચાંદરડું હોય તો રૂના ભાવ વધે.

વદ ૫ ને રવિવાર હોય તો ઘીનો ભાવ માહા-વદ ૦)) સુધી ખાસ કરીને મોંઘો રહે.

વદ ૮ ને રોજ ગુરૂ કે શનિ વક્રી હોયતો સુતર, મજીઠ મોંઘાં થાય.

વદ ૧૧ બુધ કે સોમવારી હોય તો ગાય ભેંસોની કીંમત ઘણી વધે.

વદ ૦)) ને શનિવારની દીવાળી હોય તો અનાજમાં તેજી થાય.

આસો વદ પક્ષમાં શનિ રાહુ એક રાશીપર હોયતો શણ, સુતર, ઘી, તેલના ભાવ તેજ થાય.

સંક્રાંતિ વિચાર.

સૂર્ય એક મહિને એક રાશી પુરી કરે છે, એ પ્રમાણે અનુક્રમે બાર રાશીમાં સૂર્ય ફરે છે, એટલે સૂર્યની બાર સંક્રાંતિ કહેવાય છે. સૂર્ય મેષરાશીમાં પ્રવેશ કરે એટલે મેષ સંક્રાંતિ બેઠી, એમ કહેવાય છે. વૃષભ રાશીમાં પ્રવેશ કરે એટલે વૃષભ સંક્રાંતિ બેઠી કહેવાય છે, એ મુજબ બારે રાશીમાં પ્રવેશ કરે તે, બાર સંક્રાંતિ કહેવાય છે.

સંક્રાંતિઓની મૂર્તિઓની સમજ.

અશ્વિની, કૃતિકા, મૃગશીર્ષ, પુષ્ય, મઘા, પૂર્વાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, અનુરાધા, મૂળ, પૂર્વાષાઢા, શ્રવણ,

ધનિષ્ટા, પૂર્વાભાદ્રપદ, અને રેવતી એટલાં નક્ષત્રોને રોજ સૂર્યની જે સંક્રાંતિ બેસે, તેની ૩૦ ત્રીશ મૂર્તિઓ જાણવી.

ભરણી, આર્દ્રા, આશ્લેષા, શતતારા, જ્યેષ્ટા અને સ્વાતિ એટલાં નક્ષત્રોને રોજ સૂર્ય સંક્રાંતિ બેસે તેની ૧૫ પંદર મૂર્તિઓ જાણવી.

રોહીણી, પુનર્વસુ, વિશાખા, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા અને ઉત્તરાભાદ્રપદ, એટલાં નક્ષત્રોને રોજ સૂર્યની સંક્રાંતિ બેસે તો તેની ૪૫ પીસ્તાલીશ મૂર્તિઓ જાણવી.

સૂર્યની સંક્રાંતિ ૩૦ મૂર્તિએ બેસે તો તે માસમાં રસકસ તથા અનાજના ભાવ બેઠા રહે.

૧૫ મૂર્તિએ સંક્રાંતિ બેસે તો તે માસમાં અનાજ તથા રસકસના ભાવ વધે.

૪૫ મૂર્ત્તિએ સંક્રાંતિ બેસે તો તે માસમાં અનાજ તથા રસકસના ભાવ ઘટે.

ઉભે, સુતે અને બેઠે કરણે સંક્રાંતિ.

વળી જે વખતે સૂર્ય સંક્રાંતિ બેસે તે વખતે કિંસ્તુઘ્ન શકુની, કૌલવ એ પૈકી કોઇ પણ કરણ હોય તો તે સંક્રાંતિ ઉભે કરણે બેઠી એમ સમજવું. ઉભે કરણે સંક્રાંતિ બેસે તો તે માસમાં રસકસ ઓછા થાય અને અનાજ વિગેરે મોંઘુ વેચાય.

તૈતિલ, નાગ અને ચતુષ્પદ એ પૈકી કોઇપણ કરણ હોય તો તે સંક્રાંતિ સુતે કરણે બેઠી એમ સમજવું. સુતે

કરણે સંક્રાંતિ બેસે તો તે માસમાં અનાજ તથા રસકસ સસ્તાં વેચાય.

ગર, વિષ્ટિ, બવ, વણિજ અને બાલવ, એ પૈકી કોઇપણ કરણ હોય તો તે સંક્રાંતિ બેઠે કારણે બેઠી, એમ સમજવું. બેઠે કારણે સંક્રાંતિ બેસે તો તે માસમાં રસકસ તથા અનાજ વિગેરેના ભાવ સ્થિર રહે.

બારે સંક્રાંતિના વારનું ફળ.

ચૈત્રની મેષ સંક્રાંતિ રવિવારી હોય તો ઘી, તેલ, ખાંડ, ગોળ, સાકર, અનાજ, કઠોળ, વિગેરે મોંઘાં થાય. રૂ, કપાસ ઘટવધ થઇ અંતે તેજ રહે. મસી, મજીઠ, મીણ, સિંદુર, કેસર મોંઘાં હોય. **સોમવારી** હોય તો રૂ, કપાસ, ખાંડ, કપુર, ઘી, તેલ તેજ થાય. **મંગળવારી** હોય તો મીણ, મજીઠ, મસી, સિંદુર અને દાંત મોંઘા થાય. **બુધવારી** હોય તો સર્વે ચીજો સોંઘી થાય, તેમજ પ્રજામાં સુખ શાંતિ હોય, **ગુરૂ કે શુક્રવારી** હોય તો પણ દરેક ચીજ સસ્તી થાય. **શનિવારી** હોય તો ધાન્ય કઠોળ તેજી થાય, તેમજ ભય જણાય, અગર નબળું ફળ માલુમ પડે. આ સંક્રાંતિમાં વરસાદ થાય તો વૈશાખ જેઠમાં ઘાસ મોંઘુ થાય.

વૈશાખની વૃષભ સંક્રાંતિ રવિ, મંગળ કે શનિવારી હોય તો નબળી ગણાય. રૂ, કપાસ, ઘી, તેલ, ખાંડ, સાકર, ગોળ, સોપારી, કરીયાણાંની ચીજો, મજીઠ,

ફળ, ફુલ, ચણા, લોંગ, જુવાર, ઘઉં વિગેરે ચીજો મોંઘી થાય. **સોમવારી** હોય તો પ્રજામાં આનંદ, ધાન્ય સસ્તું થાય. બુધ, ગુરૂ કે **શુક્રવારી** હોય તો સુખાકારી ગણાય રસની ચીજોના ભાવ સમાન હોય.

જેઠની મિથુન સંક્રાંતિ રવિ, મંગળ કે શનિવારી હોય તો ધાન્યના ભાવ તેજી થાય. **બુધવારી** હોય તો સઘળી ચીજોના ભાવ સમાન રહે. પ્રજા, સુખી રહે, **સોમ,** ગુરૂ કે **શુક્રવારી** હોય તો રૂ, કપાસ, સુતરના ભાવ તેજ થાય, સિંધુ દેશમાં અનાજનો નાશ થાય.

અષાડની કર્ક સંક્રાંતિ **રવિવારી** હોય તો અનાજના ભાવ બહુ તેજી થાય. સોના ચાંદી પણ તેજી થાય. **સોમવારી** હોય તો રસ કસ સોંઘા થાય. **મંગળવારી** હોય તો વિગ્રહ થાય, ધાન્યભાવ તેજી હોય. **બુધવારી** હોય તો સોના ચાંદીના ભાવ સસ્તા થાય. ગુરૂવારી હોય તો ગોળ મોંઘો થાય. **શુક્રવારી** હોય તો કરા પડે, વરસાદ ઘણો વરસે. **શનિવારી** હોય તો સોના ચાંદીના ભાવ અતિશય તેજી થાય. ધાન્ય પણ તેજી થાય.

શ્રાવણની સિંહ સંક્રાંતિ રવિવારી હોય તો વરસાદ થોડો, છતાં અનાજ ઘણું નીપજે, **મંગળવારી** હોય તો વરસાદ ઘણો થાય, પણ પ્રજાને પીડા થાય યા છત્રભંગ થાય, **સોમ,** બુધ કે **ગુરૂવારી** હોય તો સુકાળ થાય. **શુક્રવારી** હોય તો ખેતીનો બિગાડ કરે. **શનિવારી** હોય તો દરેક વસ્તુ મોંઘી થાય. મેઘવૃષ્ટિ થાય, પણ દરેક

અનાજ, કઠોળ રસ કસ તમામ વસ્તુ મોંઘી થાય.

ભાદરવાની કન્યા સંક્રાંતિ રવિવારી હોય તો વરસાદ ઠીક ઠીક, અનાજના ભાવ સાધારણ. **સોમવારી** હોય તો સુખાકારી, ગુરૂ કે **શુક્રવારી** હોય તો વરસાદ સારો; અનાજના ભાવ સસ્તા થાય. પ્રજા સુખી રહે. **મંગળ કે શનિવારી** હોય તો વરસાદ થોડો, અનાજના ભાવ તેજી થાય. સિંધુ દેશે વિગ્રહ થાય, **બુધવારી** હોય તો અનાજ સસ્તુ હોય, છતાં લોકો કંઇક દુઃખી હોય.

આસોની તુલા સંક્રાંતિ રવિવારી હોય તો નબળી. બ્રાહ્મણ અને ગાયોને કષ્ટ થાય. **સોમવારી** હોય તો ધાન્યની ઉત્પત્તિ વધારે થાય. **મંગળવારી** હોય તો ડાંગર ઘણી નીપજે. **બુધવારી** હોય તો વિવિધ વ્યાધિની ઉત્પત્તિ થાય. **ગુરૂવારી** હોય તો જુવાર ઘણી થાય. **શુક્રવારી** હોય તો રૂ, કપાસ અને સુગંધિક પદાર્થો મોંઘા થાય, અનાજ સસ્તુ થાય. **શનિવારી** હોય તો ધાન્યના ભાવ તેજી થાય.

કારતકની વૃશ્ચિક સંક્રાંતિ રવિવારી હોય તો ધાન્ય વધારે પાકે. **મંગળવારી** હોય તો અનાજ, ખાંડ, સાકર, ગોળનો સંગ્રહ કરવાથી ત્રણ મહિનામાં સારો લાભ થાય, તલ, તેલ, કપાસ મોંઘાં થાય. **સોમ કે બુધવારી** હોય તો ઘી, અનાજ સસ્તું થાય, સિવાય બીજી જણસો મોંઘી રહે. **ગુરૂવારી** હોય તો રસ કસ અને ધાન્ય સસ્તુ થાય. અળસીમાં મંદી થાય. **શુક્રવારી** હોય તો સુતર,

કપાસ મોંઘા અને ઘી, ચોખા, મગ સોંઘા થાય. શનિ-વારી હોય તો ઘણું કરીને ખેતીને નુકસાન થાય.

માગશરની ધન સંક્રાંતિ રવિ, મંગળ કે શનિવારી હોય તો રૂ, કપાસ, સુતર, ઘી, તેલ, સોનું, ઘણાં મોંઘાં થાય, સોમવારી હોય તો રૂનો ભાવ અષાડ સુદ ૧૫ પહેલાં ઢોઢો થાય. બુધ કે ગુરૂવારી હોય તો પ્રજા સુખી થાય, અનાજ સસ્તુ થાય. શુક્રવારી હોય તો રૂના ભાવ વૈશાખ સુદ ૧૫ સુધીમાં લગભગ અડધા થઇ જાય, પણ જો ભાવ ઘણા નીચા હોય તો અડધા નહિ થતાં ૫૦ ટકા ઉપરાંત મંદી આવે. ધન સંક્રાંતિ મંગળવારી હોય તો કોઇ સ્થળે ધરતી કંપ થાય.

માગશર વદ ૧૨ ને મંગળવાર હોય અને તેજ દીવસે સંક્રાંતિ બેસે તો આગલા વરસનો નાશ થાય.

પોષની મકર સંક્રાંતિ રવિવારી હોય તો ઘી, તેલ અનાજના ભાવ ઘણા મોંઘા થાય, તેમજ દરેક વસ્તુ મોંઘી થાય, રાજ્યમાં વિગ્રહ થાય. સોમવારી હોય તો ધાન્ય ઘણું સસ્તુ થાય. મંગળવારી હોય તો અનાજના ભાવ વધે. બુધ, ગુરૂ કે શુકરવારી હોય તો દરેક ચીજ સસ્તી થાય, તેમજ અનાજ ઘણું નીપજે. શનિવારી હોય તો અનાજના ભાવ બેહદ મોંઘા થાય.

માહાની કુંભ સંક્રાંતિ રવિવારી હોય તો ક્ષત્રિયોને પીડા થાય. સોમવારી હોય તો ઘી, કપાસ, મગ, ચણા, વાલ, મસુર અને જુવારના ભાવ વધે. ખાસ

કરીને જુવાર, બાજરી અને મગ મોંઘા થાય. **શુકરવારી** હોય તો સરખા ભાવ રહે. **શનિવારી** હોય તો સાધુ સંતને પીડા થાય. મીઠું–લવણ અને અનાજનો સંગ્રહ કરવાથી તેમજ ઘી વેચવાથી લાભકારી થાય. જો સંક્રાંતિના દીવસે છાંટા થાય તો પૃથ્વીમાં સઘળું અનાજ પાકે, ગાયો ઘણું દુધ દે.

ફાગણની મીન સંક્રાંતિ રવિ, મંગળ કે શનિવારી હોય તો દરિયામાં ઉત્પન્ન થતી ચીજો તથા રૂ, ઘી, તેલ વિગેરે રસકસ મોંઘાં થાય. **સોમવારી** હોય તો, પશુ, પક્ષીને પીડા થાય. **મંગળવારી** હોય તો સોનું તેજ થાય. **બુધવારી** હોય તો અનાજ સસ્તુ થાય. **ગુરૂવારી** હોય તો રસકસ સોંઘા થાય. **શુકરવારી** હોય તો કેટલીક ધોળી ચીજો સોંઘી થાય. લોક સુખી હોય. **શનિવારી** હોય તો ઉલ્કાપાત કરાવે.

સૂર્યનું નક્ષત્ર પ્રવેશનું ફળ.

અશ્વિની નક્ષત્રમાં સૂર્યનો પ્રવેશ થાય તો રૂ, અળસી, તલ, તેલ, ફુલ, તેમજ સુગંધિક પદાર્થોના ભાવ તેજ થાય.

ભરણી નક્ષત્ર પર સૂર્ય આવે તો તલ, તેલ, અનાજ, ગોળ, સાકર, ઘી, અળસી, લાલ મરચાં, કઠોળ તેજ થાય. રૂમાં ૨૦–૨૫ ટકા તેજી, તથા સોના ચાંદી વિગેરે ધાતુના ભાવ પણ તેજ થાય.

કૃતિકા નક્ષત્ર પર સૂર્ય આવે તો ઘઉં, ચાવલ, કઠોળ, સોપારી, મરચાં, રાઇ, સરસવ, એરંડા, અળસી, તેજી થાય.

રોહીણી પર સૂર્ય આવે તો ચાંદીમાં ૨–૩ ટકા મંદી; તલ તેલ, એરંડા, અળસી, સરસવ, ગોળ, સાકર, સોપારી, મરચાં, રાઈ, હીંગ, ખજુર, કપાસ તેજી થાય. રૂમાં ૧૦–૧૫ ટકા તેજી થાય.

મૃગશીર્ષ નક્ષત્રમાં સૂર્યનો પ્રવેશ થાય તો કાપડ, સુતર, સોના ચાંદી તેજી થાય. જુવાર અને કઠોળના ભાવ મોંઘા થાય. રૂ માં ૩૦–૩૫ ટકાની ઘટવધ થઈ અંતે મંદી થાય.

આર્દ્રા પર સૂર્યનો પ્રવેશ થાય તો રસ કસ, રૂ, સુતર, અળસી એરંડા, લોખંડના ભાવ તેજી થાય તથા અનાજ કઠોળના ભાવ મોંઘા થાય.

પુનર્વસુ નક્ષત્રમાં સૂર્યનો પ્રવેશ થાય તો રૂમાં ૧૦–૧૫ ટકા તેજી થાય. ધાન્ય ભાવ મોંઘા થાય. અળસી, સરસી, એરંડા, રસકસ, હરડે, ગળી, તથા સફેદ ચીજોના ભાવ તેજ થાય.

પુષ્ય પર સૂર્ય આવે તો અનાજ, કઠોળ, રસકસ, સોપારી, હીંગ, હળદ, લાખ, સણ, ઉન, ખજુર, રેશમ, સીસું, સોનું, ચાંદી, કેશર કસ્તુરીના ભાવ તેજ થાય, રૂમાં ૨૦–૨૫ ટકા તેજ થઇ પછી મંદી થાય.

આશ્લેષા પર સૂર્ય આવે તો સોનું ચાંદી અને પ્રોમીસરી નોટના ભાવ તેજ થાય. અળસી, એરંડા અને રસકસના ભાવ મોંઘા થાય.

મઘા નક્ષત્ર પર સૂર્ય આવે તો રૂ, ચાંદી, કપાસ, તલ, તેલ વિગેરેના ભાવ તેજ થાય.

પૂર્વાફાલ્ગુની નક્ષત્રમાં સૂર્યનો પ્રવેશ થાય તો ચાંદી, સોનું તેજી, રૂ, સુતર, કાપડ, ઘી, તેલ, તલ, અનાજના ભાવ આકરા થાય એટલે તેજી થાય.

ઉત્તરાફાલ્ગુની પર સૂર્ય આવે તો રૂમાં થોડીક મંદી થાય. કપાસ, રસકસ, ભોંયસીંગ, એરંડા, અલસીના ભાવ વધે.

હસ્ત પર સૂર્ય આવે તો કપાસ, ચાવલ, કઠોળ, કાષ્ટ, કોલસા, સિંધવ, નિમક અને રસકસ તેજ થાય.

ચિત્રામાં સૂર્યનો પ્રવેશ થાય તો રૂ, સુતર, કાપડ, ચાંદી, સોનું, તેજ થાય, તેમજ નાળીયેર, ભોંયસીંગ, રસકસ, ઘઉં, કઠોળ અને ચાવલના ભાવ મોંઘા થાય.

સ્વાતિમાં સૂર્ય આવે તો રૂ, સુતર, કપડાં, અલસી, ચાંદી, સુવર્ણ વિગેરે ધાતુ, શણુ, રેશમ, બારદાન અને રસકસ તેજી થાય.

વિશાખામાં સૂર્યનો પ્રવેશ થાય તો રૂ, અલસી, ઘઉં, તલમાં તેજી થાય. ચાંદીમાં ઘટવધ થઇ તેજી થાય.

અનુરાધા પર સૂર્ય આવે તો સોનું, ચાંદી, મોતી,

ઉન અને કપડાંના ભાવ મંદા થાય. ઘઉં, અલસી, મરચાં તેજી થઇ મંદી થાય.

જ્યેષ્ઠામાં સૂર્યનો પ્રવેશ થાય તો રૂ, સુતર, અલસી એરંડા, ઘી, તેલ, કપુરમાં સાધારણુ તેજી થાય. ચાંદીમાં પણુ કંઇક તેજી થાય.

મૂળ નક્ષત્રમાં સૂર્ય આવેતો રૂ, કપાસ, સુતરમાં તેજી થઇ મંદી થાય, ચાંદી અને સોનામાં ઘટવધ થાય.

પૂર્વાષાઢા પર સૂર્ય આવે તો અલસી, કપાસીયા, ખાંડ, કેસર અને ફુલ તેજી થાય. ધાન્ય સસ્તાં થાય.

ઉત્તરાષાઢા પર સૂર્ય આવે તો કપાસ, સુતર, કપડાં, એરંડા તેજ થાય. ખાંડ, સાકર, લાખ, નિમક, અનાજ અને કઠોળના ભાવ વધે.

શ્રવણુમાં સૂર્યનો પ્રવેશ થાય તો અલસીમાં લગભગ ૧ ટકો તેજી થાય. સોનું, ચાંદી, તાંબા પીતળ, રૂ અને રસકસ મોંઘાં થાય, તથા અનાજના અને ઘઉંના ભાવ વધે.

ધનિષ્ઠાપર સૂર્ય આવે તો, ઘઉં, કઠોળ, તેજ થાય. ચાંદીમાં ૧ાા–૨ ટકા તેજ થાય.

શતતારા અગર શતભીષામાં સૂર્યનો પ્રવેશ થાય તો ભોંયસીંગ, તેલ, તલ, એરંડા, સરસવ તેજી થાય તથા સોનું, ચાંદી વિગેરે ધાતુ પણુ મોંઘી થાય.

પૂર્વાભાદ્રપદ પર સૂર્ય આવે તો સુતર, રૂ, વસ્ત્ર, સોનું, ચાંદી તેજી થાય. ગોળ સાકર મોંઘાં થાય.

ઉત્તરાભાદ્રપદ પર સૂર્ય આવે તો ચાંદીમાં કંઈક તેજી થાય. અગરબતી, ચંદન, ઘી, તેલ, સુંઠ, જીરૂં, હળદ, મેથી, મરી વિગેરે મોંઘાં થાય.

રેવતિમાં સૂર્યનો પ્રવેશ થાયતો નારીયેળ, સોપારી કરીયાણાંના ભાવ તેજી થાય. અનાજના ભાવ પણ વધે.

મંગળનું નક્ષત્ર પ્રવેશ ફળ.

અશ્વિનીપર મંગળ આવે તો ટાઢ સખ્ત પડે, હલકાં ધાન્ય મોંઘાં થાય તથા ચાંદીમાં મંદી થાય.

ભરણીપર મંગળ આવે તો અનાજ, કઠોળ તેજી થાય.

કૃતિકા પર મંગળ આવે તો ઘઉંનો ભાવ કંઇક તેજી થાય.

રોહીણીમાં મંગળ પ્રવેશ કરે તો કપાસ, સુતરને કપડાં મોંઘાં થાય.

મૃગશીર્ષમાં મંગળ આવે તો કપાસ અને તલના પાકને હાનિ થાય.

આર્દ્રામાં મંગળ આવે તો રૂ, સુતર, કપાસ, અળસી, એરંડા, રસકસ અને દરેક અનાજ મોંઘુ થાય. જો મંગળ સાથે સૂર્ય પણ હોય, એટલે સૂર્ય મંગળ બંને હોય તો વધુ તેજી થાય.

આશ્લેષામાં મંગળ પ્રવેશ કરે તો ચાંદીમાં મોટી મંદી આવે.

મઘામાં મંગળનો પ્રવેશ થાય તો વરસાદની તાણુ પડે. અડદ, મગ, વિગેરે કઠોળ ધાન્યનો નાશ થાય, તેમજ બીજું અનાજ પણ મોંઘુ થાય.

પૂર્વાફાલ્ગુનીમાં મંગળ આવે તો તલનો ભાવ તેજી થાય.

હસ્તમાં મંગળ આવે તો વરસાદ કમી, અનાજ થોડું નીપજે, ઘી સોંઘુ થઇને મોંઘુ થાય. કપુર તેજી થાય.

ચિત્રામાં મંગળ આવે તો સોનું તેજી થાય. અનાજ તથા ઘઉંના ભાવ વધે.

સ્વાતિમાં મંગળ આવે તો રૂ, જુનાં વસ્ત્ર, સોના ચાંદી વિગેરે ધાતુ, ઘઉં અને રસના ભાવ તેજ થાય.

વિશાખાપર મંગળ આવે તો ઘઉં, કપાસના ભાવ મોંઘા થાય.

મૂળમાં મંગળ પ્રવેશ કરે તો હલકાં ધાન્ય મોંઘાં થાય.

પૂર્વાષાઢા પર મંગળ આવે તો ઘાસચારો, તેલ, ચાવલ, ઘી અને નીમક તેજ થાય.

ઉત્તરાષાઢા પર મંગળ આવે તો લાખ, કસુંબાનો ભાવ તેજ થાય, ઘી તેલ અડદ મોંઘાં થાય.

શ્રવણ પર મંગળ આવે તો તલ, જવ, ઘઉંના ભાવ સારા વધે અને ધાતુઓના ભાવ તેજી થાય.

ધનિષ્ટા પર મંગળ આવે તો રસકસ મંદી થાય. લાખ તેજી. કોઇ કોઇ ઠેકાણે દુકાળનો ભય જણાય. મોતી, માણેક, મોંઘાં વેચાય. રૂ, સુતરના ભાવ ઘટે, ઘઉં, જવ અને મગના ભાવ વધે.

શતતારા પર મંગળ આવે તો ખેતીમાં તીડોનો ઉપદ્રવ થાય, પરંતુ ધાન્ય વધારે બગડે નહિ.

પૂર્વાભાદ્રપદ પર મંગળ આવે તો રૂ, સુતર, કપડાં, એરંડા અલસી, તલ, કપાસ, ભોંયસીંગ, સોપારી, નીમક અને રસકસના ભાવ તેજી થાય. ચાંદી અને સોનાના ભાવ પણ તેજી થાય.

ઉત્તરાભાદ્રપદ પર મંગળ આવે તો ચંદન, કપુર વિગેરે સુગંધી પદાર્થોના ભાવ તેજી થાય.

રેવતિમાં મંગળનો પ્રવેશ થાય તો નારીયેળ, સોપારી આદિ ફળ તથા કરીયાણાંના ભાવ વધે.

બુધનું નક્ષત્ર પ્રવેશ ફળ.

અશ્વિની નક્ષત્રમાં બુધનો પ્રવેશ થાય તો દુધ, ઘી અને રસના ભાવ તેજી થાય.

ભરણીમાં બુધનો પ્રવેશ થાય તો અનાજ મોંઘું થાય.

કૃતિકામાં બુધનો પ્રવેશ થાય તો વરસાદ થોડો થવાથી ધાન્ય થોડું થાય.

રોહિણી પર બુધ આવે તો સુતર, કપાસ અને તલમાં તેજી થાય.

મૃગશીર્ષ પર બુધ આવે તો ધાન્ય સસ્તુ, ચાંદીમાં ઘટવધ થઇ મંદી, રૂ તેજી અને વરસાદ ઘણો થાય.

આર્દ્રામાં બુધનો પ્રવેશ થાય તો પવનનું જોર વધે, વીજળી પડે અને વરસાદ થાય.

પુનર્વસુમાં બુધનો પ્રવેશ થાય તો રૂ, સુતર, કપડાંમાં મંદી થાય અને ધાન્ય તેજી થઇ મંદી થાય.

પુષ્ય પર બુધ આવે તો સોના ચાંદી મંદી, રૂ માં ૧૦–૧૫ ટકા ઘટવધ થઇ મંદી, મણી, મોતી, ઉન, વસ્ત્રના ભાવ ઘટે.

આશ્લેષામાં બુધ આવે તો રસકસ તેજી તેમજ વરસાદ ઘણો અને જીવજંતુની વૃદ્ધિ થાય.

મઘા પર બુધ આવે તો વરસાદ કમી થાય, અનાજ મોંઘુ થાય.

પૂર્વાફાલ્ગુનીમાં બુધ આવે તો રણસંગ્રામ થાય, પ્રજાને કષ્ટ તથા ધાન્ય ભાવ કંઇક મંદી થાય.

ઉત્તરાફાલ્ગુનીમાં બુધ આવે તો રૂમાં ઘટવધ થઇ મંદી, કઠોળ, મગ તથા અડદ કમી થાય.

હસ્તમાં બુધનો પ્રવેશ થાય તો સુભિક્ષ હોય તથા ધાન્યની નીપજ હોય.

ચિત્રા પર બુધ આવે તો રૂમાં ૨૦–૨૫ ટકા ઘટવધ થઇ તેજી થાય. વરસાદ સારો હોય.

સ્વાતિ પર બુધ આવે તો વરસાદ થોડો હોય.

વિશાખામાં બુધ આવે તો ધાન્ય સસ્તુ તથા પ્રજામાં આનંદ–હોય.

અનુરાધા પર બુધ આવે તો અનાજ સોંઘુ થાય. લોકો સુખી રહે.

જયેષ્ઠા પર બુધ આવે તો ધાન્ય, ઘી તેજી થાય.

મૂળમાં બુધનો પ્રવેશ થાય તો જાનવરો અને બાળકોને પીડા થાય.

પૂર્વાષાઢામાં બુધ આવે તો રસકસ, કપાસીયા તેજી થાય, ધાન્ય સસ્તું થાય.

શ્રવણ પર બુધ આવે તો અળસી ચણા, કઠોળને હીમનો ભય થાય. ગોળ તેજી થાય.

ધનિષ્ઠામાં બુધનો પ્રવેશ થાય તો ઘોડા વિગેરે પશુઓને પીડા થાય. ધાન્ય ભાવ સમ રહે.

ગુરૂનું નક્ષત્ર પ્રવેશનું ફળ.

ભરણીમાં ગુરૂનો પ્રવેશ થાય તો અળસી, જવ, તેલ, ચોખા, તુવેર, ચણા, મઠ, વટાણા, લાખ, ગળી અને ઉનના ભાવ મંદા થાય, ચાંદી, સોનું ·વિગેરે ધાતુ તથા હીરા, મણી, માણેક વિગેરેના ભાવ મંદા થાય.

મૃગશીર્ષ પર ગુરૂ આવે તો ધાન્યના ભાવ સાધારણ મંદા તથા રૂ તેજી થાય.

આર્દ્રા પર ગુરૂ આવે તો રૂના ભાવ સમાન રહે. લવણ, સિંધવ વિગેરે ખાર પદાર્થો તેજી.

પુનર્વસુમાં ગુરૂનો પ્રવેશ થાય તો રૂ, કપાસ અને ધાન્યના ભાવ તેજી રહે.

હસ્તમાં ગુરૂ આવે તો ગોળ, ખાંડ, સાકર, ઘી, તેલ, દીવેલ, ચણા તથા પીળી ચીજના ભાવ મંદા થાય. મોતીના ભાવ નરમ પડે.

પૂર્વાભાદ્રપદ પર ગુરૂ આવે તો ધાન્ય તેજી, મનુષ્યોમાં રોગાદિકની ઉત્પત્તિ થાય.

શુક્રનું નક્ષત્ર પ્રવેશનું ફળ.

ભરણી નક્ષત્ર પર શુક્ર આવે તો રૂ, અળસી, ધાન્ય, તલ, તેલ, ઘી, ચણા આદિ ધાન્ય, ગોળ, સાકરમાં મંદી થાય.

કૃત્તિકા પર શુક્ર આવે તો ચાવલ, જવ, મણી, હીરા આદિ મંદી થાય.

રોહીણી પર શુક્ર આવે તો દરેક ધાતુ ચાંદી, સોનું, અળસી, રસકસ, સોપારી, ઉનમાં મંદી થાય.

મૃગશીર્ષમાં શુક્ર આવે તો ઘઉં, ચણા, જુવાર, મંદી થાય.

આર્દ્રામાં શુક્રનો પ્રવેશ થાય તો વાયુ સાથે વરસાદ થાય.

પુનર્વસુમાં શુક્ર આવે તો રૂમાં મંદી અને ધાન્યમાં તેજી થાય. કપાસીયાના ભાવ વધે. સોનું ચાંદી મંદી થાય.

પુષ્ય નક્ષત્રમાં શુક્રનો પ્રવેશ થાય તો બીયાં, ધાન્ય તેજી થાય. રૂ, સુતર, શણુ, રેશમ અને ઉનમાં તેજી થાય.

આશ્લેષામાં શુક્ર આવે તો વર્ષા કમી, ધાન્ય ભાવ તેજી, રૂમાં કંઇક મંદી થાય.

પૂર્વાફાલ્ગુનીમાં શુક્રનો પ્રવેશ થાય તો ઘઉં, જુવાર, બાજરી જવ, ચણામાં મંદી થાય.

ઉત્તરાફાલ્ગુનીમાં શુક્ર આવે તો અનાજ, ઘઉં તેજી થાય અને ખેતીને નુકસાન થાય.

હસ્તમાં શુક્ર આવે તો પ્રજામાં રોગનો ભય થાય, યા પ્રજાને પીડા થાય.

સ્વાતિ પર શુક્ર આવે તો કઠોળ, અનાજ મંદી થાય તથા રસકસ તેજી થાય.

અનુરાધામાં શુક્રનો પ્રવેશ થાય તો કોઇ સ્થળે ધરતીકંપ થાય તથા મનુષ્યોમાં રોગ પેદા થાય.

જ્યેષ્ટા નક્ષત્રમાં શુક્રનો પ્રવેશ થાય તો સરસવ, સાજી, પાપડખાર, મીઠું, ઘી, તેલ, સોનું, ચાંદી મંદી થાય તથા ચાવલ અને અનાજના ભાવ પણ મંદા થાય.

પૂર્વાષાઢા પર શુક્ર આવે તો અડદ, મગ, મઠ, વટાણા વિગેરે કઠોળના ભાવ વધે, પરંતુ ગોળ, સાકર, ખાંડ આદિ રસ મંદા થાય.

ઉત્તરાષાઢા પર શુક્ર આવે તો રસકસ, અળસી, એરંડા, લવણ મંદી થાય. રૂમાં ૩૦–૪૦ ટકાની ઘટવધ થાય.

શ્રવણ નક્ષત્રમાં શુક્રનો પ્રવેશ થાય તો ચાંદી, સુવર્ણ, ગોળ, સાકર ધાન્ય મંદી થાય. રૂ, તલ, તેલ તેજી થાય, તેમજ વાયુ સાથે વર્ષા થાય.

ધનિષ્ટામાં શુક્ર આવે તો ચોખા, મગ, મઠ, અડદ, વટાણા અને લોંગના ભાવ તેજી થાય. ઘઉં મંદી અને સોના ચાંદી તેજી થાય.

શતતારા યા શતભીષા પર શુક્ર આવે તો ઘી, ગોળ, ખાંડ, સાકર વિગેરે રસકસ તેજી થાય, ચોખાના ભાવ વધે.

પૂર્વાભાદ્રપદમાં શુક્ર આવે તો રૂમાં ૧૦–૧૫ ટકા તેજી થાય, અનાજના ભાવ સમ રહે.

ઉત્તરાભાદ્રપદમાં શુક્ર આવે તો ચોખાના ભાવ ઉતરે. મોતીના ભાવ નરમ થાય. ગોળ, સાકર અને કપુરના ભાવ મંદા થાય.

રેવતિપર શુક્ર આવે તો પરવાળાં, મોતી, હીરા, મણી, વિગેરે રત્નોના ભાવ મંદા થાય. નારીયેળ, સોપારી, ક્રિયાણાંના ભાવ ઘટે. રૂ, કપાસ, ચંદન, કપુરના ભાવ ઉતરે.

શનિનું નક્ષત્ર પ્રવેશનું ફળ.

અશ્વિની પર શનિ આવે તો તલ, તેલ, પીત્તળ એક માસ સુધી મોંઘુ રહે, તે બાદ સસ્તુ થાય.

ભરણી પર શનિ આવે તો પૂર્વ દિશામાં ભાઇ ભાઇઓમાં વિગ્રહ થાય અને રાજાઓને મહા ભય ઉપજે.

કૃતિકામાં શનિ આવે ત્યારે સોનું, ચાંદી અને ત્રાંબુ મોંઘુ થાય. લાકડું ખરીદનારને ત્રણ ચાર ગણો લાભ થાય.

રોહીણીમાં શનિ આવે તો દરેક પ્રકારનાં વસ્ત્ર મોંઘાં થાય.

આર્દ્રા પર શનિ આવે તો દરેક જાતનું અનાજ સંગ્રહ કરવાથી બે ત્રણ મહિનામાં બેવડો લાભ થાય.

પુનર્વસુ પર શનિ આવે તો દુકાળ પડે. લોકોમાં ત્રાસ ફેલાય.

પુષ્ય નક્ષત્રમાં શનિનો પ્રવેશ થાય તો અનાજ સારૂં પાકે, લીલાલ્હેર થાય.

આશ્લેષામાં શનિનો પ્રવેશ થાય તો વરસાદ થાય નહિ અને ચોતરફ યુદ્ધના ભણકારા થાય. રૂમાં મંદી થાય.

મઘા પર શનિ આવે તો હાથી અને ઘોડાઓનો વેપાર કરનારને મોટો લાભ મળે.

પૂર્વાફાલ્ગુની પર શનિ આવે તો આખી પૃથ્વી-પર મહા ભયંકર યુદ્ધ ફેલાય.

ચિત્રામાં શનિનો પ્રવેશ થાય તો ઉદય કાળમાં એટલે શરૂઆતમાં અનાજ વિગેરે ચીજો મોંઘી થાય.

સ્વાતિ અને વિશાખા પર શનિ આવે તો રાજાઓને કષ્ટ પડે.

અનુરાધા અને જ્યેષ્ઠા પર શનિ આવે તો પશ્ચિમ દેશમાં મહા યુધ્ધ અને મોટો સંહાર થાય.

મૂળ ઉપર શનિ આવે તો દરેક જાતનાં અનાજ સંગ્રહ કરવાથી આગળ ઉપર સારો લાભ થાય.

ઉત્તરાષાઢા પર શનિ આવે તો **સાત મહિના-સુધી** જળનો નાશ થાય. વરસાદની ઘણી તાણ રહે.

ધનિષ્ટા પર શનિ આવે તો વરસાદ થાય, છતાં જવ, ઘઉં, મગ, મઠ, મસુર, ચોખાના ભાવ તેજી થાય.

પુર્વાભાદ્રપદમાં શનિ આવે તો વરસાદ સારો પડે. લોકોને લાભ થાય.

ઉત્તરાભાદ્રપદ પર શનિ આવે તો કુંકુંમ, કેસર, ચંદન અને ચાંદી તેજી થાય.

રેવતિમાં શનિ આવે તો ધાન્યના ભાવ તેજી, તેમજ તંબાકુનો ભાવ પણ સાધાર તેજી થાય.

રાહુનું નક્ષત્ર પ્રવેશનું ફળ.

હસ્તમાં રાહુનો પ્રવેશ થાય તો રૂમાં મંદી, ધાન્યના ભાવ મંદા થાય. ગોળ, સાકર, ચોખા, ઘી, તેલ તેજી થાય.

ઉત્તરાફાલ્ગુની પર રાહુ આવે તો લોખંડ, સીસું, કાળાં કપડાં તથા અનાજ તેજી થાય. સિંધવ, લવણ, સાજી-ખાર મંદી થાય. ગોળ, સાકર, ચાવલ તેજી થાય. અલસીમાં ઘટવધ થાય. રૂમાં ૪૦ ટકા લગભગ ઘટવધ થાય.

ચિત્રા પર રાહુ આવેતો લવણ, સોપારી, કિયાણાંનો ભાવ તેજી થાય.

મેષ રાશિપર સૂર્યાદિ ગ્રહોનું ફળ.

સૂર્ય મેષ રાશિપર આવે ત્યારે રૂ, કપાસ, ચાંદી, સોનું, તલ, તેલ વિગેરે દરેક ચીજના ભાવ તેજી થાય.

મંગળ મેષ રાશિપર આવે ત્યારે ચાંદીમાં ૧-૨ ટકા તેજી થાય. ઉનમાં પણ કંઇક તેજી થાય અને દરેક જાતનાં ધાન્ય સસ્તાં થાય.

બુધ મેષ રાશિપર આવે ત્યારે મોતી, ઝવેરાત અને સોનામાં તેજી થાય, પણ રૂ, તલ, તેલ વિગેરેમાં મંદી થાય.

ગુરૂ મેષ રાશિમાં પ્રવેશ કરે ત્યારે રૂમાં ૬૦-૭૦ ટકાની ઘટાવધી થાય. મનુષ્યો સુખી થાય, દરેક સ્થળે આનંદ વરતાય, વસ્ત્ર-કપડાં, ગોળ સસ્તાં થાય.

શુક્ર મેષ રાશિમાં પ્રવેશ કરે ત્યારે ભેંસો અને ચોપગાં જાનવરોને કષ્ટ થાય. અનાજ મોંઘુ વેચાય અને પાછળથી વરસાદ થાય.

શનિ મેષ રાશિમાં પ્રવેશ કરે ત્યારે હીરા, પુખરાજ, મણિ, મોતી, સોનું, ચાંદી, તાંબુ વિગેરેના ભાવ વધે.

રાહુ મેષ રાશિમાં આવે ત્યારે ખોરાકીની દરેક ચીજો બહુજ મોંઘી થાય. કોઇ સ્થળે દુષ્કાળ પણ પડે.

મેષ રાશિપર સૂર્ય શુક્ર એકત્ર હોય તો, એટલે એ બંને ગ્રહો મેષ રાશિપર હોય તો રૂમાં મંદી, ચાંદીમાં વધઘટ થઇ અંતે તેજી થાય.

વૃષભ રાશિપર સૂર્યાદિ ગ્રહોનું ફળ.

સૂર્ય વૃષભ અથવા વરખ રાશિપર આવે ત્યારે રૂ, ચાંદીના ભાવ ઘટે.

મંગળ વૃષભ રાશિપર આવે ત્યારે કપાસ, કાપડ,

કંકુ, સુખડ, ચંદન તથા ધાન્ય મોંઘાં થાય. સોનાના ભાવ તેજી થાય.

બુધ વૃષભ રાશિપર આવે ત્યારે દરેક સ્થળે અશાંતિ, ભય જણાય.

ગુરૂ વૃષભ રાશિપર આવે ત્યારે ખાંડ, સાકર, ગોળ વિગેરે રસ સસ્તા થાય, પરંતુ ઘી, દુધ મોંઘુ વેચાય.

શુક્ર વૃષભ રાશિપર આવે ત્યારે કોઇ સ્થળે વરસાદ સારો, કોઇ સ્થળે વરસાદ નબળો થાય. ચાંદી ઘણી તેજી થાય.

શનિ વૃષભ રાશિમાં પ્રવેશ કરે ત્યારે રસમાં તેજી થાય અને દરેક અનાજ મોંઘું વેચાય. રાજાઓમાં માંહોમાંહે લડાઈ થાય.

રાહુ વૃષભ રાશિમાં પ્રવેશ કરે ત્યારે રૂમાં તેજી થાય.

વૃષભ રાશિપર **રાહુ** અને **મંગળ** બંને સાથે આવે તો છઠ્ઠા મહિનામાં દરેક જાતનું અનાજ એટલે સુધી મોંઘુ થાય કે તે મળવું મુશ્કેલ થઇ પડે.

મિથુન રાશિપર સૂર્યાદિ ગ્રહોનું ફળ.

સૂર્ય મિથુન રાશિપર આવે ત્યારે કંદમુળ, કપાસ, તલ, તેલ તથા ધાન્ય મોંઘાં થાય, રૂ ચાંદીના ભાવ ઘટે.

મંગળ મિથુન રાશિ ઉપર આવે ત્યારે અલસી, તાંબુ, કસુંબો, મજીઠ તથા લાલ ચીજો તેજી થાય, તેમજ ખાંડ સાકર પણ તેજી થાય.

બુધ મિથુન રાશિપર આવે ત્યારે સોનું, ચાંદી અને રૂમાં મંદી થાય.

ગુરૂ મિથુનમાં પ્રવેશ કરે ત્યારે તેલ, ખાંડ, સાકર અને ધાતુ સસ્તાં થાય. જાયફળ, પીપળ, સુંઠ, મરચાં મોંઘાં વેચાય.

શુક્ર મિથુનમાં પ્રવેશ કરે ત્યારે રૂમાં સાધારણ મંદી થાય તથા અલસીમાં ૦॥–૦॥। ટકાની ઘટવધ થાય.

શનિ મિથુન રાશિમાં પ્રવેશ કરે ત્યારે લોખંડ, લવણ, તેલ અને ગોળ દરેક સ્થળે મોંઘાં થાય. સોનું સસ્તું વેચાય તથા હાથી, ઘોડા, બળદ પણ સસ્તા વેચાય.

રાહુ મિથુન રાશિમાં આવે ત્યારે ધાન્ય, ઘી સસ્તાં થાય. શણ અને સુતરના ભાવ વધે. સોનાનો ભાવ ઘટે.

કર્ક રાશિપર સૂર્યાદિ ગ્રહોનું ફળ.

સૂર્ય કર્ક રાશિ ઉપર આવે, તેજ દીવસે જો વરસાદ થાય તો ખેતીને નુકસાન કરનારા જંતુઓ નાશ પામે, વરસાદ ન થાય તો ફળ અશુભ જાણવું.

મંગળ કર્ક રાશિ પર આવે ત્યારે ભેંસો મોંઘી વેચાય, અનાજના ભાવ વધે.

બુધ કર્ક રાશિપર આવે ત્યારે રૂમાં મંદી અને ચાંદીમાં તેજી થાય. સફેદ વસ્ત્ર સસ્તાં થાય.

ગુરૂ કર્ક રાશિમાં પ્રવેશ કરે ત્યારે રૂમાં મોટી તેજી

થાય. ૫૦ ટકા ઉપરાંત તેજી થાય. સોનું, ચાંદી, તાંબુ વિગેરે ધાતુ અને રેશમ પણ તેજી થાય.

શુક્ર કર્ક રાશિપર આવે ત્યારે અળસી, એરંડા, તેલ, ગોળ સાકરના ભાવ વધે. વરસાદ વધારે થાય.

શનિ કર્ક રાશિમાં પ્રવેશ કરે ત્યારે નાગપુર દેશમાં દુષ્કાળ પડે અગર આફત આવે. રૂના ભાવ ઘણા મંદા થાય.

રાહુ કર્ક રાશિમાં પ્રવેશ કરે ત્યારે સોનું, ચાંદી સસ્તાં થાય. લોખંડ પણ સોંઘું થાય, પરંતુ છઠે મહિને મોંઘું થાય.

સિંહ રાશિપર સૂર્યાદિ ગ્રહોનું ફળ.

સૂર્ય સિંહ રાશિપર આવે ત્યારે રૂ, ચાંદી અને એરંડામાં તેજી થાય. સાકર, ખાંડ, ગોળ, તલ, તેલ મોંઘાં વેચાય.

મંગળ સિંહ રાશિપર આવે ત્યારે સોનું ચાંદી, તાંબુ મોંઘું વેચાય. ઘઉંનો ભાવ વધે. અલસીમાં ૧॥ ટકા લગભગ તેજી થાય.

બુધ સિંહ રાશિ ઉપર આવે ત્યારે રૂ અને સોનાનો ભાવ તેજી થાય. ખાંડ સાકર, કપુર વિગેરે રસની ચીજો મંદી થાય અને ખટાશવાળી ચીજો મોંઘી વેચાય.

ગુરૂ સિંહ રાશિમાં પ્રવેશ કરે ત્યારે સોનું, રૂપું-ચાંદી, તાંબુ વિગેરે ધાતુ તેજી થાય. વરસાદ સારો પડે ખેતીવાડી સારી થાય.

શુક્ર સિંહ રાશિમાં આવે ત્યારે સોનું અને તાંબુ તેજ થાય તેમજ લાલ રંગનાં ચોપગાં જાનવરો મોંઘાં વેચાય. ચાંદીમાં ૨–૩ ટકા ઘટી જાય.

શનિ સિંહ રાશિમાં પ્રવેશ કરે ત્યારે ગોળ, તેલ મોંઘાં વેચાય. માળવા દેશમાં આફત આવે.

રાહુ સિંહ રાશિપર આવે ત્યારે મરચાં, પીપર, હળદર, સુંઠ ખરીદ કરવાથી છમાસ પછી ત્રણ ચાર ગણો લાભ થાય.

કન્યા રાશિપર સૂર્યાદિ ગ્રહોનું ફળ.

સૂર્ય કન્યા રાશિપર આવે ત્યારે શ્રીફળ, તેલ, તલ મોંઘાં થાય.

મંગળ કન્યા રાશિપર આવે ત્યારે સોનું, અળસી, ઘઉં, લાલ વસ્ત્ર, લાલ ચીજો અને સુખડના ભાવ તેજી થાય.

બુધ કન્યા રાશિ ઉપર આવે ત્યારે સોનું, ખાંડ તેજી થાય. ચાંદીમાં ૨ ટકા લગભગ મંદી થાય, અળસીમાં તેજી થાય.

ગુરૂ કન્યા રાશિમાં પ્રવેશ કરે ત્યારે રૂ, ચાંદીમાં મંદી થાય. ઘી તેલ, ગોળ ખાંડના ભાવ તેજી થાય.

શુક્ર કન્યા રાશિપર આવે ત્યારે રૂમાં મંદી, ઘાસના ભાવ તેજી થાય. ખેતીવાડીને નુકસાન થાય. ચોખાના ભાવ વધે.

શનિ કન્યા રાશિપર આવે ત્યારે પાણીની તાણ પડે. પવન ઘણો ફુંકાય.

રાહુ કન્યા રાશિમાં પ્રવેશ કરે ત્યારે પીપળીમુળ અને આંબલી બે માસ સુધી મોંઘાં વેચાય. કરીયાણાંના ભાવ પણ તેજી થાય.

તુલા રાશિપર સૂર્યાદિ ગ્રહોનું ફળ.

સૂર્ય તુલા રાશિ ઉપર આવે ત્યારે સોનું અને તાંબાના ભાવ વધે. અલસીમાં ૧ ટકો લગભગ તેજી થાય. રૂ, ચાંદીના ભાવ ઘટે, હાથીઓનું મરણ વધારે હોય.

મંગળ તુલા રાશિ ઉપર આવે ત્યારે સુતર, કપાસમાં સારી તેજી થાય. ચાંદીમાં ૧॥–૨ ટકા તેજી થાય. અડદ, મગ, લોંગ બહુ મોંઘા વેચાય.

બુધ તુલા રાશિપર આવે ત્યારે પૃથ્વીપર કલહ કંકાસ વધારે થાય, વરસાદ થાય.

ગુરૂ તુલા રાશિમાં પ્રવેશ કરે ત્યારે નાળીયેર મોંઘાં થાય, ઘી તેલ સસ્તાં થાય. તાવની બીમારી વધારે ચાલે.

શુક્ર તુલા રાશિપર આવે ત્યારે લોકોમાં સુખશાંતિ આનંદ પ્રવર્તે. ચાંદીમાં ૨–૩ ટકાની વધ અગર ઘટ થાય.

શનિ તુલા રાશિમાં આવે ત્યારે ધાન્યના ભાવ તેજી થાય. ઠામ ઠામ અગ્નિ ભય જણાય.

રાહુ તુલા રાશિપર આવે અથવા ક્રુર ગ્રહોની

જોડે આવે તો ખેતીવાડીનો વિનાશ થાય અને મહાભયં-કર દુકાળ જણાય.

વૃશ્ચિક રાશિપર સૂર્યાદિ ગ્રહોનું ફળ.

સૂર્ય વૃશ્ચિક રાશિપર આવે ત્યારે ચાંદી, તાંબુ તેજી થાય અને ગરમ કાપડ મોંઘું વેચાય.

મંગળ વૃશ્ચિક રાશિપર આવે ત્યારે દરેક દ્રવ્ય-ચીજના ભાવ તેજી થાય.

બુધ વૃશ્ચિક રાશિપર આવે ત્યારે ચાંદી તેજી થાય, ધાન્યના ભાવ સાધારણ રહે.

ગુરૂ વૃશ્ચિક રાશિપર આવે ત્યારે સોનું, ચાંદી, તાંબુ, કાંસુ, કપાસ સફેદ વસ્ત્ર, શ્રીફળ અને ઘી તેલ મોંઘાં વેચાય. વરસાદ થોડો થાય, અનાજ મોંઘું વેચાય. ભેંસ, બળદ, ઘોડા સસ્તા વેચાય.

શુક્ર વૃશ્ચિક રાશિપર આવે ત્યારે અળસીમાં ૦ાા-૦ાા ટકો તેજી થાય. ધાન્ય સસ્તું થાય, લોકો સુખચેનમાં રહે. ચાંદીનો ભાવ વધે. રૂ, કપાસમાં સારી તેજી થઇ મંદી થાય.

શનિ વૃશ્ચિક રાશિપર આવે ત્યારે જનસમાજ દુખી થાય. દીલ્હી શહેર પર આફત આવે યા ભયંકર કષ્ટ જણાય.

રાહુ વૃશ્ચિક રાશિમાં પ્રવેશ કરે ત્યારે ઉલટું કરના-

રાને સુલટું થાય એટલે અવળું કરનારાને લાભ મળે અને છઠ્ઠા મહિનામાં પૃથ્વીપર ત્રાસ સંકટ ફેલાય.

ધન રાશિપર સૂર્યાદિ ગ્રહોનું ફળ.

સૂર્ય ધન રાશિ ઉપર આવે ત્યારે કપાસ, તલ, તેલના ભાવ તેજ થાય.

મંગળ ધન રાશિપર આવે ત્યારે રૂ, કપાસ તેજી થાય. ઘાસ, લાકડું, ઘી અને ચોપગાં જાનવર મોંઘાં વેચાય.

બુધ ધન રાશિપર આવે ત્યારે રાજા પ્રજામાં ખટપટ થાય. હરણ અને હાથીઓમાં મરણ વધારે હોય. રૂ, કપાસના ભાવ મંદા થાય.

ગુરૂ ધન રાશિમાં પ્રવેશ કરે ત્યારે કપાસ મોંઘો થાય. સોનું ચાંદી, કાંસુ, લોખંડ, સીસું સસ્તું વેચાય. ઘી, ગોળ, તલ અને સફેદ કાપડના ભાવ ઉતરે.

શુક્ર ધન રાશિમાં આવે ત્યારે દરેક જાતનું ધાન્ય મોંઘુ થાય.

શનિ ધન રાશિમાં પ્રવેશ કરે ત્યારે ગાજવીજ સાથે વરસાદ ચઢી આવ્યો હોય છતાં વરસાદનું ટીપું પણ પડે નહિ, અને મહા દુકાળ પડે.

રાહુ ધન રાશિમાં પ્રવેશ કરે ત્યારે સુતર તથા કાપડ સંગ્રહ કરવાથી પાંચ મહિના પછી લાભ મળે તેમજ હાથી અને ઘોડા પાંચ મહિના બાદ મોંઘા વેચાય.

મકર રાશિપર સૂર્યાદિ ગ્રહોનું ફળ.

સૂર્ય મકર રાશિપર આવે ત્યારે અળસીમાં તેજી. ઘી, તેલ મોંઘાં થાય. લોકોને પીડા થાય.

મંગળ મકર રાશિપર આવે ત્યારે સોનું, ચાંદી, અલસી તેજી થાય અને ઘી તેલ મોંઘાં થાય.

બુધ મકર રાશિપર આવે ત્યારે દરેક ચીજના ભાવ સામાન્ય રહે.

ગુરૂ મકર રાશિમાં પ્રવેશ કરે ત્યારે દુષ્કાળ પડે. ઘી, તેલ મોંઘાં વેચાય.

શુક્ર મકર રાશિમાં પ્રવેશ કરે ત્યારે ખેતીવાડીને હાનિ પહોંચે, સર્વ ધાન્ય મોંઘુ વેચાય.

શનિ મકર રાશિનો થાય ત્યારે સોનું, ચાંદી, તાંબુ, કપાસ, સુતર તેજી થાય, ખેતીનો નાશ થાય. હાથી, બળદ, ઘોડા મોંઘા વેચાય. કામાંધ પુરૂષોપર આફત આવે, અગર તેઓનું મરણ પ્રમાણ વધારે થાય.

રાહુ મકર રાશિમાં પ્રવેશ કરે ત્યારે કાંસુ, સુતર અને અનાજ સંગ્રહ કરવાથી બે મહિના પછી ઘણો મોટો લાભ થાય.

કુંભ રાશિપર સૂર્યાદિ ગ્રહોનું ફળ.

સૂર્ય કુંભ રાશિપર આવે ત્યારે અલસી, એરંડાના ભાવ મંદા થાય. ધાન્ય સસ્તું થાય. મીઠું તેલ સાધારણ મોંઘું વેચાય.

મંગળ કુંભ રાશિનો થાય ત્યારે દરેક અનાજ મોંઘું થાય. ચિત્ર વિચિત્ર વસ્તુ, રસ, ફળ ફુલ, લોખંડ વિગેરે તેજી થાય.

બુધ કુંભ રાશિમાં આવે ત્યારે ઘી, તેલ વિગેરે રસકસ તેજી થાય.

ગુરૂ કુંભ રાશિનો થાય ત્યારે સોનું, કાંસુ, પીત્તળ, લોઢું સીસું ત્રણ માસ સુધી સસ્તું રહે. ખેતીવાડીને હાનિ થાય. પૂર્વ દેશમાં અનાજ મોંઘુ થાય.

શુક્ર કુંભ રાશિપર આવે ત્યારે ચાંદીનો ભાવ ઉતરે. પ્રજા દુઃખી થાય.

શનિ કુંભ રાશિમાં પ્રવેશ કરે ત્યારે જમના નદીના કિનારા ઉપર આવેલા દેશોમાં દરેક જાતનું અનાજ છ થી બાર માસ સુધી મોંઘું વેચાય.

રાહુ કુંભ રાશિનો થાય ત્યારે, અથવા કોઇ કુરગ્રહ સાથે હોય ત્યારે સુતર, ઘઉં ખરીદી રાખે તો છઠ્ઠે મહિને લાભ મળે.

કુંભ રાશિ ઉપર બુધ, ગુરૂ, કે બુધ ચંદ્ર સાથે હોય તો રૂમાં સારી મંદી થાય.

મીન રાશિપર સૂર્યાદિ ગ્રહોનું ફળ.

સૂર્ય મીન રાશિ ઉપર આવે ત્યારે દરેક ધાન્ય, તલ, તેલ મોંઘાં થાય.

મંગળ મીન રાશિપર આવે ત્યારે ઘાસ, લાકડું, ચોપગાં જાનવરો મોંઘાં વેચાય. શીપથી ઉત્પન્ન થતી ચીજો તથા અત્તર આદિ સુગંધી પદાર્થો તેજી થાય. રૂ, કપાસના ભાવ મંદા થાય.

બુધ મીન રાશિનો થાય ત્યારે કપાસીયા, રૂ તેજી થાય. ચાંદી મંદી થાય.

ગુરૂ મીન રાશિનો થાય ત્યારે સર્વે વસ્તુ મોંઘી વેચાય. નાળીયેર, હાથીદાંત, લવણુ, કપુર, રસકસ તેજી થાય. પૂર્વ દેશમાં દુષ્કાળ પડે.

શુક્ર મીન રાશિપર આવે ત્યારે દરેક વસ્તુની મોંઘવારી થાય. ચાંદીનો ભાવ તેજી થાય. ઘઉં, રૂ, કપાસીયા મંદી થાય. પ્રજા દુખી થાય.

શનિ મીન રાશિનો થાય ત્યારે ભયંકર દુકાળ પડે. પાણીની દરેક સ્થળે ઘણી અછત થાય. ચોપગાં જાનવરોનો નાશ થાય.

વક્રી ગ્રહોના ફળનો વિચાર.

મંગળ વક્રી થાય ત્યારે રૂ, અળસીમાં ભારે તેજી થાય. સોનાનો ભાવ પણુ વધે. ઘઉં, ગોળ અને કસુંબાના ભાવ પણુ તેજી થાય.

બુધ વક્રી થાય ત્યારે રૂમાં ૨૦–૨૫ ટકા તેજી થઇને મંદી થાય. ચાંદીમાં તેજી થાય. ઘઉં, જવ આદિ અનાજમાં મંદી થાય. ઘી, ગોળ ખાંડ, કપુર વિગેરે રસના ભાવ વધે.

ગુરૂ વક્રી થાય ત્યારે રૂમાં ૪૦-૫૦ ટકા મંદી થાય. ઘઉં, જવ, ચોખા, ચણા આદિ ધાન્ય મંદાં થાય. ઘીનો ભાવ નરમ થાય. ચાંદી તેજી થાય.

શુક્ર વક્રી થાય ત્યારે ઘી, તેલ અને રૂમાં તેજી થાય.

શનિ વક્રી થાય ત્યારે રૂ, સુતર, કાપડના ભાવ મોંઘા થાય. રૂમાં પ્રથમ ૪૦-૫૦ ટકા તેજી થઇને મંદી થાય. **શનિ** અને ગુરૂ બંને સાથે વક્રી થાય તો ઘી, તેલ ૯ માસ સુધી મોંઘાં વેચાય. મીલ શેરોમાં તેજી થાય.

બુધ, ગુરૂ બંને સાથે વક્રી થાય તો ઘઉં, જવ, ચણા, અળસી, સરસવ, તલ, જરૂર મંદી થાય.

બુધ, **શુક્ર** બંને સાથે વક્રી થાય તો અનાજમાં એક માસમાં જરૂર મંદી થાય, તે વખતે ખરીદનારને જરૂર લાભ મળે.

વક્રી ગુરૂનો રાશિ વિચાર.

મિથુન રાશિમાં ગુરૂ વક્રી થાય તો ચોપગાં જાનવરોની કિંમત આઠ મહિના સુધી વધે.

કર્ક રાશિમાં ગુરૂ વક્રી થાય તો રસકસ, કપાસ અને સુતરમાં લાભ થાય.

તુલા રાશિમાં ગુરૂ વક્રી થાય તો સુગંધી વસ્તુ, કપાસ અને લવણના ભાવ વધે.

મીન રાશિમાં ગુરૂ વક્રી થાય તો રસકસ, લવણ, અને કપાસ મોંઘાં થાય.

માર્ગી ગ્રહોના ફળના વિચાર.

મંગળ માર્ગી થાય ત્યારે મધ, અર્ક, તેલમાં તેજી થાય અને રૂમાં મંદી થાય.

બુધ માર્ગી થાય ત્યારે રૂ, ચાંદી, રસકસ અને શેરોમાં મંદી થાય, પરંતુ રૂ, ચાંદી ઘટીને પછી તેજી થાય.

ગુરૂ માર્ગી થાય ત્યારે ચાંદી, ચોખા અને ઘીના ભાવ તેજી થાય.

શુક્ર માર્ગી થાય ત્યારે રૂનો ભાવ મંદી થાય.

શનિ માર્ગી થાય ત્યારે રૂ, ચાંદીમાં મંદી થાય.

તા. ક. જો વક્રી ગ્રહ તેજીને બદલે મંદી કરે એટલે જે જે ચીજોની તેજી જણાવેલી હોય તેને બદલે મંદી કરે તો તે તે ચીજોમાં માર્ગીગ્રહ મંદીને બદલે તેજી કરે છે, એ અપવાદ ખાસ ધ્યાનમાં રાખવો.

વળી જો વક્રીગ્રહ અમુક ચીજની મંદીને બદલે તેજી કરે તો માર્ગી ગ્રહ તેજીને બદલે મંદી કરે છે, ટુંકમાં કોઇ વાર વક્રી અને માર્ગી ગ્રહોનું ફળ ઉલટસુલટ થાય છે, પણ આ ફળ અપવાદ રૂપેજ નીવડે છે.

મંગળના ઉદયાસ્તનો વિચાર.

મંગળનો ઉદય થાય તો ધાન્યના ભાવ મંદા થાય, તેમજ દીન ૩ માં રૂમાં તેજી થાય.

સિંહ રાશિમાં મંગળનો ઉદય થાય તો ચોખા મોંઘા થાય.

કન્યા રાશિમાં ઉદય થાય તો બ્રાહ્મણોને પીડા થાય. દુર્ભિક્ષ હોય.

વૃશ્ચિક રાશિમાં ઉદય થાય તો અગ્નિ તથા ચોરનો ભય થાય.

મીન રાશિમાં ઉદય થાય તો વરસાદ થાય નહિ. દુકાળ પડે.

મંગળના અસ્તનો વિચાર.

મંગળનો અસ્ત થાય તો રૂમાં ઘટવધ થઇ મંદી થાય. ઘઉં, જવ, ગોળના ભાવમાં તેજી થાય. અળસીમાં ભારે તેજી થાય.

મેષ રાશિમાં મંગળનો અસ્ત થાય તો ઘાસ મોંઘુ થાય, રોગનો નાશ થાય.

વૃષભ અથવા **વરખ** રાશિમાં અસ્ત થાય તો ખેડુતોને ભાર રહે. બળદોનો નાશ થાય.

સિંહ રાશિમાં અસ્ત થાય તો ચોપગાં જાનવરો મોંઘાં થાય.

તુલા રાશિમાં અસ્ત થાય તો ચણા, ગોળ મોંઘાં થાય.

વન રાશિમાં અસ્ત થાય તો ચોખા, કાંગ, ગોળ, મોંઘાં થાય.

મકર અથવા **મીન** રાશિમાં અસ્ત પામે તો વરસાદ ઘણો થાય.

બુધના ઉદયાસ્તનો વિચાર.

બુધનો ઉદય પૂર્વ દિશામાં થાય તો રૂમાં ૧૫ થી ૨૫ ટકા તેજી થાય, અને અનાજના ભાવ મંદા થાય. ચાંદીમાં વધઘટ થઇ અંતે તેજી થાય.

બુધનો ઉદય પશ્ચિમે થાય તો રૂમાં ૧૫–૨૦ ટકા મંદી અને ચાંદીમાં તેજી થાય. ચોખા, કપાસ, એરંડા, સરસવ, તલ તથા ઘી તેલ વિગેરે રસકસ તેજી થાય.

મેષ રાશિમાં બુધનો ઉદય થાય તો ચાંદીમાં ૧–૨ ટકા મંદી તથા અલસીમાં ૦ાા ટકો લગભગ મંદી થાય.

સિંહ રાશિમાં ઉદય થાયતો ભેંસોનો નાશ થાય.

તુલા રાશિમાં ઉદય થાયતો ધરતીકંપ થાય.

ધન રાશિમાં ઉદય થાયતો ગોળ, તેલ મોંઘાં થાય.

મીન રાશિમાં ઉદય થાયતો અનાવૃષ્ટી થાય.

બુધના અસ્તનો વિચાર.

બુધનો **અસ્ત** પૂર્વ દિશામાં થાય તો રૂમાં ૧૫–૨૦ ટકાની વધાઘટી થાય, તેમજ સોનું ચાંદી વિગેરે ધાતુના ભાવો વધે.

બુધનો અસ્ત પશ્ચિમ દિશામાં થાય તો ૧૫–૨૦ ટકા તેજી થઇ પાછળથી મંદી થાય.

મેષ રાશિમાં બુધનો અસ્ત થાય તો વરસ સારૂં નીવડે.

કર્ક રાશિમાં અસ્ત થાયતો અનાવૃષ્ટિ થાય.

સિંહ રાશિમાં અસ્ત થાય તો ચોરનો ભય, અનાવૃષ્ટી અને રોગની ઉત્પત્તિ થાય.

તુલા રાશિમાં અસ્ત થાય તો વસાણું મોંઘુ થાય.

વૃશ્ચિક રાશિમાં અસ્ત થાય તો શંખ, મોતી મોંઘાં થાય.

મીન રાશિમાં અસ્ત થાય તો રાજાઓમાં યુદ્ધ થાય.

ગુરૂના ઉદયાસ્તનો વિચાર.

ગુરૂનો પૂર્વ દિશામાં થાય તો કેશર, ચંદન અને ફળનો સંગ્રહ કરનારને લાભ થાય. રૂમાં ૨૦–૨૫ ટકા ઘટવધ થઈ તેજ થાય અને ચાંદીમાં બંને તરફનો ફેરફાર થાય, અનાજના ભાવ ઉતરે.

ગુરૂનો ઉદય પશ્ચિમે થાય તો રૂમાં ૨૦–૨૫ ટકા ઘટી જાય.

મેષ રાશિમાં ગુરૂનો ઉદય થાય તો દુષ્કાળનો ભય જણાય અથવા અનાજ વિગેરે ઘણું મોંઘુ વેચાય.

વૃષભ અથવા વરખ રાશિમાં ઉદય થાય તો મણિ, રત્ન અને પાષાણના ભાવો વધે.

તુલા રાશિમાં ઉદય થાય તો કાશ્મીરી ચંદન અને ફળફુલના ભાવ તેજી થાય.

કુંભ રાશિમાં ઉદય થાયતો ધાન્ય મોંઘુ થાય.

ગુરૂના અસ્તનો વિચાર.

ગુરૂનો પૂર્વ દિશામાં અસ્ત થાય તો ૨૦–૨૫ ટકા મંદી થાય.

ગુરૂનો પશ્ચિમ દિશામાં અસ્ત થાય તો ૨૦-૨૫ ટકા તેજી થાય.

મેષ રાશિમાં ગુરૂનો અસ્ત થાયતો વરસાદ થોડો થાય.

મિથુન રાશિમાં ગુરૂનો અસ્ત થાય તો ઘી, તેલ, લવણના ભાવ વધે.

તુલા રાશિમાં અસ્ત થાય તો અનાજના ભાવ તેજી થાય.

મકર રાશિમાં અસ્ત થાય તો અડદ, કાળા વટાણા, લોંગ અને તેલની ઉત્પત્તિ સારી થાય.

મીન રાશિમાં અસ્ત થાય તો અનાજ સસ્તું થાય.

શુક્રના ઉદયાસ્તનો વિચાર.

શુક્રનો પૂર્વ દિશામાં ઉદય થાય તો રૂ, સુતર, સોનું, ચાંદી તેજી થાય. ઘી ચોખા તથા ધાન્ય મોંઘાં હોય.

શુક્રનો ઉદય પશ્ચિમે થાય તો રૂમાં ઘટવધ થઈ અંતે તેજી થાય. કપાસ, કાપડ, શણ, સુતર, તલ અને ધાતુના ભાવો તેજી થાય. દુધ, દહીં, ઘી સસ્તાં થાય.

મેષ રાશિમાં શુક્રનો ઉદય થાય તો રોગની ઉત્પતિ થાય.

કર્ક અગર **સિંહ** રાશિમાં ઉદય થાય તો ધન ધાન્યની હાનિ થાય.

કન્યા રાશિમાં ઉદય થાય તો રાજાને પીડા થાય.

વૃશ્ચિક રાશિમાં ઉદય થાય તો અતિ વૃષ્ટી થાય છતાં દુર્ભિક્ષ હોય.

કુંભ રાશિમાં ઉદય થાય તો ચોપગાં પશુઓને કષ્ટ હોય.

માગશર માસમાં શુક્રનો ઉદય થાય તો કોઇ સ્થળે મહા રેલ આવે.

ફાગણ માસમાં ઉદય થાય તો ચોર, અગ્નિનો ભય થાય.

શ્રાવણ માસમાં ઉદય થાય તો વરસ કઠણ ગણાય.

આસો માસમાં ઉદય થાય તો દરેક પ્રકારની સંપત્તિ હોય.

દેવગણ નક્ષત્રોમાં ઉદય હોય એટલે અશ્વિની, મૃગશીર્ષ, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, સ્વાતિ, અનુરાધા, શ્રવણ અને રેવતિ-પૈકી કોઇ પણ નક્ષત્રમાં ઉદય હોય તો સિંધ, ગુજરાત અને કર્ણાટક દેશોમાં ખેતીનો નાશ થાય.

મનુષ્યગણ નક્ષત્રોમાં ઉદય હોય એટલે ભરણી, રોહિણી, આર્દ્રા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, પૂર્વાભાદ્રપદ અને ઉત્તરાભાદ્રપદ નક્ષત્રો પૈકી કોઇપણ નક્ષત્રમાં ઉદય હોય તો સૌરાષ્ટ્ર દેશમાં વિગ્રહ થાય. રૂ, શણ, સુતર, કપાસ, કાપડ, સોનું, ચાંદી અને ઘી, અનાજ મોંઘાં હોય.

રાક્ષસગણ નક્ષત્રોમાં ઉદય હોય એટલે કૃતિકા, આશ્લેષા, મઘા, ચિત્રા, વિશાખા, જ્યેષ્ઠા, મૂળ, ધનિષ્ટા અને શતતારા નક્ષત્રો પૈકી કોઇપણ નક્ષત્રમાં ઉદય હોય

તો કોઇ નામીચા માણસનું મરણ થાય, પચરંગી કાપડ મોંઘું હોય. શ્રીફળ, નાળીયેર પણ મોંઘાં હોય.

શુક્રના અસ્તનો વિચાર.

શુક્રનો અસ્ત પુર્વ દિશામાં થાય તો રૂનો બજાર ઘટે. ચાંદીમાં બહુ ફેરફાર થઇ અંતે તેજી થાય. તાંબુ, પીત્તળ, જસત અને કેશરના ભાવ તેજી થાય. ધાન્યમાં એક માસ સુધી તેજી રહી પાછળથી મંદી થાય.

શુક્રનો અસ્ત પશ્ચિમ દિશામાં થાય તો રૂમાં ઘટવધ થઇ મંદી થાય. અળસી, અરસી અને એરંડા વિગેરે બી-યાંમાં પણ મંદી થાય.

એકંદરે શુક્રના અસ્તમાં ઉપર જણાવ્યા પ્રમાણે રૂનો બજાર મંદી હોય અને ચાંદીમાં તેજી થાય, પણ શુક્ર જો વક્રી હોય તો રૂમાં તેજી અને ચાંદીમાં મંદી થાય.

સિંહ રાશિમાં શુક્રનો અસ્ત થાય તો અનાવૃષ્ટીનો ભય થાય.

વૃશ્ચિક રાશિમાં અસ્ત થાયતો દુકાળ પડે અગર અતિશય મોંઘવારી થાય.

ધન રાશિમાં અસ્ત થાય તો સ્ત્રીઓને કષ્ટ યા પીડાકારી હોય.

કુંભ રાશિમાં અસ્ત થાય તો બ્રાહ્મણોને પીડાકારી હોય.

ફાગણ માસમાં શુક્રનો અસ્ત થાય તો અગ્નિ ભય હોય.

ચૈત્ર માસમાં અસ્ત થાય તો **છ મહિના સુધી** દુર્ભિક્ષ હોય અને વનસ્પતિઓને નુકસાન થાય.

અષાડ માસમાં વદ પક્ષમાં જો અસ્ત **થાય તો** જવ, ઘઉંનો હીમથી નાશ થાય-નુકશાન થાય.

શ્રાવણ માસમાં અસ્ત થાય તો **મહાકાળ હોય** અગર વરસ દુર્ભિક્ષ નીવડે.

શનિના ઉદયાસ્તનો વિચાર.

શનિનો પુર્વ દિશામાં ઉદય થાય તો રૂમાં **તથા** બીયાંમાં મંદી થાય.

શનિનો પશ્ચિમ દિશામાં ઉદય થાય તો રૂમાં **તેજી** થાય. જાનવરોને નુકસાન થાય.

મેષ રાશિમાં શનિનો ઉદય થાયતો જળવૃષ્ટી **હોય.**

વૃષભ રાશિમાં ઉદય થાય તો **ઘાસ, લાકડાં** મોંઘાં થાય.

કર્ક રાશિમાં ઉદય થાયતો રસની ચીજો **મોંઘી થાય.**

કન્યા રાશિમાં ઉદય થાય તો ધાન્યની હાનિ **થાય.**

તુલા રાશિમાં ઉદય થાય તો અતિ વૃષ્ટી થાય.

શનિના અસ્તનો વિચાર.

શનિનો અસ્ત પૂર્વ દિશામાં થાય તો રૂમાં ૧૫-૨૦ ટકા લગભગ તેજી થાય.

શનિનો અસ્ત પશ્ચિમ દિશામાં થાય તો રૂમાં ૧૫-૨૦ ટકાની ઘટાવધી થઇ અંતે મંદી થાય.

કર્ક રાશિમાં શનિનો અસ્ત થાય તો અનાજ ઘણું મોંઘું થાય.

કન્યા રાશિમાં અસ્ત થાય તો ધાતુ તથા ધાન્યના ભાવ તેજી થાય.

મકર રાશિમાં અસ્ત થાય તો સ્ત્રીઓનું મરણ વધારે થાય.

સૂર્ય તથા ચંદ્ર ગ્રહણનો વિચાર.

એક મહિનામાં જો સૂર્ય તથા ચંદ્ર ગ્રહણ બંને ગ્રહણ થાય તો રાજાઓમાં મહા યુદ્ધ થાય.

અધિક માસમાં સૂર્ય અગર ચંદ્ર ગ્રહણ થાય તો રાજાઓનો વિનાશ થાય અગર ભયંકર આફત આવે.

કાર્તિક શુદ ૧૫ તથા માગસર શુદ ૧૫ એમ બે ગ્રહણ હોય તો વરસ શ્રીકાર એટલે સારૂં ગણાય,

પોષ શુદ ૧૫ તથા પોષ વદ ૦)) એમ બે ગ્રહણ થાય તો દુકાળ પડે.

માહા શુદ ૧૫ તથા માહા વદ ૦)) એમ બે ગ્રહણ થાય તો અનાજ થોડું પાકશે.

ચૈત્ર શુદ ૧૫ તથા ચૈત્ર વદ ૦)) એમ બે ગ્રહણ થાય તો દુકાળ પડે.

અષાડ સુદ ૧૫ તથા અષાડ વદ ૦)) એમ બે ગ્રહણ થાય તો સુકાળ થાય. વરસ સારૂં નીવડે.

જે સ્થળે ગ્રહણ દેખાય તેજ સ્થળે ફળ મળે. જો આખું ગ્રહણ દેખાય તો ૨૦ દીવસમાં ફળ મળે. ¾ એટલે પોણા ભાગનું ગ્રહણ દેખાય તો એક માસમાં ફળ મળે. ½ એટલે અર્ધા ભાગનું ગ્રહણ દેખાય તો બે માસમાં ફળ મળે. ⅓ એટલે ત્રીજા ભાગનું ગ્રહણ દેખાય તો ત્રણ માસમાં ફળ મળે. ¼ એટલે ચોથા ભાગનું ગ્રહણ દેખાય તો ચાર માસમાં ફળ મળે.

ચંદ્ર ગ્રહણનો માસફળ વિચાર.

કારતક સુદ ૧૫નું ચંદ્ર ગ્રહણ હોય તો દરિયામાં તોફાન યા વિગ્રહ થાય. ખોરાકીની દરેક ચીજ તેમજ બીજી ચીજો સસ્તી થાય.

માગસર સુદ ૧૫ નું ચંદ્ર ગ્રહણ હોય તો અનાજનો સંગ્રહ કરી રાખવાથી એક માસમાં લાભ થાય.

પોષ સુદ ૧૫ નું ચંદ્ર ગ્રહણ હોય તો રૂ, કપાસ, સુતર, કાપડ, ઘી, તેલ, ગોળ, ખાંડ, સાકર, કપુર વિગેરે પદાર્થોના ભાવ તેજી થાય.

માહા સુદ ૧૫ નું ચંદ્ર ગ્રહણ હોય તો વરસાદ સારો થાય, અનાજની ઉપજ પણ સારી હોય. રસકસમાં તરતજ લાભ થાય.

ફાગણ સુદ ૧૫ નું ચંદ્ર ગ્રહણ હોય તો રસકસના ભાવ તેજી થાય. અનાજ પ્રથમ મોંઘું થઇ પાછળથી સસ્તું થાય.

ચૈત્ર સુદ ૧૫ નું ચંદ્ર ગ્રહણ હોય તો અનાજના ભાવ ઉતરે.

વૈશાખ સુદ ૧૫ નું ચંદ્ર ગ્રહણ હોય તો રૂ, કપાસ, સુતર તેજી થાય અને રસકસના ભાવ મંદા થાય.

જેઠ સુદ ૧૫ નું ચંદ્ર ગ્રહણ હોય તો રૂ, રસકસના ભાવ ધીમે ધીમે વધે, માટે સંગ્રહ કરી રાખવાથી લાભ મળે.

અષાડ સુદ ૧૫ નું ચંદ્ર ગ્રહણ હોય તો ધાન્ય, રસકસ મોંઘાં થાય. કપાસીયાના વેપારમાં લાભ થાય કારણકે તેના ભાવ વધે. જો રવિવારને રોજ ગ્રહણ હોય તો વરસ નબળું ગણાય.

શ્રાવણ સુદ ૧૫ નું ચંદ્ર ગ્રહણ હોય તો રૂ, સુતર કાપડના ભાવ વધે, રસકસ મોંઘા થાય. અનાજની નીપજ સારી થાય.

ભાદરવા સુદ ૧૫ નું ચંદ્ર ગ્રહણ હોય તો કપાસ અને રસકસના ભાવ તેજી થાય. સોનું વેચીને અનાજ સંગ્રહવાથી લાભ થાય.

આસો સુદ ૧૫ નું ચંદ્ર ગ્રહણ હોય તો રૂ, સુતરના ભાવ તેજી થાય. વેપાર રોજગાર સારો ચાલે.

ચંદ્રગ્રહણનો વારફળ વિચાર.

રવિવારને રોજે ચંદ્ર ગ્રહણ હોય તો અનાજનો સંગ્રહ કરી રાખવાથી પાંચ મહિનામાં લાભ મળે, અગર પાંચમા મહિનામાંજ લાભ મળે.

સોમવારને દીને હોય તો રૂમાં ૩૦ થી ૫૦ ટકા વધે તેમજ ઘી તેલના ભાવ પણ વધે.

મંગળવારને દિવસે હોય તો સુતર, કપાસ, સોપારી અને લાલ રંગના પદાર્થો ઘણા મોંઘા થાય—લગભગ દોઢા થાય.

બુધવારને દિવસે હોય તો રૂ, કપાસ, શણ, સુતરના ભાવ વધે. રૂમાં ૩૦-૩૫ ટકા લગભગ વધે.

ગુરૂવારને રોજે હોય તો રૂમાં ધીમે ધીમે તેજી થાય. ઘી, તેલ દીવેલ મોંઘાં થાય.

શુક્રવારને દીને હોય તો રૂના ભાવ ત્રણ માસ સુધી વધે. લગભગ ૫૦ થી ૭૫ ટકા વધે, પણ પાછળથી, જેટલી તેજી થઇ હોય તેટલીજ મંદી થાય.

શનિવારને દિવસે હોય તો લોખંડ, અફીણ, કાળું કાપડ તથા જુવાર બાજરીના ભાવ તેજી થાય.

સૂર્ય ગ્રહણનો માસફળ વિચાર.

કારતક વદ ૦)) નું સૂર્ય ગ્રહણ હોય તો સુકાળ હોય, છતાં ઘી, ધાન્ય મોંઘું વેચાય.

માગશર વદ ૦)) નું સૂર્ય ગ્રહણ હોય તો રૂ, કપાસ તેજી થાય. અનાજ મોંઘું થાય.

પોષ વદ ૦)) નું સૂર્ય ગ્રહણ હોય તો વરસાદ મનમાનતો વરસે અને અનાજની નીપજ સારી થાય.

માહા વદ ૦)) નું સૂર્ય ગ્રહણ હોય તો ઘી તથા અનાજના ભાવ વધે. વરસાદ પુષ્કળ વરસે, વરસ સારૂં નીવડે.

ફાગણ વદ ૦)) નું સુર્યગ્રહણ હોય તો. રસકસના ભાવ ઘણાજ તેજી થાય. ઘાસનો દુષ્કાળ જણાય.

ચૈત્ર વદ ૦)) નું સૂર્યગ્રહણ હોય તો ઘઉંના ભાવ પ્રથમ તેજી થઇ પાછળથી મંદી થાય.

વૈશાખ વદ ૦)) નું સૂર્યગ્રહણ હોય તો રસકસ મોંઘા થાય, અનાજ સસ્તું થાય.

જેઠ વદ ૦)) નું સૂર્યગ્રહણ હોય તો અનાજ સિવાય દરેક વસ્તુ સોંઘી થાય. સોનું વેચી અનાજ સંઘરવું.

અષાડ વદ ૦)) નું સૂર્યગ્રહણ હોય તો વિગ્રહ થાય, પણ જો મંગળવારે હોય તો કાળ પડે, અગર ખોરાકીની તમામ ચીજોના ભાવ હદ બહારના મોંઘા થાય.

શ્રાવણ વદ ૦)) નું સૂર્યગ્રહણ હોય તો રસકસ અને ધાન્યના ભાવ તેજી થાય, તથા કારતક માસમાં કોઇ પણ તરેહનો રોગ ફાટી નીકળે.

ભાદરવા વદ ૦)) નું સૂર્યગ્રહણ હોય તો રૂમાં મંદી તથા ખોરાકીની ચીજો સોંઘી થાય.

આસો વદ ૦)) નું સૂર્યગ્રહણ હોય તો ઘી તેલનો સંગ્રહ કરવાથી ત્રણ મહિનામાં લાભ મળે. બીજી જણસો સસ્તી થાય.

સૂર્યગ્રહણનો વારફળ વિચાર.

રવિવારને રોજે સૂર્યગ્રહણ હોય તો ઘી, તેલ, ખાંડ, સાકર લેવાથી અઢી મહિના પછી અગર તે દરમ્યાનમાં લાભ થાય.

સોમવારને દિવસે હોય તો ધાન્યનો સંગ્રહ કરવાથી આગળ ઉપર લાભ થાય. રાજાઓને ચિંતા ઉપાધિ ઉત્પન્ન થાય.

મંગળવારને દિવસે હોય તો ઘણીખરી ચીજોના ભાવ સાડાચાર મહિના સુધી આકરા રહે, કપાસ વિગેરે સંગ્રહ કરવાથી અઢી મહિના પછી યા તો દરમ્યાનમાં લાભ મળે.

બુધવારને રોજે હોય તો લાલ ચીજોનો સંગ્રહ કરી આગળ ઉપર વેચવાથી લાભ થાય.

ગુરૂવારને દિવસે હોય તો તલ તેલના ભાવ તેજી થાય. ઘણીખરી રાતી તેમજ પીળી ચીજો મોંઘી થાય.

શુક્રવારને રોજે હોય તો રૂ, કપાસ, સુતર અને ઘાસના ભાવ આકરા યા તેજી થાય, વરસાદ સારો થાય.

શનિવારને દિવસે હોય તો રાતા તેમજ નીલા રંગની ચીજો મોંઘી થાય.

જુદા જુદા ગ્રહો ભેગા થવાથી ઉપજતું ફળ.

સૂર્ય, ચંદ્ર, મંગળ, શનિ અને રાહુ એક રાશિપર આવે ત્યારે પૂર્વ દેશનો નાશ થાય, તથા રાજાઓને કષ્ટ થાય, પૃથ્વીપર હાહાકાર વરતાઇ રહે.

સૂર્ય, મંગળ, બુધ, શનિ ને રાહુ એક રાશીપર આવે ત્યારે દક્ષિણ દેશના મનુષ્યોનો વિનાશ થાય.

સૂર્ય, મંગળ, શનિ, રાહુ, ચંદ્ર અથવા ગુરૂ એક રાશિપર આવે ત્યારે રાજ્યનો નાશ થાય અને દુષ્કાળ પડે.

સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ અને ગુરૂ સિંહ રાશિપર ભેગા થાય તો રાજયભંગ યા છત્રભંગ થાય, તેમજ પ્રજાને પણ કષ્ટ પડે.

સૂર્ય, મંગળ, ગુરૂ, શુક્ર અને શનિ એક રાશિપર આવે ત્યારે રાજાઓને આફત પડે.

સૂર્ય, મંગળ અને શુક્ર એક રાશિ અને એક નક્ષત્રપર એકઠા થાય તો દેશમાં મારફાડ ચાલે.

મંગળ, ગુરૂ, શુક્ર અને શનિ એક રાશિપર આવે ત્યારે રાજાઓનો વિનાશ થાય અગર આફ્તો પડે.

મંગળ, શુક્ર અને રાહુ એક રાશિપર આવે ત્યારે રાજાઓ અંદર અંદર લડી મરે અને પૃથ્વીપર લોહીની નીકો વહે.

મંગળ, શુક્ર અને શનિ એક રાશિપર અથવા એક નક્ષત્રપર એકઠા થાય તો અગ્નિ પ્રકોપ, દુર્ભિક્ષ હોય.

બુધ, ગુરૂ, શુક્ર, શનિ અને રાહુ એક રાશિ અને એક નક્ષત્રપર આવે ત્યારે દરેક સ્થળે ઉત્પાત થાય, લોકોને પીડા થાય, દુષ્કાળ પડે તેમજ સોનું, ચાંદી, તાંબું, પીત્તળ વિગેરે સાતે ધાતુ મોંઘી થાય.

ગુરૂ, શનિ અને રાહુ એક રાશિપર ભેગા થાય ત્યારે રાજ્યના સૈન્યમાં દુઃખ ઉત્પન્ન થાય અને રાજા તરફથી પ્રજાને દુઃખ પડે.

શનિ, સૂર્ય, મંગળ અને શુક્ર મેષ રાશિપર ભેગા થાય ત્યારે અતિવૃષ્ટી થઇ દુકાળ પડે.

શનિ, મંગળ અને શુક્ર વરખ રાશિપર આવે ત્યારે રાજ્ય યા છત્રભંગ થાય, દુષ્કાળ પડે અને અગ્નિનો કોપ થાય.

દુષ્કાળ, યુદ્ધ, છત્રભંગ વિગેરે બાબત.

કારતક સુદ ૫ શનિવાર હોય તો દુકાળ પડે.

કારતક સુદ ૧૫ ને ભરણી નક્ષત્ર ચાર પહોર સુધી એટલે આખો દીવસ હોય તો ભયંકર દુકાળ પડશે, તથા અનેક પ્રકારના રોગ ઉત્પન્ન થશે.

કારતક વદ ૦)) શનિ, રવિ ને મંગળવારી હોય તેમજ સ્વાતિ નક્ષત્ર અને આયુષ્યમાન નામનો યોગ હોય તો દેશ ઉપર દોઢ માસમાં દુખકારી પ્રસંગ આવે.

માગશર સુદ ૪ મંગળવારી રોહીણી નક્ષત્ર સહિત હોય તો દરેક ગામમાં અગ્નિ ભય થાય.

માગશરથી ચૈત્ર માસ સુધી દરેક મહિનાની સુદ ૬ રવિવારી હોય તો દુકાળ પડે અથવા રાજાઓના છત્રભંગ થાય.

માગશર માસ અને તે પછીના સઘળા માસમાં સુદ પક્ષમાં તીથિનો ક્ષય હોય તો તે વર્ષમાં છત્રભંગ થાય, પ્રજાને પીડા થાય ને દુકાળ પડે.

માગશર વદમાં તીથિ વધે તો તે વરસમાં રાજાઓનું યુદ્ધ થાય.

માહા સુદ ૧ મંગળવારી, ચૈત્ર સુદ ૧ રવિવારી અને શ્રાવણ સુદ ૧ શનિવારી હોય તો તે વરસમાં જરૂર દુકાળ પડે. આ પ્રમાણે એ માસ તીથિવાર આવે તો વરસ દશ આની નબળું જાણવું. એક માસ તીથિવાર આવે તો પાંચ આની નબળું જાણવું.

માહા સુદ ૭ ને સોમવાર રોહિણી નક્ષત્ર સહિત હોય તો રાજાઓમાં યુદ્ધ ને પ્રજામાં રોગ થાય.

માહા સુદ ૮ ને ગુરૂવાર હોય ને પ્રભાતમાં વરસાદ થાય તો એક વરસ સુધી વરસાદ થાય નહિ.

માહા વદ ૫–૬–૭ શુક્ર, શનિ, રવિવારી હોય તો તે વરસમાં પૃથ્વીમાં રાજાઓનું યુદ્ધ થાય.

ફાગણ સુદ ૨ ને રવિવારે ચંદ્રોદય થાય તો રાજવિગ્રહ, ઉલ્કાપાત થાય. વાયુ ઘણો વાય, ઢોર–પશુ ઘણા મરે. માણસોને પીડા અને ધાન્યની તાણ હોય.

વૈશાખ સુદ ૩ ને મૃગશીર્ષ નક્ષત્ર પુરૂં હોય તો મહાકાળ જાણવો.

વૈશાખ સુદ ૧૫ ને સોમવાર હોય અને તે દિવસે વાદળાં હોય તો રાજ્યને નુકસાન થાય.

જેઠ સુદ ૨–૩ ના રોજ આર્દ્રા નક્ષત્ર હોય ને તે દીવસે વરસાદ થાય તો દુર્ભિક્ષ હોય.

જેઠ વદ ૦)) શનિ, રવિ કે મંગળવારી હોય તો તે ટંટા બખેડા ઘણા થાય.

અષાડ વદ ૧૨ ને રોહીણી નક્ષત્ર હોય તો જબરો દુકાળ પડે.

અષાડ વદ ૧૪ ને રોહીણી નક્ષત્ર હોય તો ઘર-બાર છોડવાં પડે, રાજાઓમાં જબરૂં યુદ્ધ હોય.

શ્રાવણ મહિનામાં પાંચ મંગળ કે શનિવાર હોય તો ગુજરાતમાં કષ્ટ હોય અને પાંચ બુધવાર હોય તો મેવાડમાં વિગ્રહ થાય.

શ્રાવણ સુદ ૯ શનિવારી હોય તો સંતાપ કરે અને આસો મહિનામાં છત્રભંગ થાય.

ભાદરવા વદ ૧૪ ને શનિવાર હોય તો દુર્ભિક્ષ, ને દેશભંગ થાય.

ભાદરવા વદ ૦)) ને રવિવાર હોય અને તે દિવસે સૂર્યનો ઉદય થતાં પશ્ચિમ દિશામાં ઈંદ્ર ધનુષ્ય દેખાય તો પૃથ્વીમાં સર્વત્ર હાહાકાર થાય.

પૂર્વાફાલ્ગુની નક્ષત્ર પર શનિ આવે ત્યારે આખી પૃથ્વીપર મહા ભયંકર યુદ્ધ થાય.

સ્વાતિ અગર વિશાખા નક્ષત્રપર શનિ આવે ત્યારે રાજાઓને કષ્ટ પડે.

અનુરાધા અથવા જયેષ્ટા નક્ષત્રપર શનિ આવે ત્યારે પશ્ચિમ દેશમાં મોટું યુદ્ધ થાય તેમજ મોટો વિનાશ થાય.

ઉત્તરાષાઢા નક્ષત્ર ઉપર **શનિ** આવે ત્યારે સાત મહિના સુધી જળનો નાશ થાય, વરસાદની તાણ હોય.

ઉત્તરાષાઢા નક્ષત્ર પરથી વક્રી થઇને **શનિ પૂર્વાષાઢા**પર આવે ત્યારે ભયંકર દુષ્કાળ પડે. શ્રીમંતોને પીડા થાય.

શનિ, કન્યા અગર **મીન** રાશિપર આવે ત્યારે મહા ભયંકર યુદ્ધ થાય, તેમજ દેશમાં ભયંકર દુષ્કાળ જણાય.

શનિ, મિથુન રાશિપર આવે ત્યારે પશ્ચિમના મુલકોમાં મોટા રણસંગ્રામ થાય, પ્રજામાં ત્રાસ ફેલાય અને ભયંકર દુકાળ પડે.

રાહુ, તુલા રાશિપર આવે ત્યારે અથવા ક્રુર **ગ્રહોની** જોડે આવે તો ખેતીવાડીનો વિનાશ અને ભયંકર દુકાળ પડે.

કર્ક સંક્રાંતિ મંગળવારી અને **મકર સંક્રાંતિ શનિવારી** બેસે તેમજ બંને સંક્રાંતિની મૂર્તિ ૧૫ હોય તો દેશ ઉપર ભયંકર આપ્રત આવે અગર દેશ ઉજ્જડ થાય.

મીન સંક્રાંતિના દિવસે **તિથિનો ક્ષય** હોય અને તે દિવસે **મંગળ, શનિ કે રવિવાર** હોય તો દુષ્કાળ પડશે.

જુદા જુદા ધ્રુવાંકથી તેજીમંદી જોવાની રીતિ.

માસ, તિથિ, વાર, નક્ષત્ર, યોગ, રાશિ વિગેરેના ધ્રુવાંક **ઉપરથી જુદી જુદી ચીજોની તેજીમંદી** જોઈ શકાય **છે, જેથી** માસ, તિથિ વિગેરેના ધ્રુવાંક અનુક્રમે અત્રે આપીયે છીયે;—

માસના ધ્રુવાંક.

ચૈત્ર	વૈશાખ	જેઠ.	અષાડ	શ્રાવણ	ભાદરવો
૧૫	૧૬	૧૮	૨૦	૨૨	૨૫
આસો	કારતક	માગશર	પોષ	માહા	ફાગણ
૧૪	૧૭	૧૯	૨૩	૨૧	૨૪

તિથિનાં ધ્રુવાંક.

એકમ	બીજ	ત્રીજ	ચોથ	પાંચમ	છઠ્ઠ	સાતમ	આઠમ
૧૨	૧૪	૧૬	૧૮	૨૦	૨૨	૨૪	૨૬
નોમ	દશમ	અગીઆરસ	બારસ	તેરસ	ચૌદસ	પુનમ	અમાસ
૨૫	૨૩	૨૧	૧૯	૧૭	૧૫	૧૮	૧૩

શુદ પક્ષ અને વદ પક્ષની એકમથી ચૌદસ સુધીની તિથિઓના ધ્રુવાંક એક સરખાજ સમજી લેવા. ફક્ત પુનમ અને અમાસના ધ્રુવાંક ઉપર જણાવ્યા મુજબ જુદા જુદા છે.

વારનાં ધ્રુવાંક.

સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ
૧૫૫	૧૮૫	૮૦૧	૭૫૬	૮૨૬	૬૩૬	૪૨૫

નક્ષત્રના ધ્રુવાંક.

અશ્વિની	ભરણી	કૃતિકા	રોહીણી	મૃગશીર્ષ	આર્દ્રા
૧૮૫	૬૭૪	૨૫૨	૭૮૪	૭૮૫	૧૩૭
પુનર્વસુ	પુષ્ય	અશ્લેષા	મઘા	પૂર્વાફાલ્ગુની	ઉત્તરાફાલ્ગુની
૬૫૮	૬૨૫	૧૮૮	૧૫૫	૨૨૦	૧૫૭

હસ્ત	ચિત્રા	સ્વાતિ	વિશાખા	અનુરાધા	જ્યેષ્ટા
૮૫૫	૩૫૦	૮૮૩	૭૫૨	૭૫૭	૭૨૪
મૂળ	પૂર્વાષાઢા	ઉત્તરાષાઢા	શ્રવણુ	ધનિષ્ટા	શતતારા
૬૭૦	૬૭૭	૬૭૪	૮૪૭	૫૫૪	૯૫૪
પૂર્વાભાદ્રપદ	ઉત્તરાભાદ્રપદ	રેવતિ			
૩૬૩	૧૭૪	૭૭૫			

ચોગના ધ્રુવાંક.

વિષકુંભ	પ્રીતિ	આયુષ્માન	સૌભાગ્ય	શોભન	અતિગંડ		
૬૩૭	૭૭૩	૫૫૧	૩૭૧	૬૩૫	૩૪૦		
સુકર્મા	ધૃતિ	શૂળ	ગંડ	વૃદ્ધિ	ધ્રુવ	વ્યાઘાત	હર્ષણુ
૮૫૭	૧૪૦	૫૭૪	૩૮૭	૨૭૮	૨૭૮	૨૭૭	૨૭૬
વજ્ર	સિદ્ધિ	વ્યતિપાત	વરીયાન	પરિઘ	શિવ	સિદ્ધ	
૫૭૫	૭૨૦	૬૬૧	૩૭૪	૪૬૫	૧૬૧	૮૩૭	
સાધ્ય	શુભ	શુકલ	બ્રહ્મા	ઐંદ્ર	વૈધૃતિ		
૩૪૪	૪૨૩	૫૪૪	૪૪૫	૬૪૪	૩૪૩		

રાશિના ધ્રુવાંક.

મેષ	વૃષભ	મિથુન	કર્ક	સિંહ	કન્યા	તુલા
૫૨૧	૭૭૧	૫૫૫	૨૭૨	૮૨૧	૧૫૧	૫૭૫
વૃશ્ચિક	ધન	મકર	કુંભ	મીન		
૮૩૨	૫૫૧	૫૭૨	૨૬૧	૫૬૪		

વસ્તુઓના ધ્રુવાંક.

રૂ	કપાસ	સોનું	રૂપું	તાંબુ	કાંસું	પીતળ	લોખંડ
૧૭૩	૩૫	૬૮	૮૮	૨૮	૧૦૧	૧૦૨	૨૭૮

મોતી	ઘઉં	અળસી	ચોખા	બાજરી	જવ		
૮૦	૨૮૫	૧[illegible]૮	૩૭૨	૭૭૮	૭૭૨		
તુવેર	ચણા	મગ	મઠ	અડદ	ચોળા		
૫૫૭	૨૪૨	[illegible]૫૨	૬૮૪	૧૪૩	૭૨		
લોંગ	જુવાર	કાંગણી	કુલથી	ઘી	તેલ		
૨૭	૭૭૭	૨૩૪	૨૭૪	૪૪૫	૫૪૭		
સરસીયું	ખાંડ	સાકર	ગોળ	તલ	હીંગ	હળદર	
૮૪૦	૨૪૭	૧૨૮	૬૬	૧૮	૨૪	૫૪	
મેથી	રાઇ	ધાણા	જીરૂં	અજમો	ગુંદર	કઠ્ઠુ	
૩૬	૪૪૧	[illegible]૪૨	૭૭૩	૧૭૬	૨૩૫	૨૨૪	
સાજીખાર	સંચળ	મરચાં	આમળાં	બહેડાં	હરડે	હીંગળો	લાખ
૮૮૪	૧૨	૧૩૦	૭૭૪	૭૮૪	૮૪૭	૮૨૭	૮૮
હરતાળ	પારો	મીઠું	અફીણ	મટર	તંબાકુ	મગફળી	
૭૨૫	૬૨૭	૭૩૫	૮૮૪	૪૮	૨૮૩	૨૧૨	
પીપળ	કુંકુમ	ચંદન	લાલચંદન	કપુર	અગરબતી		
૧૨૮	૯૫	૧૨૬	૧૧૫	૯૨	૧૨		
ખજુર	ઇલાયચી	સોપારી	નારીયેળ	જાયફળ	કાથો		
૧૨૬	૨૧	૧૦૮	૩૦૪	૧૩	૧૮૨		
બદામ	કેશર	કસ્તુરી	ચારોળી	દ્રાખ	કાષ્ટ	તૃણ	
૭૬૦	૨૨૭	૨૮૪	૭૭૮	૩૨૦	૮૧	૮૨	
ઉન	શણ	રેશમ	કપડાં	હાથી	ભેંસ	ઉંટ	
૧૫૦	૮૮૨	૫૦	૪૮	૪૮૨	૬૮૪	૪૮૪	
ઘોડા	ગાય	બળદ	ગદ્ધા	બકરી			
૮૭૧	૨૮૩	૧૪૪	૨૭૪	૩૨૧			

ઉપર મુજબ દરેક જુદા જુદા ધ્રુવાંક જણાવ્યા છે. હવે જે ચીજની તેજીમંદી જોવી હોય તે ચીજના ધ્રુવાંક, તથા તે તિથી, વાર, નક્ષત્ર, યોગ, રાશિ અને માસના ધ્રુવાંક એકઠા કરીને તેને નવે ભાગવા. ભાગતાં એક શેષ વધે તો તે વસ્તુનો ભાવ સસ્તો થશે એટલે મંદો થશે. બે વધે તો સમભાવ એટલે લાંબી વધઘટ જણાશે નહિ-ભાવના ભાવ પડી રહે. શુન્ય વધે તો તે ચીજનો ભાવ મોંઘો થાય એટલે તેજી થાય.

તેજી મંદિ જોવાની બીજી રીતિ.

જે દિવસે નવીન સંક્રાંતિ બેસે તેજ દિવસે તે સંક્રાંતિના ફળ માટે વિચાર કરવો. સંક્રાંતિની જેટલી ઘડી હોય તેમાં નવનો આંક ઉમેરવો, અને સાતે ભાગ દેવો. જો એક વધે તો મંદી, બે વધે તો સમાન અને ત્રણ વધે તો તેજી જાણવી.

તેજીમંદી જોવાની ત્રીજી રીતિ.

તિથી, વાર, નક્ષત્ર, યોગ અને માસના ધ્રુવાંકોનો સરવાળો કરી સાતે ગુણવા, પછી ત્રણે ભાગવા. એક વધે તો મંદી, બે વધે તો સમાન અને ત્રણ વધે તો તેજી જાણવી. આ પ્રમાણે દરેક સંક્રાંતિ બેસે તેજ દીવસે જોવું જોઇયે, એટલે આખા માસનો વિચાર તે દીવસે આવી શકે.

સંક્રાંતિ, નક્ષત્ર, તિથિ અને વારના ધ્રુવાંક

નક્ષત્ર, તિથિ અને વારના ધ્રુવક આગળ જણાવ્યા છે, પણ તે ધ્રુવાંકને આ સાથે સંબંધ નથી એટલે અત્રે

આપેલા ધ્રુવાંક તદ્દન જુદાજ છે, તેમજ સંક્રાંતિના ધ્રુવાંક પણ અત્રે જુદાજ છે, એટલે આ રીતિ, આગલી રીતિ કરતાં જુદીજ છે. હવે દરેક ધ્રુવાંક નીચે આપેલા છે.

સંક્રાંતિના ધ્રુવાંક.

મેષ	વૃષભ	મિથુન	કર્ક	સિંહ	કન્યા	તુલા
૧૨	૨૧	૨૫	૧૭	૧૯	૨૫	૨૮

વૃશ્ચિક	ધન	મકર	કુંભ	મીન.
૩૭	૪૫	૪૯	૧૩	૧૯

વારના ધ્રુવાંક.

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ
૨૧	૧૫	૧૯	૧૮	૧૩	૧૪	૨૧

તિથિના ધ્રુવાંક.

એકમ	બીજ	ત્રીજ	ચોથ	પાંચમ	છઠ	સાતમ
૫	૭	૯	૧૧	૨૧	૨૭	૯

આઠમ	નોમ	દશમ	અગીયારસ	બારસ	તેરસ
૪૫	૪૩	૩૯	૩૭	૫૫	૨૭

ચૌદસ	પુનમ	અમાંસ.
૩૯	૩૯	૩૯

શુદ અને વદ પક્ષની તિથિઓના ધ્રુવાંક એક સરખાજ સમજી લેવા.

નક્ષત્રના ધ્રુવાંક.

અશ્વિની	ભરણી	કૃતિકા	રોહીણી	મૃગશીષ
૭	૯	૨૧	૧૭	૧૩

આર્દ્રા	પુનર્વસુ	પુષ્ય	અશ્લેષા	મઘા	પૂ૦ ફાલ્ગુની
૪૫	૨૯	૩૭	૩૯	૩૩	૧૫

ઉ૦ ફાલ્ગુની	હસ્ત	ચિત્રા	સ્વાતિ	વિશાખા	અનુરાધા
૧૩	૧૧	૯	૩	૫	૧૩

જયેષ્ટા	મૂળ	પૂર્વાષાઢા	ઉ૦ ષાઢા	શ્રવણ	ધનિષ્ટા
૧૯	૪૭	૨૧	૧૯	૧૭	૯

શતતારા	પૂ૦ ભાદ્રપદ	ઉ૦ ભાદ્રપદ	રેવતી.
૧૭	૨૭	૧૯	૯

ચીજોના ધ્રુવાંક.

રૂ	કપાસ	સુતર	ચાંદી	સોનું	તાંબુ	સીસું
૨૭	૨૭	૪૯	૪૫	૪૯	૬૯	૬૯

લોઢું	ઘી	તેલ	ગોળ	ખાંડ	સાકર	ઘઉં	બાજરો
૫૯	૪૪	૪૫	૧૮	૨૯	૨૩	૩૧	૧૧

જુવાર	તુવેર	ચોળા	અડદ	મગ	ચણા	મસુર
૯	૧૩	૨૩	૧૯	૧૩	૨૧	૧૪

ઝાલર	જવ	મઠ	કાંગ	કળથી	બંટી	બાવટો	તલ
૨૩	૧૯	૧૭	૧૫	૧૧	૧૯	૧૯	૪૫

સુંઠ	મેથી	જીરૂ	હળદર	રાજગરો	શ્રીફળ	ટોપરાં
૧૭	૧૩	૧૫	૧૪	૧૭	૧૫	૭

ખારેક	અફીણ	મજીઠ.
૮	૪૯	૪૦

જે ચીજની તેજી મંદી જાણવી હોય તે ચીજના ધ્રુવાંક તથા ચાલુ સંક્રાંતિના, વારના, તિથિના, અને નક્ષત્રના

ધ્રુવાંકનો સરવાળો કરી તેને ત્રણ ભાગ દેવો. જો શેષમાં એક વધે તો મંદી, બે વધે તો સમાન અને શુન્ય વધે તો તેજી થાય. એ પ્રમાણેનું ફળ એક સંક્રાંતિનું જાણવું.

લીલામનો આંક જાણવાની જુદી જુદી રીતિ.

૧ જે દિવસે જે દેવતાનો વાર હોય તે દિવસે તે દેવતાને મંદિર જવું અને ત્યાં જે કોઇ માણસ બેઠો હોય તેને અથવા પુજારીને પુછવું કે લીલામનો આંક શું આવશે? તે માણસ જે આંક કહે સત્ય તે સમજી લેવો.

વારના દેવતા નીચે પ્રમાણેઃ—

રવિવાર શિવનો, ચંદ્રવાર પાર્વતીનો, મંગળવાર કાર્તિક સ્વામીનો, બુધવાર વિષ્ણુનો, ગુરૂવાર બ્રહ્માનો, શુક્રવાર ઇંદ્રનો અને શનિવાર કાળનો છે, એટલે કે રવિવાર હોય તો શિવમંદીર જવું વિગેરે.

૨ રવિવારને રોજ ક્ષત્રીને ઘેર જવું, સોમવારને રોજ માળીને ઘેર જવું, મંગળવારને રોજ સોનીને ઘેર જવું, બુધવારને રોજ વાણીયાને ઘેર જવું, ગુરૂવારને રોજ બ્રાહ્મણને ઘેર જવું, શુક્રવારને રોજ ધોબીને ઘેર જવું, શનિવારને રોજ તેલી ને ઘેર (તેલ વેચનારને ત્યાં) જવું અને ત્યાં મકાનની બહાર ઉભા રહીને ઘરમાં બોલતા માણસનો અવાજ સાંભળવો એટલે બહાર ઉભા રહી ઘરમાંથી કંઇ પણ શબ્દ સંભળાય તે સાંભળવા, તે શબ્દને એકઠા કરતાં જે કાંઇ આંકડો થાય તેજ લીલામનો એક આંક સમજી લેવો.

૩ જુદી જુદી ચીઠ્ઠી ઉપર એકથી બાર સુધીના આંક લખવા એટલે બાર ચીઠ્ઠી જુદી જુદી કરવી. બાદ ન્હાઇ ધોઇને અગર સ્વચ્છ કપડાં પહેરીને પોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરીને તે ચીઠ્ઠીઓમાંથી એક ચીઠ્ઠી ઉચકી લેવી; એ પ્રમાણે ત્રણ વાર ચીઠ્ઠી ઉંચકવી. જો ત્રણે વખત જુદા જુદા આંક જણાય તો પહેલી વાર આવેલી ચીઠ્ઠીનો આંક વધારે સાચો જાણવો, પરંતુ જો બેવાર એકજ આંક નીકળે તો તેજ આંક જાણવો અને ત્રણે વખત જો એકજ આંક નીકળે તો તે સૌથી વધારે ખાત્રી લાયક સમજવો.

૪ શ્લોકઃ કાર્પણ્ય દોષો પહત સ્વભાવ પ્રચ્છમિત્વાં ધર્મ સમૂઢ ચેતા । યન્મેંશ્રેય સ્યાન્નિશ્ચિતં બ્રૂહિતન્મે શિષ્યસ્તેઽહંસાધિમાં ત્વં પ્રપન્નમ્ ॥ આ મંત્રનો રાત્રિના સમયે એક હજાર જપ કરવો અને બ્રહ્મચર્ય રહેવું એટલે સ્રીનો સંગ કરવો નહિ. આ પ્રમાણે ૨૧ દીવસ સુધી જપ કરવાથી સ્વપ્નમાં લીલામનો આંક જરૂર જણાશે, જે આંક આગલા મહિનાનો સમજી લેવો.

શરતના ઘોડાઓનાં નામ જાણવા બાબત.

૧ જે પ્લેટ ઉપર જેટલા ઘોડાઓ દોડવાના હોય તે ઘોડાઓના નામના અક્ષરો એકઠા કરી તેને નવે ભાગવા. શેષમાં જે આંક વધે તે નંબરનો ઘોડો શરતમાં જીતશે એમ સમજવું.

૨ બીજું જે પ્લેટ ઉપર જેટલા ઘોડા દોડાવવાના

હોય તેઓના નામના અક્ષરો ભેગા કરી પ્લેટ ઉપર દોડ-નારા ઘોડાઓની જે સંખ્યા હોય તે સંખ્યાએ ભાગાકાર કરવો. શેષમાં જે આંક વધે તે નંબરનો ઘોડો શરતમાં જીતશે એમ સમજવું.

ઉપરની બન્ને રીતિઓની અજમાયસ કરવી અને બંનેમાં એકજ જવાબ નીકળે તે ઉપર વધારે ભરૂંસો મૂકવો. જો બંનેમાં જુદો જુદો આંક આવે તો બંને નંબ-રના ઘોડાઓની અજમાયસ કરવી.

કોઇવાર એવું બને છે કે ઘોડાઓ દોડતા પહેલાં તેના નંબરોમાં ફેરફાર થાય છે, માટે જે આંક ઉપરની રીતિમાં જણાય તે આંકવાળા એટલે તે નંબરવાળા ઘોડાના નામ ઉપરજ આધાર રાખવો.

૩ જે પ્લેટ ઉપર જે જે વખતે ઘોડાઓ દોડવાના હોય તે તે વખતની જુદી જુદી કુંડળીઓ મુકવી, અને તે કુંડળીઓનું જે લગ્ન નીકળે તે લગ્નની રાશિઓનો જે રંગ હોય તે રંગવાળા ઘોડાઓ જીતશે અગર તે રંગના પોષાકવાળા જોકી જે ઘોડાઓ ઉપર બેસે તે ઘોડાઓ જીતશે. ઘોડાઓના રંગ સમજવામાં મુશ્કેલી નડે તો જોકીના રંગ ઉપર આધાર રાખવો ઠીક છે. રાશિઓના રંગ નીચે મુજબ;–

મેષ રાશિનો રાતો રંગ, વરખનો સફેત, મિથુનનો પોપટીયો, કર્કનો કંઇક રાતો ને કંઇક કાળો, સિંહનો કંઇક ધોળો, કન્યાનો વિચિત્ર, તુલાનો કાબરચીત્રો, વૃશ્ચિકનો

સોના જેવો પીળો, ધનનો પીળો, મકરનો તપખીરીયો, કુંભનો નોળીયા જેવો, અને મીનનો રંગ આકાશી અથવા માછલાંના રંગ જેવો જાણવો.

વિશેષમાં ગુલાબી, જાંબુડો રંગ પણ કર્ક રાશીનો સમજવો, સિંહ રાશિનો રંગ કંઇક કાળો તથા કંઇક પીળો અને કંઇક ધોળો એમ મિશ્ર રંગ પણ છે. વળી સિંહના જેવો રંગ પણ સિંહ રાશીનો સમજવો, ચિત્ર વિચિત્ર રંગ હોય એટલે વિવિધ રંગ હોય તો કન્યા રાશિનો સમજવો. ધનુષના જેવો રંગ હોય તો ધનરાશિનો સમજવો.

રૂમાં મોટી વધઘટના ખાસ સંજોગો.

ધૂમકેતુ, પુછડીયો તારો અગર છોગાળો તારો જે દીવસે દેખાય તે દિવસે રૂના જે ભાવ હોય તેનાથી બમણા ભાવ થાય.

કાર્તિક સુદ ૫ અને પોષવદ ૦)) એ બંને તિથિએ રવિ, મંગળ કે શનિવાર હોય તો રૂના ભાવ દોઢા કે બમણા થાય.

વૈશાખ સુદ ૩ એટલે અક્ષય તૃતીયા-અખાત્રીજને રોજ સ્વાતિ નક્ષત્ર હોય અને તે દિવસે જો વરસાદના છાંટા પડે તો રૂના ભાવ દોઢા કે લગભગ બમણા થાય.

વૈશાખ સુદ ૬ ને શુક્રવાર હોય અને છઠ્ઠ જો

પૂર્ણ હોય તો રૂના ભાવ અગીઆર માસમાં લગભગ અડધા થઈ જાય.

વૈશાખ વદ ૧૪ ને શનિવાર હોય તો રૂના ભાવ લગભગ બમણા થાય.

ધન સંક્રાંતિ સોમવારી આવે તો વૈશાખ સુદ ૧૫ સુધીમાં અગર છેવટે અષાડ સુદ ૧૫ પહેલાં રૂના ભાવ દોઢા થાય.

ચંદ્રગ્રહણ સોમવારે હોય તો રૂમાં ૫૦ ટકા વધે અને જો બુધવારે હોય તો ૩૦-૩૫ ટકા વધે.

ચંદ્રગ્રહણ શુક્રવારે હોય તો ત્રણ માસ સુધી રૂનો ભાવ તેજી થાય અને તે પછી, ભાવ જેટલો વધ્યો હોય તેટલોજ ઘટી જાય. લગભગ ૫૦-૭૫ ટકા વધીને પછી ઘટી જાય.

મેષ રાશિનો ગુરૂ થાય ત્યારે ૬૦-૭૦ ટકાની વધાઘટી થાય.

શનિ વક્રી થાય ત્યારે ૬૦-૭૦ ટકાની વધઘટ થાય. ઘણું કરીને પહેલી તેજી પછી મંદી થાય.

કુંભ રાશિપર બુધ ગુરૂ અથવા બુધ ચંદ્ર સાથે આવે તો લગભગ ૫૦ ટકા ઘટે.

કુંભ રાશિપર રાહુ આવે ત્યારે, અઢી મહીના પહેલાંથી તે એક વરસ સુધીમાં ૧૨૫ થી ૧૫૦ ટકા તેજી થાય.

ચાંદીમાં મોટી વધઘટના ખાસ સંજોગો.

બુધ અગર ગુરૂ વક્રી થાય ત્યારે ૨ થી ૪ ટકાની વધાઘટી થઇ અંતે તેજી થાય.

શુક્ર સિંહ રાશિપર આવે ત્યારે ૨–૩ ટકા ઘટે અને તુલા રાશિપર આવે ત્યારે ૩–૪ ટકા ઘટે અગર વધે.

મંગળ મેષ અથવા તુલા રાશિપર આવે ત્યારે ૧ાા–૨ ટકા તેજી થાય.

બુધનો મેષ રાશિમાં ઉદય થાય ત્યારે ૧ાા–૨ ટકા મંદી થાય.

સિંહ નો બુધ થાય ત્યારે ૧ાા–૨ ટકા વધે.

કન્યાનો બુધ થાય ત્યારે ૨–૩ ટકાની મંદી થાય.

અશ્લેષા નક્ષત્રનો મંગળ થાય ત્યારે મોટી મંદી થાય.

ધનિષ્ટા અથવા પુષ્ય નક્ષત્રમાં સૂર્ય આવે ત્યારે ૧ાા–૨ ટકા તેજી થાય.

અનુરાધાનો સૂર્ય થાય ત્યારે ૧ાા–૨ ટકા મંદી થાય.

શુક્ર મંગળ એક રાશિપર આવે ત્યારે ૨–૩ ટકા તેજી થાય.

રાહુ મંગળ એકજ રાશિપર અથવા એકજ નક્ષત્રપર એકઠા થાય તો ૨–૩ ટકા તેજી થાય.

બુધ, ગુરૂ, શુક્ર, શનિ એકત્ર થાય તો ભારે ઉથલ પાથલ થાય.

સોમવારી અમાસ હોય તો ૨–૩ ટકા મંદી થાય અગર વધઘટ થઇ મંદી થાય.

ચૈત્ર શુદ ૧ બુધવારી હોય તો ૩–૪ ટકાની ઘટવધ થઇ છેવટે મંદી થાય.

સોનામાં મોટી વધઘટના ખાસ સંજોગો.

મંગળ વક્રી થાય ત્યારે ભારે તેજી થાય. ૧–૧ાા ટકા તેજી થાય.

મંગળ વરખ, સિંહ, કન્યા અને મકર રાશિનો થાય ત્યારે ભારે તેજી થાય. વરખ અને મકર રાશિમાં કંઇક વધુ તેજી બતાવે છે. ૧ થી ૨ ટકાની તેજી થાય.

બુધ, ગુરૂ, અથવા **શુક્ર** સિંહ રાશિનો થાય તો લગભગ ૧ ટકો તેજી થાય.

સૂર્ય તુલાનો થાય ત્યારે લગભગ ૧–૧ાા ટકો તેજી થાય.

અનુરાધા નક્ષત્રમાં સૂર્ય આવે તો મંદી ઠીક થાય.

પુષ્ય નક્ષત્રપર બુધ આવે તો ૦ાા ટકો લગભગ મંદી થાય.

ગુરૂનો ઉદય થાય તો મંદી સારી થાય.

મિથુનનો બુધ અથવા શનિ થાય તો નરમાસ સારી આવે.

કર્કનો રાહુ થાય તો ૦ાા–૧ ટકો મંદી થાય.

રાહુ મંગળ એકઠા થાય તો ૧ ટકો લગભગ તેજી થાય.

ગુરૂ **વક્રી** થાય તો ભારે ફેરફાર થાય, ઘણું કરીને ભારે તેજી થાય, છતાં બજારના ભાવ ઉપર ખાસ ધ્યાન આપી કામ કરવું.

ભાદરવા સુદ ૮ ને મૂળ નક્ષત્ર રવિ કે સોમવારે હોય તો પાંચ મહિના સુધી સોનું મોંઘું રહે.

અળસીમાં મોટી વધઘટના સંજોગો.

મંગળ સિંહ, કન્યા અથવા મકર રાશિમાં આવે ત્યારે ભારે તેજી થાય. લગભગ ૧ાા–૨ ટકા તેજી થાય.

મંગળ વક્રી થાય અથવા **અસ્ત** થાય તો ભારે તેજી થાય.

મંગળ રાહુ એકત્ર થાય તો ૧ાા–૨ ટકા તેજી થાય.
તુલાનો સૂર્ય થાય તો ૧ ટકો લગભગ તેજી થાય.
શ્રવણનો સૂર્ય થાય તો ૧ ટકો તેજી થાય.

ગુરૂ વક્રી થાય તો ભારે મંદી થાય. ૧ાા થી ૨ાા ટકા લગભગ મંદી થાય.

બુધ શુક્ર એકત્ર થાય તો એકદમ બજાર બેસી જાય.
શુક્ર શનિ એકઠા થાય તો ભારે વધઘટ થાય.

શેરોમાં મોટી વધઘટના ખાસ સંજોગો.

શનિ વક્રી થાય ત્યારે મીલ શેરોમાં–ખાસ કરીને મોટા શેરોમાં લગભગ ૧૫૦ ટકા–રૂપીઆ વધે. લોખંડ, સીસું અને કલાઇના શેરોમાં પણ સારી તેજી આવે.

બુધ વક્રી થાય ત્યારે પણ સારી તેજી થાય. પેટ્રોલ અને તેલના શેરોના ભાવોમાં ઠીક વધારો થાય.

પાંચ ગુરૂવારો મહિનો હોય તો મીલ શેરોના ભાવ સારા વધે.

પાંચ બુધ અને ગુરૂવારો મહિનો હોય તો મીલ શેરોમાં સારી તેજી થાય.

પાંચ સોમ અને મંગળવારો મહિનો હોય તો શેરોના ભાવોમાં મોટી વધઘટ થાય.

પાંચ શુક્ર અને શનિવારો મહિનો હોય તો શેરોમાં બંને તરફનો ફેરફાર થશે એટલે તેજી અને મંદી બન્ને થશે.

કોઇ પણ મહિનાની **સુદ ૧૫ શુક્રવારી** હોય તો મીલ શેરોમાં સારો ઉછાળો આવે.

બુધ અગર **શનિ** માર્ગી થાય ત્યારે મીલ શેરોમાં મંદીનો સારો ઝોંક આવે તેમજ પરચુરણ શેરોમાં પણ વધતા ઓછા પ્રમાણમાં મંદી થાય.

સુદ ૨ ને રોજ એટલે **ચાંદબીજ** ને રોજ જો શેરોનો બજાર તેજી જણાય તો આખો સુદ પક્ષ એટલે પુનમ સુધી બજાર તેજીમાં રહેશે અથવા મજબુત રહેશે.

પ્રોમીસરી નોટસ—સુર્ય અશ્લેષા નક્ષત્રમાં આવે તો પ્રોમીસરી નોટસના ભાવ તેજી થાય.

શણ, સુતર, કાપડ, કપાસમાં મોટી વધઘટના ખાસ સંજોગો.

શુક્ર અથવા **શનિ** વક્રી થાય ત્યારે ચારે ચીજોમાં સારી તેજી આવી પાછળથી મંદી થાય.

તુલા રાશિનો મંગળ થાય ત્યારે શણ, સુતર, કપાસમાં સારી તેજી થાય.

ધન સંક્રાંતિ બેસે અગર **ધન**રાશિનો મંગળ થાય ત્યારે કપાસ સુતરના ભાવમાં સારી તેજી થાય.

વૃશ્ચિક સંક્રાંતિ બેસે ત્યારે ગરમ કાપડ મોંઘું થાય.

રોહીણી પર શનિ આવે ત્યારે દરેક કાપડ તથા સુતર, શણ મોંઘુ થાય.

ગુરૂ **શુક્ર** ચૈત્ર મહિનામાં જો એક રાશિપર ભેગા થાય તો સુતરનો સંગ્રહ કરવાથી બીજે મહિને મોટો લાભ મળે.

ગુરૂ અગર **શનિ** ભાદરવા વદ ૮ ના રોજ જો વક્રી થાય તો સુતર ઘણું મોંઘું થાય.

મિથુન રાશિનો શુક્ર થાય ત્યારે ચારે ચીજોમાં સારી મંદી જણાય.

પુનર્વસુનો બુધ થાય ત્યારે ચારે ચીજોના ભાવો ઘણા મંદા થાય અગર માલનો ઉઠાવ થાય નહિ.

રોહીણીનો સૂર્ય અગર મંગળ થાય તો સુતર, શણ, કપાસના ભાવ ઉંચા જાય.

કારતક શુદ ૧૫ ને ભરણી નક્ષત્ર બે પહોર હોય તો કપાસનો ભાવ ઘણો મોંઘો થાય.

ભાદરવા શુદ ૮ ને મૂળ નક્ષત્ર હોય અને તે દિવસે રવિ કે સોમવાર હોય તો પાંચ મહિના સુધી સુતરનો ભાવ મોંઘો રહે, અગર તેજી રહે.

ભાદરવા વદ પક્ષમાં શનિ રાહુ એક રાશિપર આવે તો શણ સુતરનો ભાવ ઘણો તેજી થાય.

આસો વદ ૮ ને રોજ ગુરૂ કે શનિ વક્રી હોય તો સુતરનો ભાવ ખાસ કરીને તેજી થાય.

આસો વદ પક્ષમાં શનિ, રાહુ એક રાશિપર આવે તો શણ અને સુતરના ભાવ ઘણા ઉંચા જાય.

ઘઉંમાં મોટી વધઘટના ખાસ સંજોગો.

વૃષભ અથવા વરખ સંક્રાંતિ શનિવારી બેસે ત્યારે એકદમ તેજી થાય.

સિંહ અગર કન્યાનો મંગળ થાય ત્યારે સારી તેજી થાય.

મંગળનો અસ્ત થાય તો ભારે તેજી થાય. ૦ાા–૧ ટકો તેજી થાય.

તુલાનો સૂર્ય થાય તો લગભગ ૦ાા ટકો તેજી થાય.

શતતારા યા શતભીષા નક્ષત્રપર ગુરૂ અને ચિત્રાપર મંગળ આવે તો ચારે ખંડમાં ઘઉં મોંઘા થઇ જાય.

ગુરૂની સાથે **શનિ** વક્રી થાય તો અથવા પોતાના સ્થાનમાં હોય તો ૯ માસ સુધી મોંઘા વેચાય.

માગશર, પોષ કે **ફાગણ** માસમાં શુદમાં તિથિ ઘટે ને નક્ષત્ર વધે તો ઘઉં, જવમાં બીજે મહિને સારો લાભ થાય.

કોઇ પણ **માસની પુનમ** વધે તો ભાવ મંદા જાય.

મીન રાશિનો બુધ અગર શુક્ર થાય તો સારી મંદી થાય.

ગુરૂ અગર **બુધ** વક્રી થાય ત્યારે ભાવ ઘટી જાય અને બંને સાથે વક્રી હોય તો જરૂર સારી મંદી થાય.

કંઇ કંઈ જાણવા જોગ.

કારતક સુદ ૧ અને **ફાગણ સુદ ૧** રવિ, મંગળ, બુધ કે શનિવારી હોય તો સર્વે જણસોના ભાવ વધે, જેમાં રૂ તથા તેલના ભાવ ઘણા વધે.

પોષ સુદ ૧૫ ને **પુષ્ય નક્ષત્ર** હોય તો પોષવદ ૧ થી પોષ વદ ०)) સુધી રૂના ભાવ ઘણા વધે.

ચૈત્ર વદ ૧ થી વૈશાખ સુદ ૧૫ સુધી જે ચીજનો ભાવ તેજી હોય તે તેજી અને મંદી હોય તો મંદી જાણવો.

કારતક થી **વૈશાખ** સુધીમાં જે માસ શુક્રવારો બેસે અને તેજ દીવસે જો બીજ ઉગે તો રૂનો ભાવ એક માસ સુધી વધે.

આસો વદ ૧૪ ને રવિવાર હોય તથા તેજ દીવસે દીવાળી હોય તો રૂ, ચાંદી વેચીને વેપાર કરવો.

કૃતિકા નક્ષત્રમાં સૂર્ય અગર ચંદ્ર ગ્રહણ હોય તો સોનું, ચાંદી, રાતાં પરવાળાં, મણી અને માણેક ખરીદી રાખનારને સારો લાભ થાય.

એક પક્ષમાં ત્રણ બુધવાર હોય તો ઘીના ભાવ તેજી થાય.

આસોવદ ૧૩–૧૪–૦)) અને કારતક સુદ ૧ નાં વાદળાં થાય તો અનુક્રમે ચાર માસ એટલે કારતકથી માહા મહિના સુધી રૂમાં મંદી રહે.

ખાસ સુચના.

રૂ, ચાંદી, સોનું, અળસી વિગેરેની વધઘટનું પ્રમાણ આ પુસ્તકમાં બતાવેલું છે પણ તે અડસટ્ટા રૂપ છે. જેઓને ભાવના ખાસ આંક જાણવા હોય તો તે કાઢતાં હમે ઘેર બેઠાં શીખવાડીશું. પત્રવ્યવહાર નીચેને શિરનામે કરવો.

હિંમતલાલ જી. માસ્તર.

ગીરગામ બેકરોડ, મુંબઈ.

૭૫ વર્ષનો વરતારો.

આ પુસ્તકમાં ચૈત્રી સંવત ૧૯૮૦ થી માંડીને સંવ ૨૦૫૫ સુધી—ઇ૦ સ૦ ૧૯૨૩ થી ૧૯૯૮ સુધીના દરેક વરસનાં જુદા જુદા વરતારો મહિનાઓ સહિત આપવામા આવ્યો ; આ પુસ્તક માટે લાંબુ લાંબુ લખવાની કાંઇપણ જરૂર જણાતી નથી, પરંતુ એટલુંજ કહેવું પુરતું થશે કે એક ગરીબ ગરીબ માણુસના ઘરમાં પણ આ પુસ્તક હોવું જોઇએ. કિં. રૂા.

પ્રશ્નફળ.

આ પુસ્તકમાં પોતાના હરકોઇ પ્રશ્નનું ભવિષ્ય પોતાની મેળેજ સમજી શકાય તેવી જુદી જુદી સરળ અને સહેલી રીતિએ. આપેલી છે. કિં. રૂા. ૧.

નસીબના ભેદભરમ કિં. રૂા. ૦—૪—૦
સુધારાનો સપાટો કિં. રૂા. ૦—૪—૦
અરબસ્તાનની મુસાફરી કિં. રૂા. ૦—૪—૦

ઉપરની ચાર આનાની કિંમતવાળી ચોપડીઓ અર્ધો આના ટીકીટ મોકલી મંગાવી લ્યો.

હિંમતલાલ જી. માસ્તર

વીરમગામ એકરોડ,